**જ્યારે દુનિયા ગરબાના શોરમાં મગ્ન હોય છે, ત્યારે એક સાચો સાધક મૌન રહીને પોતાની ભીતરની નવરાત્રી ઉજવે છે**

# મનના મહિષાસુર પર વિજયનો અવસર

વિવિધા
ભવેન કચ્છી

નવરાત્રી એ માત્ર ઉત્સવ નથી, પરંતુ આંતરિક શુદ્ધિ, આધ્યાત્મિક જાગૃતિ અને પ્રકૃતિની ઉપાસનાનો પવિત્ર અવસર છે. આ નવ દિવસો દરમિયાન પૃથ્વી પર દૈવી શક્તિઓનું અવતરણ થાય છે તેવી ભાવકોને શ્રદ્ધા છે અને સાધક પોતાની ભક્તિથી માં અંબાને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરે છે

## શ્રદ્ધાની વિવિધતા

ગુજરાતમાં નવરાત્રિ એટલે ગરબા, રાસ, માતાજીની આરતી અને ઉપવાસ. પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા વિશાળ સામાજિક અને સાંસ્કૃતિક ઉત્સવનું સ્વરૂપ ધારણ કરે છે. ઉત્તર ભારતમાં રામલીલા અને દશેરાની પરંપરા તેની સાથે જોડાય છે. દક્ષિણ ભારતમાં ગોલુ કે બોમ્માઈ ગોલુ તરીકે ઓળખાતી પરંપરામાં પૂતળાં અને પ્રતિમાઓની ગોઠવણી કરીને દેવીપૂજા કરવામાં આવે છે. એક જ પર્વ દેશના જુદા જુદા પ્રદેશોમાં જુદાં સ્વરૂપે ખીલે છે, પરંતુ શક્તિ, ભક્તિ અને અનિષ્ટ પર શુભના વિજયનો ભાવ તેમાં જળવાય છે.

## ઋતુગત આધાર

હિન્દુ તહેવારો માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અને પ્રકૃતિ સાથે જોડાયેલા હોય છે. શરદ અને ચૈત્ર નવરાત્રી એ બે ઋતુઓનું સંધિકાળ છે (એક ઋતુ પૂરી થાય છે અને બીજી શરૂ થાય છે). આ સમયગાળામાં વાતાવરણમાં પરિવર્તન આવે છે, જેના કારણે માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે અને મન તથા શરીરમાં અસ્થિરતા આવી શકે છે.

આ શારીરિક અને માનસિક અસંતુલનને દૂર કરવા માટે ઋષિમુનિઓએ ઉપવાસ (વ્રત), સાત્વિક આહાર, ધ્યાન અને શક્તિ ઉપાસનાનો નિયમ બનાવ્યો. નવ દિવસના ઉપવાસથી પાચનતંત્ર શુદ્ધ થાય છે અને માનસિક એકાગ્રતા વધે છે.

લોકવાયકા મુજબ આપણે નવ દુર્ગાને અલગ-અલગ દેવીઓ તરીકે માનીએ છીએ. પરંતુ તાંત્રિક અને વેદાંત દર્શનમાં નવદુર્ગા બાહ્ય દેવી સ્વરૂપ તો છે જ પ્રત્યેક દેવી સાથે કોઈ મર્મ કે તત્ત્વ જ્ઞાન જોડાયેલું છે. માનવ શરીર અને ચેતનાના વિકાસના નવ ક્રમિક સ્તરો છે.

## ચેતનાના તબક્કા

જ્યારે કોઈ સાધક પોતાની ભીતર પ્રયાણ કરે છે, ત્યારે ચેતના આ નવ તબક્કામાંથી પસાર થાય છે.

**શૈલપુત્રી (સ્થિરતા અને આધાર):** પર્વત એટલે અડગતા. મનની ચંચળતા છોડીને ચેતના જ્યારે પર્વત જેવી સ્થિર બને છે, ત્યારે શૈલપુત્રી પ્રગટે છે.

**બ્રહ્મચારિણી (સંયમ અને તપ) :** ઊર્જા જ્યારે વિખેરાઈ જવાને બદલે એકાગ્ર બને છે, ત્યારે તે બ્રહ્મચારિણીનું તપરૂપ ધારણ કરે છે.

**ચંદ્રઘંટા (નાદ અને સ્પંદન) :** મસ્તક પર અર્ધચંદ્ર અને ઘંટડીનો અર્થ છે -બ્રહ્માંડનો પ્રથમ આંતરિક અવાજ (નાદ) સાંભળવો.

**કુષ્માન્ડા (બ્રહ્માંડની ઉર્જા) :** પોતાની મુક્ત પ્રસન્ના કે તેજથી સમગ્ર સૃષ્ટિને ઉર્જા આપનારું બિંદુ, જે આપણા ભીતર છુપાયેલી સર્જનશક્તિ છે.

**સ્કંદમાતા (બીજ મંત્રની શક્તિ):** ચેતના જ્યારે બીજ મંત્રને ધારણ કરે છે અને માતૃત્વ કે રક્ષણભાવ પ્રગટે છે.

**કાત્યાયની (શૌર્ય અને અહંકારનો નાશ) :** ભીતરના તમામ પશુવૃત્તિઓ અને અહંકાર સામે લડવાની તાકાત.

**કાલરાત્રી (અંધકાર અને શૂન્યતા) :** ભય અને અજ્ઞાનના અંધકારને ચીરીને નીકળતી મહાકાળીનું સ્વરૂપ, જ્યાં તમામ ભ્રમો તૂટી જાય છે.

**મહાગૌરી (પવિત્રતા અને શુદ્ધ પ્રકાશ) :** અહંકાર અને મલિનતા ધોવાયા પછી પ્રગટ થતો નિર્મળ આંતરિક પ્રકાશ.

**સિદ્ધિદાત્રી (પૂર્ણતા અને અનંતતા) :** નવ આંકડાની જેમ અહીં સાધના પૂર્ણ થાય છે અને સાધક સીમિતતામાંથી અનંતતામાં પ્રવેશ કરે છે.

## પ્રતિકાત્મક યાત્રા

આ નવ સ્વરૂપોને માનવીના આંતરિક વિકાસની પ્રતીકાત્મક યાત્રા તરીકે પણ સમજી શકાય. જીવનમાં શ્રદ્ધાથી શરૂઆત થાય, તપ અને શિસ્તનો વિકાસ થાય, પડકારોનો સામનો કરવાની શક્તિ મળે, અજ્ઞાન અને ભય સામે લડવાની હિંમત કેળવાય અને અંતે જ્ઞાન તથા આત્મવિશ્વાસ પ્રાપ્ત થાય. આ આધુનિક અર્થઘટન છે, કોઈ એક ગ્રંથમાં આપેલી અનિવાર્ય વ્યાખ્યા નહીં; છતાં નવરાત્રિના આધ્યાત્મિક ભાવને સમજવામાં તે મદદરૂપ બને છે. નવરાત્રિની નવ રાતો અંધકારનું મહિમાગાન નથી કરતી, પરંતુ અંધકાર વચ્ચે પ્રકાશની શોધનો સંદેશ આપે છે. શક્તિની ઉપાસના અહીં માત્ર બાહ્ય વિધિ પૂરતી મર્યાદિત રહેતી નથી. વ્યક્તિની અંદર રહેલા ભય, આળસ, અહંકાર અને નકારાત્મક વૃત્તિઓ સામે લડવાની પ્રેરણા પણ તેમાં રહેલી છે.



નવદુર્ગા બાહ્ય દેવી સ્વરૂપ તો છે જ પણ તેને માનવ શરીર અને ચેતનાના વિકાસના નવ ક્રમિક સ્તરોની રીતે પણ જોઈ શકાય

## નારી સન્માન

દેવીનાં નવ સ્વરૂપોની આરાધના કરતા હોઈએ ત્યારે સ્ત્રીઓ પ્રત્યેનું સન્માન, તેમની સુરક્ષા, શિક્ષણ અને સ્વતંત્રતાને પણ એટલું જ મહત્ત્વ આપવું જોઈએ. જો માતૃશક્તિની પૂજા કરીએ પરંતુ રોજિંદા જીવનમાં સ્ત્રીનું અપમાન થતું રહે, તો ઉપાસના અને વ્યવહાર વચ્ચે અંતર રહી જાય છે.

## મનોવૈજ્ઞાનિક વિકારો

નવરાત્રી દરમિયાન વંચાતો 'દુર્ગા સપ્તશતી' (દેવી માહાત્મ્ય) ગ્રંથ આપણને રાક્ષસોના વધની કથાઓ કહે છે. પરંતુ ગૂઢ દ્રષ્ટિકોણ એ છે કે આ અસુરો વાસ્તવમાં માનવ મનના મનોવૈજ્ઞાનિક વિકારો અને 'કર્મોના સંસ્કારો છે. ખરા અનિષ્ટ સમજવા જરૂરી છે જે આ પ્રમાણે છે.

**મધુ અને કૈટભ (જ્ઞાન અને અજ્ઞાનના અતિરેક) :** આ બંને ચેતનાની એ અવસ્થા છે જ્યાં મોહ અને આસક્તિ વ્યક્તિને જકડી રાખે છે.

**મહિષાસુર (હઠ, ક્રોધ અને પશુવૃત્તિ) :** મહિષ એટલે પાડો, જે જડતા અને અશ્રેષ્ઠ ક્રોધનું પ્રતીક છે. જ્યારે ક્રોધ અને વાસના અનિયંત્રિત બને છે, ત્યારે તે મહિષાસુર બને છે.

**રક્તબીજ (અંતહીન ઈચ્છાઓ):** રક્તબીજની વિશેષતા એ હતી કે તેના લોહીનું ટીપું જમીન પડે એટલે નવો રાક્ષસ પેદા થાય. આ આપણા મનની 'ઈચ્છાઓ' છે- એક ઈચ્છા પૂરી થાય ત્યાં બીજી હજાર ઈચ્છાઓ જન્મે છે. દેવી દ્વારા કાળીજીની જીભ ફેલાવવી એ દર્શાવે છે કે ઈચ્છાઓના મૂળને જ શોષી લેવું પડે છે,
માત્ર ડાળીઓ કાપવાથી કામ નથી ચાલતું.

## રી- બુટ સિસ્ટમ

નવરાત્રી માત્ર નવ દિવસનો તહેવાર નથી, પરંતુ તે માનવ માત્ર માટે પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલી એક એવી રિ-બૂટ (Re-boot) સિસ્ટમ છે, જે આપણને બાહ્ય દોડધામથી રોકીને ભીતર તરફ વળવાની તક આપે છે. જ્યારે દુનિયા ગરબાના શોરમાં મગ્ન હોય છે, ત્યારે એક સાચો સાધક મૌન રહીને પોતાની ભીતરની 'ગુપ્ત નવરાત્રી' ઉજવે છે.

આ નવરાત્રી આપણે પણ બાહ્ય ઉપાસનાની સાથે-સાથે આપણા અંદરના મહોલ્લામાં ડોકિયું કરીએ, મનના મહિષાસુર અને રક્તબીજ જેવી વાસનાઓને ઓળખીને તેને દૈવી ચેતનામાં રૂપાંતરિત કરીએ - દુર્ગાપૂજાનો આ જ સૌથી મોટો અને અકથિત સંદેશ છે.

## બીજનો વિકાસ

ઘટસ્થાપના અથવા કળશસ્થાપન સાથે બીજ વાવવામાં આવે છે. દિવસો દરમિયાન તેમનો વિકાસ જોવામાં આવે છે અને ઉગેલા અંકુરોને શુભતાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ પરંપરામાં પ્રકૃતિ, કૃષિ, જીવનની વૃદ્ધિ અને દેવીશક્તિ વચ્ચેનો સંબંધ દેખાય છે.

ભારતીય સંસ્કૃતિમાં અનાજ માત્ર ખોરાક નથી; તે સમૃદ્ધિ, જીવનનિર્વાહ અને પ્રકૃતિની કૃપાનું પ્રતીક પણ છે. વરસાદ, જમીન, બીજ અને ખેડૂતના પરિશ્રમ વિના જીવન શક્ય નથી. નવરાત્રિમાં નવધાન્યની પરંપરાને આ દ્રષ્ટિએ જોઈએ તો તે પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો માર્ગ પણ બંને છે.

આધુનિક સમયમાં પર્યાવરણની ચર્ચા વધતી જાય છે ત્યારે આ પરંપરામાંથી એક વ્યવહારુ સંદેશ મેળવી શકાય : પ્રકૃતિને માત્ર ઉપયોગમાં લેવાની વસ્તુ નહીં, પરંતુ જીવનના આધાર તરીકે જોવી જોઈએ.

## હવનનું વિજ્ઞાન

નવરાત્રીના ઉત્સવમાં મહાઅષ્ટમી અને મહાનવમીનું સ્થાન સર્વોપરી છે. શાસ્ત્રોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે નવ દિવસના ઉપવાસ, જપ અને દેવી ભાગવત અથવા દુર્ગા સપ્તશતીના પાઠનું ફળ ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે અષ્ટમી કે નવમીના દિવસે શાસ્ત્રોક્ત વિધિથી હવન (યજ્ઞ) કરવામાં આવે.

દેવી ભાગવત પુરાણ અને અગ્નિ પુરાણ અનુસાર, અગ્નિ એ દેવોનું મુખ છે. હવનકુંડમાં મંત્રોચ્ચાર સાથે આપવામાં આવતી આહુતિઓ સીધી દેવી-દેવતાઓ સુધી પહોંચે છે.

દુર્ગા સપ્તશતીના 'પ્રાધાન્ય રહસ્ય' અને 'વૈકૃતિક રહસ્ય'માં હવન માટેની વિધિઓ જણાવવામાં આવી છે. દેવીને પ્રસન્ન કરવા માટે મધ, ઘી, તલ, જવ, સાકર અને પવિત્ર સમિધાઓ (આંબો, પીપળો વગેરેના લાકડા)ની આહુતિ અપાવાય છે.

હવન માત્ર ધાર્મિક ક્રિયાકાંડ નથી, પરંતુ તે અત્યંત શક્તિશાળી વાતાવરણીય અને શારીરિક શુદ્ધિકરણની વૈજ્ઞાનિક પદ્ધતિ છે :

**વાતાવરણની શુદ્ધિ :** ઘી, કપૂર, ગૂગળ, ચંદન અને ઔષધિઓ (હવન સામગ્રી) જ્યારે અગ્નિમાં પ્રજ્વલિત થાય છે, ત્યારે તેમાંથી નિકળતો ધુમાડો હાનિકારક બેક્ટેરિયા, વાયરસ અને ફંગસનો નાશ કરે છે. તે વાતાવરણને એન્ટિસેપ્ટિક બનાવે છે.

**શારીરિક સ્વાસ્થ્ય અને ન્યૂરોલોજીકલ અસરો :** હવન કુંડની આસપાસ બેસીને મંત્રોચ્ચાર સાથે શ્વાસ લેવાથી નાસિકા માર્ગ શુદ્ધ થાય છે અને ફેફસાં પર હકારાત્મક અસર પડે છે. મંત્રોના ધ્વનિ તરંગો અને અગ્નિની ઉર્જા માનસિક તનાવ દૂર કરીને મનને ગાઢ શાંતિ પ્રદાન કરે છે.

ઊર્જાનું સંતુલન : નવરાત્રીના નવ દિવસ દરમિયાન શરીરમાં જે આધ્યાત્મિક ઉર્જા જાગૃત થઈ હોય છે, હવનના માધ્યમથી તે ઉર્જા સમગ્ર શરીરમાં સંતુલિત અને સ્થિર થાય છે. અષ્ટમીનો હવન એ સાધનાની પૂર્ણાહુતિ અને દેવી કૃતાજ્ઞતા વ્યક્ત કરવાનો પરમ અવસર છે.

## કર્મનો સમય

નવરાત્રિની નવ રાતો પૂરી થાય છે અને દશેરાનો દિવસ આવે છે. આ ક્રમમાં પણ એક સુંદર પ્રતીક જોઈ શકાય છે ઉપાસના પછી કર્મનો સમય આવે છે. શ્રદ્ધા પછી વ્યવહારની કસોટી આવે છે. દીવો પ્રગટાવવો સહેલો છે, પરંતુ જીવનમાં પ્રકાશ જાળવી રાખવો વધુ મહત્ત્વનો છે.

ભારતીય સંસ્કૃતિની સાચી સમૃદ્ધિ માત્ર તેની પ્રાચીન પરંપરાઓની સંખ્યામાં નથી, પરંતુ એ પરંપરાઓમાંથી આજના જીવન માટે કેટલું જ્ઞાન, કરુણા અને સમજણ મેળવી શકીએ તેમાં છે.

નવ રાતની ઉપાસના અંતે જો આપણા જીવનમાં થોડી વધુ સંવેદના, થોડો વધુ સંયમ અને બીજાને સમજવાની થોડી વધુ શક્તિ ઉમેરાય, તો નવરાત્રિની ઉજવણીના અર્થ વધુ ગહન બને. નવરાત્રી માત્ર ધાર્મિક તહેવાર નહીં , પરંતુ જીવનને અનેક દ્રષ્ટિકોણથી જોવાની ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાનું પ્રતીક બની રહે છે. ■

# જીત જેવી જીત પણ દેવી જ છે જ્યાં દાનમાં
# ત્યાંય ઊતરવું પડે છે યુદ્ધના મેદાનમાં

યહી હે જિંદગી
મહેશ યાજ્ઞિક

બધા ચાર રસ્તા પર નવરાત્રિના રાસ-ગરબા માટે પાર્ટી પ્લોટની જાહેરાતના વિશાળ હોર્ડિંગ્ઝ હતાં, છતાં એની સામે નજર કર્યા વગર જયેશ બાઈક ચલાવી રહ્યો હતો. વિદાય લેતી વર્ષાઋતુના છેલ્લા ચમકારાની જેમ અટકી અટકીને ઝરમર વરસાદ વરસી રહ્યો હતો.

શોપિંગ સેન્ટરના પાર્કિંગમાં એણે બાઈક મૂકી દીધી. નીચેના માળ પર બધા શોરૂમ્સ હતા. ઉપરના માળ પર ઓફિસો હતી. આખો ચોથો માળ ઓર્થોપેડિક હોસ્પિટલનો હતો. ત્યાં જવા માટે જયેશ લિફ્ટમાં ઘૂસ્યો.

ગઈકાલે સાંજે રમણિકને અકસ્માત થયો હતો. સ્ટાફના બીજા બધા તો દિવસ દરમિયાન વારાફરતી આવીને ખબર કાઢી ગયા હતા. જયેશની વાત અલગ હતી. એના માટે રમણિક માત્ર સહકર્મચારી નહોતો, નાનપણનો મિત્ર હતો. ગામડાની ધૂળિયા શેરીમાં સાથે ધીંગામસ્તી કરીને બંને મોટા થયાં હતાં. શાળાજીવન સમયે સાથે લેશન કરતા હતા. એકબીજાના ઘેર અધિકારપૂર્વક જમી શકાય એવી પાક્કી દોસ્તી હતી.

સેમિ સ્પેશ્યલ રૂમમાં બે દર્દીની જોગવાઈ હતી, પણ અત્યારે રમણિક એકલો હોવાથી મોકળાશ હતી. 'ઊભા ઊભા આવીને ખબર પૂછીને ભાગવાને બદલે તું શાંતિથી બેસાય એ રીતે આવીશ એવી ખાતરી હતી. મેં હમણાં જ સૌમિલને કહ્યું કે 'તારો જયેશકાકો હવે ગમે તે ઘડીએ પડશે.' રમણિકનો પુત્ર સૌમિલ દસમા ધોરણમાં હતો. એ પોતાના અભ્યાસના પુસ્તકો સાથે લઈને હોસ્પિટલમાં રોકાયો હતો.

જયેશ રમણિક સામે જોઈ રહ્યો. બંને પગના નળા ભાંગી ગયા હતા, એટલે પૂરા પ્લાસ્ટરથી ઢંકાયેલા હતા. પગ બાંધીને લટકાવેલા હતા. અકસ્માત બહુ વિચિત્ર રીતે થયો હતો. રમણિકનું સ્કૂટર ફંગોળાઈ ગયું હતું અને ટ્રકની આગળનું પૈડું રમણિકના બંને પગ ઉપર ફરી વળ્યું હતું. બાકી આખા શરીરે કોઈ ઈજા નહોતી થઈ.

'સાચું કહું, જયલા? તારી જ રાહ જોતો હતો. તું આવી ગયો એટલે મને ધરપત થઈ.' રમણિકે સૌમિલ સામે જોયું. 'સૌમુ, હવે જયેશકાકા બેઠા છે. તારે ફ્રેશ થવું હોય તો અડધો કલાક આજુબાજુમાં આંટો મારી આવ.'

પુસ્તકો વ્યવસ્થિત મૂકીને સૌમિક બહાર ગયો એ પછી રમણિકે જયેશ સામે જોયું. 'પેલો એજન્ટ ઑફિસમાં આવ્યો અને તમે બધાએ મેડિક્લેઈમની પોલિસી લીધી ત્યારે મેં મૂર્ખામી કરેલી. પછી લઈશ એમ વિચારીને એ વીમો લીધો નહીં, પણ હવે ભાલે ભરાણા પછી પારાવાર પસ્તાવો થાય છે. આ સૌમિલના ટ્યૂશનના પૈસાય માંડ માંડ ચૂકવ્યા. જે કંઈ બચત હતી તે વત્તા સ્ટાફની ક્રેડિટ સોસાયટીની લોન - એ બધુંય ફ્લેટના રિપેરિંગમાં નાખી દીધેલું...' એનો ગંભીર અવાજ વધુ ગંભીર બન્યો. 'ઓફિસના દેસાઈસાહેબ આ ડૉક્ટરના કંઈક સગા થાય છે. એમણે કાલે રાત્રે વાત કરી દીધેલી એટલે એડવાન્સ પૈસા ભરવા નથી પડ્યા, પણ દસ દિવસ પછી રજા આપશે ત્યારે બધા પૈસા ચૂકવવા પડશે.' એણે લાચાર પણ આશાભરી નજરે જયેશ સામે જોયું. 'બધું થઈને લગભગ નેવું હજાર આપવા પડશે. બધો આધાર તારા ઉપર છે. તારે ગમે તેમ કરીને આટલી જોગવાઈ કરવી પડશે.'

જયેશ વિચારમાં ડૂબી ગયો. રમણિકે એના દીકરાને બહાર મોકલ્યો એ પળે જ જયેશને ખ્યાલ આવી ગયો હતો કે રમણિક પૈસાની વાત કરશે.

'એક કામ કર...' રમણિક સામે જોઈને જયેશે જવાબ આપ્યો. 'તું વસંતભાઈને વાત તો કરી જો.'

જવાબ આપવાના બદલે જયેશે જાણે સળગતું લાકડું અડાડી દીધું હોય એમ રમણિક ભડક્યો. 'અલ્યા, બધી ખબર છે તોય ખોટી સલાહ કેમ આપે છે ?' ઉશ્કેરાટથી એ બબડ્યો. 'હરીફરીને બે ભાઈ છીએ. સગ્ગો મોટો ભાઈ બંગલામાં રહે છે, કારમાં ઘૂમે છે અને હું ? હાઉસિંગના ફ્લેટમાં રહીને ખખડી ગયેલું સ્કૂટર વાપરું છું. નોકરી મળી એટલે આપણું ગામ છોડીને અમદાવાદ આવી ગયો. એ પછી એ વસંતિયો અને એની વંતરીએ બાપાને પટાવી પટાવીને ફોલી ખાધી. ત્રણ વર્ષ પછી બાપા દેવલોક પામ્યા એટલે હું ગામડે ગયો ત્યાં સુધીમાં તો એ ધણી-ધણિયાણીએ બધુંય એમના નામે કરી નાખ્યું હતું !'

સહેજ અટકીને એણે ઉમેર્યું. 'એક્સિડન્ટ થયો કે તરત સ્ટાફના કોઈકે ફોન કરેલો એટલે એ બંને હોસ્પિટલમાં આવીને દસ મિનિટ રોકાયા. સવારે ઓપરેશન થયું ત્યારેય વસંતિયો એની વંતરીને લઈને આવેલો. લોકલાજે આવવું પડે એટલે મોઢું દેખાડવા એ બંને પધારેલા... જયલા ! આપણા સ્ટાફના એકેએક માણસે ઈવન પટાવાળા કાંતિએ પણ કહેલું કે કંઈ કામકાજ હોય તો કહેજો. ભલે કહેવા ખાતર કહ્યું હશે, તોય બધાએ એટલો વિવેક તો દેખાડ્યો. અને આ ભાઈ-ભાભી ?...'




રમણિકના અવાજમાં ઉશ્કેરાટ ભળ્યો. 'હાથ હલાવતાં ત્રાહિતની જેમ આવ્યાં ને જતાં રહ્યાં ! મને, મારી બૈરીને કે સૌમિલને મદદ કરવા માટે કંઈ પૂછ્યું પણ નહીં !'

એણે ચિડાઈને જયેશ સામે જોયું. 'આવો એમનો વ્યવહાર છે, તોય તું એમની પાસે હાથ લંબાવવાનું કહે છે? જયલા, મારી વાત સાંભળ. મૂવા આ ટાંટિયા કપાવી નાખવા પડે તોય હું એમનું ડાચું નહીં બોલાવું. મારેય નાક જેવું છે. મારું બૈરું વટનો કટકો છે. એનેય આ બંનેનો પૂરો પરિચય છે એટલે હું મરતો હોઉં તો પણ એ એમના આશરે ના જાય. તારા જેવા દોસ્તારોની મદદ હકથી માગે, પણ એમનો ઉંમરો ના ચડે.'

એક સાથે આટલું બોલવાનો થાક લાગ્યો હોય એમ એ અટક્યો. થોડી વાર પછી એમના ચહેરાની તંગદિલી હળવી થઈ. 'તું તો અમારા બંને ભાઈઓ સાથે રમેલો છે. વસંતભાઈ પહેલા આવા નહોતા. પેલી વંતરીને પરણ્યા પછી એ બદલાઈ ગયા. કોણ જાણે એ ડાકણે કેવો જાદૂ કર્યો કે વસંતલાલ પાણી પણ એને પૂછીને પીવે છે ! નાનાભાઈની દશા એમનાથી અજાણી નથી. મનથી તો એ મદદ કરવા ઈચ્છતા હોય, પણ પેલી રૂપસુંદરી રજા આપે તો ને ?

વસંતલાલનો રિમોટ એ વંતરીના હાથમાં છે. લાખ્ખો રૂપિયાનો આસામી છે અત્યારે એ તોય મારા માટે નેવું હજાર આપવાની એમનામાં હિંમત નથી. પેલીથી ફફડે છે. એની સામે મોઢું ખોલવાની તાકાત નથી, એટલે લાચાર થઈને જીવ બાળતા હશે.'

રમણિકે નિરાશાથી માથું ધૂણાવ્યું. લટકતા બંને પગ સામે નજર કરી. એ પછી લાચાર નજરે જયેશ સામે જોયું. 'મારી વાત સાંભળી લે. એ વસંત અને વીણાને વાત નથી કરવાનો. ધાર્યું હોત તો હોસ્પિટલ આવ્યા ત્યારે એમણે મને કે મારી બૈરીને વિવેક ખાતરેય પૂછી શક્યા હોત ને ? પણ એમણે પૂછ્યું નથી એટલે આપણે સમજી લેવાનું. જયલા, તારી ક્રેડિટ સોસાયટીની લોન ચાલુ નથી એટલે કાલે જ અરજી આપી દે. અહીંથી રજા આપે એ અગાઉ ગમે તેમ કરીને પણ તારે નેવુંહજારની જોગવાઈ કરવાની છે. બેન્કમાં એફ.ડી. પડી હોય ને એના ઉપર લોન મળે એવું હોય તો એવી રીતે મેળ પાડજે.'

સૌમિલ બહારથી આવીને પાછો ભણવા બેસી ગયો એટલે આર્થિક ચર્ચા અટકી. એકાદ કલાક બેસીને જયેશ ઊભો થયો. રમણિકના ખભે હાથ મૂકીને એણે ધરપત આપી કે ચિંતા ના કરતો, કામ પતી જશે.

બહાર ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. જયેશ ઘેર જઈને જમ્યો અને ટીવીની સામે બેઠો એ જ વખતે ડોરબેલ રણકી. જયેશે ઊભા થઈને બારણું ખોલ્યું.

બહાર વરસાદનું જોર વધ્યું હતું. ધોધમાર વરસાદ વચ્ચે વસંતભાઈ અને એમના પત્ની વીણાબહેનને આવેલા જોઈને જયેશને નવાઈ લાગી.

'આ તમારા ભાઈનું મગજ એમના નાનાભાઈ માટે ખાટું થઈ ગયું છે...' વસંતભાઈ તરફ ઈશારો કરીને વીણાબહેને સીધી વાત શરૂ કરી દીધી. 'પણ મને તો દિયર માટે લાગણી હોય ને ? મેં એમને સમજાવ્યા. કહ્યું કે સ્વભાવ તોંકલો છે, એટલે રમણિકભાઈ ખોટી ટણીમાં રહે છે, એ છતાં એ તમારો નાનો ભાઈ છે...'

જયેશની સામે જોઈને વીણાબહેન સ્પષ્ટતા કરી રહ્યાં હતાં. 'બાપાની મિલકત અમે ધૂતી લીધી છે એવી ગેરસમજ એમના મગજમાં ઘર કરી ગઈ છે. એ મુદ્દે ચોખવટ કરવાને બદલે મનમાં ને મનમાં ડંખ રાખીને એ ધૂંધવાયા કરે છે. જયેશભાઈ, ઈશ્વર સાક્ષી છે કે અણહકનો એક રૂપિયો પણ અમે નથી લીધો. અમદાવાદ આવીને ધંધો કર્યો અને

> **વસંતભાઈ પહેલા આવા નહોતા. પેલી વંતરીને પરણ્યા પછી એ બદલાઈ ગયા. કોણ જાણે એ ડાકણે કેવો જાદૂ કર્યો કે વસંતલાલ પાણી પણ એને પૂછીને પીવે છે!**

ધંધાની લાઈન ફળી એમાં ખૂબ કમાયા છીએ. એને લીધે રમણિકભાઈ એવું જ માની બેઠા છે કે આ બધું બાપાના માલમાંથી જ મળ્યું છે !' વીણાબહેનના અવાજમાં પારદર્શક નિખાલસતા સાથે લાગણી છલકાતી હતી. 'જયેશભાઈ, એમની શંકા દૂર કરવાની કોઈ જાદૂઈ લાકડી તો અમારી પાસે છે નહીં અને એ ટણી પકડીને બેસી રહ્યા છે...'

જયેશ સામેથી નજર હટાવીને વીણાબહેને વસંતભાઈ સામે જોઈને ઈશારો કર્યો.

વસંતભાઈએ બ્રીફકેસ ખોલીને પાંચસો-પાંચસોની નોટના બે બંડલ જયેશના હાથમાં પકડાવ્યા.

'જયલા, એનું થોબડું વાંચીને એની દશા પારખી લેવાની આવડત છે મારામાં. મોટોભાઈ છું ને ?...' વસંતભાઈએ જયેશને સમજાવ્યું. 'એને હું ઓળખું છું. ટણીમાં ને ટણીમાં એ ભૂખ્યો મરે તોય મને કહે નહીં એવો એ ઘનચક્કર છે. સ્ટાફના કોઈકની સાથે એ ક્રેડિટ સોસાયટીની વાત કરતો હતો, એ મારા કાને પડેલું. મેં જો એ જ વખતે આ લાખ રૂપિયા આપવાનું કહ્યું હોત તો એ વટનો માર્યો ગાજર ખાત... ધડ દઈને મને ના પાડી દેત.'

લગીર અટકીને એમણે આગળ સમજાવ્યું. 'હવે તારે શું કરવાનું છે સમજી લે. અમારું નામ વચ્ચે ના આવે એ રીતે જાણે તું જ એને ઉછીના આપતો હોય એમ આ રૂપિયા એ ડફોળને આપી દેજે. એને કહેજે કે પાછા આપવાની કોઈ ઉતાવળ નથી. બીજી એક ખાસ શરત કરીને એને કહેજે કે ટૂકડે ટૂકડે પૈસા પાછા આપવાના નથી, તારી પાસે લાખ રૂપિયા એક સાથે પાછા આપવાની જોગવાઈ થાય, ત્યારે જ એક સાથે પાછા આપજે...'

એમણે હસીને ઉમેર્યું. 'તું આવી શરત મૂકીશ એટલે લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં એને વરસ કે દોઢ વરસ તો લાગશે જ. ત્યાં સુધીમાં એની ટણી પણ લગીર ઓછી થઈ ગઈ હશે. એ જ્યારે લાખ રૂપિયાની વ્યવસ્થા કરીને તને પાછા આપવા આવે ત્યારે તું ફોડ પાડીને કહી દેજે કે તારે આ પૈસા પાછા આપવાના નથી, આ તો વસંતભાઈએ જ તારા માટે આપ્યા હતા...!'

એ બોલતા હતા. બહાર વરસાદ ચાલુ હતો અને આ ઓરડામાં ભાતૃપ્રેમની હેલી વરસતી હતી. જયેશ એ વસંતિયા અને વંતરી સામે સુખદ આશ્ચર્યથી તાકી રહ્યો હતો.

(શીર્ષક પંક્તિ : લેખક)

# લક્ષ્ય પ્રાપ્તિ



**વહેતું જીવન**
**ડૉ. હર્ષદ કામદાર**

'સપના, તારે તો ગ્રેજ્યુએટ થઈને પણ ઘર જ ચાલાવવાનું છે, તો પછી આગળ ભણવાની શું જરૂર છે ?' સપનાના સસરા મહેશભાઈએ કહ્યું.

'પપ્પા, મારે તો બહુ જ ભણીગણીને આઈ.પી.એસ. ઓફિસર થવું છે.' સપનાએ જવાબ આપ્યો. 'પછીથી મહિલાઓની સુરક્ષા માટે સેવા કરવી છે.'

'તો અહીં ઘરનું ધ્યાન કોણ રાખશે ? ભણવાનું બંધ કરવું જ પડશે.' મહેશભાઈ મક્કમ હતા.

સપના હોશિયાર અને મહત્ત્વાકાંક્ષી છોકરી હતી. ગ્રેજ્યુએટ થતાં તેના માબાપે તેના લગ્ન શેખર સાથે કરી નાખ્યા. શેખર અને સપના લગ્ન પછી એકબીજાના પ્રેમમાં તરબોળ હતા, પણ શેખરના માબાપ રૂઢીચુસ્ત અને જુનવાણી વિચારધારાના હતા.

સસરા અને વહુના વાદવિવાદમાં શેખર શું બોલે? સપનાએ શેખર સામે જોયું, પણ તે તેના પપ્પા સામે થવા માંગતો નહોતો. સપના મૂંઝાઈ, હવે કરવું શું ? તેને શેખરના પ્રેમમાં કોઈ શંકા ન હતી, પણ આ બાબતે તેણે ટેકો તો આપવો જોઈએ ને !

અંતે સપનાએ છુટા થવાનું નક્કી કરી, ફેમીલી કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી દીધી.

પોતાને પિયર પહોચી સપના પોતાના લક્ષ્ય માટે તડામાર તૈયારી કરવા લાગી. એકધારી મહેનત અને હોંશિયારી રંગ લાવી. સપના અંતે આઈ.પી.એસ.માં સફળ થઈ ગઈ અને તેનું પોસ્ટીંગ અમદાવાદ - વેસ્ટઝોનમાં એ.સી.પી. તરીકે થયું.

**'શેખર, તું કેમ સપનાં મેડમની ખેંચખેંચ કરે છે. તારે ને એને શું સંબંધ છે?'**

શેખરને ગ્રેજ્યુએટ થયા પછી માંડમાંડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર - પી.એસ.આઈ.ની નોકરી અમદાવાદમાં મળી. તેનું પોસ્ટીંગ પણ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં થયું.

નવા મહિલા એ.સી.પી. સપના મેડમ બહુ જ કડક અને લાંચરૂશ્વત વગરના શુધ્ધ હતા. આખો પોલીસ સ્ટાફ તેમનાથી ડરતો રહેતો. બધા જ પોલીસ સ્ટેશનથી ઈન્સ્પેક્ટરો અને સબઈન્સ્પેક્ટરો નવા એ.સી.પી. મેડમને મળી સલામી મારી આવ્યા, પણ શેખર ત્યાં ગયો જ નહીં. બધા સ્ટાફના તેને પુછવા લાગ્યા, 'શેખર, તમે કેમ નવા મેડમને મળવા ન ગયા.' શેખરે કોઈ જવાબ ન આપ્યો. કોઈને ખબર નહોતી કે ત્રણ વરસ પહેલા મેડમ સપનાના લગ્ન શેખર સાથે જ થયેલા હતા. બન્ને વચ્ચે છૂટાછેડાનો કેસ ચાલતો હતો, પણ હજી ફેંસલો આવ્યો ન હતો, શેખરે હજી તેમાં સહી કરી નહોતી. તેને મનમાં હજી પણ સપના માટે એટલો જ પ્રેમ ઉભરાતો રહેતો હતો.

આખા વિસ્તારમાં દારુ અને જુગારના અડ્ડા ખુલ્લે આમ ચાલતા રહેતા. તેના હપ્તા આખા પોલીસ સ્ટાફ અને છેક એ.સી.પી. સાહેબ સુધી પહોચી જતા. સહુ આ ઉપલી આવકથી ખુશ હતા.

નવા મેડમે કોઈપણ લાંચ કે હપ્તો લેવાની સખત શબ્દોમાં ના પાડી દીધી. દારૂ અને જુગારની બદીથી કુટુંબમાં મહિલાઓ કેટલી બધી હેરાન થાય છે, તેનો તો વિચાર કરો. બધા પોલીસ સ્ટાફ ચિંતામાં પડી ગયા.

ઈન્સ્પેક્ટર વાઘેલા સાહેબે મેડમની બુરાઈ કરતા કહ્યુ 'આ બધા ઢોંગ છે, મેડમ નખરા કરે છે.'

શેખર આ સાંભળી રહ્યો હતો. બીજા હવાલદારે કહ્યું. 'હવે શું કરવું છે ?'

વાઘેલા સાહેબે કહ્યું, 'તેને વધારે હપ્તો જોઈતો લાગે છે, હજુ નવી જ પોસ્ટીંગ છે, એટલે લાલચ વધારે છે.'

શેખર ચિડાયો, 'સાહેબ, મેડમ વિષે એલફેલ ના બોલો. તે બિલકુલ શુધ્ધ વિચારો ધરાવતી મહિલા અધિકારી છે.'

કોઈને તેમના જુના પતિપત્નીના સંબંધોની ખબર ન હતી, છૂટાછેડાનો કેસ ચાલુ હતો, પણ હજુ કોર્ટમાં છુટા થયા નહોતા.

તરત જ વાઘેલા સાહેબે ગુસ્સે થઈને કહ્યું 'શેખર, તું કેમ સપનાં મેડમની ખેંચખેંચ કરે છે. તારે ને એને શું સંબંધ છે?'

હવે શેખર બગડ્યો, 'તમારે એ જાણીને શું કામ છે ?' તેને અને ઈન્સ્પેક્ટર વાઘેલા સાહેબ અને બીજા પોલીસ સ્ટાફને જબરજસ્ત બોલાચાલી અને વિવાદ થઇ ગયો.

વાત વહેતી વહેતી સપના મેડમ સુધી પહોચી, તેમણે તરત જ શેખરને મોબાઈલ જોડ્યો, 'શેખર, તું મારા માટે શા માટે લડાઈ કરે છે, હવે આપણે તો છૂટા થઇ રહ્યા છીએ.'

'સપના, ભલે આપણે મારા માબાપને કારણે છુટા થયા, પણ મને હજુ તારા પ્રત્યે એટલો જ પ્રેમ, લાગણી છે, અને રહેશે.' કહેતાં કહેતાં શેખર ભાવુક થઇ ગયો. પોલીસ સ્ટેશનના સ્ટાફે અને વાઘેલા સાહેબે ઉપલી આવક બંધ થતા

|| અનુસંધાન પાના નં.૦૮ પર ▸

# જગદંબાને કાર્યમાં રસ હોય છે, 'કાર્યક્રમો'માં નહીં

**એક જ દે ચિનગારી**
**શશિન્**

એક શિષ્યે સ્વામી રામકૃષ્ણ પરમહંસને પૂછ્યું : 'જગતમાં તો કરોડો અબજોની સંખ્યામાં લોકો વસેલા છે. આપણે દેવીની ઉપાસના કરીએ તો દેવીને કેવી રીતે ખબર પડે કે આપણે તેને સાદ કરી રહ્યા છીએ ?'

રામકૃષ્ણ પરમહંસને હસવું આવ્યું અને એમણે શાંતિપૂર્વક કહ્યું : 'ભાઈ, તમે ઘરમાં જોયું હશે કે માતાને બે-ચાર સંતાનો હોય છે. એકને માતા-રમકડું આપે છે, તો બીજાને મિઠાઈ, ત્રીજાને વળી કોઈ ઘરેણું આપીને રિઝવે છે. બાળકને એ બધી ચીજ વસ્તુઓ મળી જાય છે, પછી માતાને ભૂલી રમતમાં મશગૂલ થઇ જાય છે. માતા પણ કામમાં પરોવાઈને બાળકની ચિંતા કરતી નથી.' ... પણ કોઈ કારણસર બાળક ચીજ-વસ્તુને ફેંકીને માતાનું નામ લેતું રડવા લાગે છે, માતાને પોકારે છે કે તરત જ માતા પોતાનું કામ પડતું મૂકીને બાળક પાસે દોડી આવે છે, એને છાનું રાખે છે, એને મનાવે છે...

તેવી જ રીતે લોકો પણ સંસારના કારોબાર તથા ગર્વમાં ડૂબીને જગદંબાને, દેવીને ભૂલી જાય છે. પરંતુ જ્યારે તેઓ આકર્ષણોથી મુક્ત થઇ દેવીને પોકારે છે, ત્યારે દેવી તરત જ સંતાનના અવાજને પારખીને તેની પાસે હાજર થઇ જાય છે. અને પોતાની ગોદમાં બેસાડીને વહાલ કરીને મનાવી લે છે. સંસારમાં રહ્યા છતાં સંસારથી અલિપ્ત રહો, તો ઈશ કૃપાને તમે ઝીલી શકો.

નવરાત્રિ એટલે શક્તિની આરાધનાનું પર્વ. આંતરિક પવિત્રતા વગર શક્તિની આરાધના શક્ય ન બને. ભોગોપાસના અને બ્રહ્મોપાસના બન્ને એક સાથે શક્ય કેવી રીતે બને ? વિજય મેળવવો હોય તો 'રાત્રી' એ પણ સાવધાનીપૂર્વક 'જાગરણ' કરવું પડે. શ્રદ્ધાપૂર્વક જાગરણ જ સિધ્ધિદાયક બની શકે. મનમાં રાત્રિ રાખીને નવરાત્રિની ઉજવણી કરવી એ સાધના માટે અપેક્ષિત શાંતિનું અપમાન છે. શક્તિ કે દેવીના નામના રાગડા નહીં, પણ સમર્પણ સભર અનુરાગ જ આત્મવિજયની વિજયાદશમી દેખાડી શકે. પ્રચંડ ક્રોધ અને પ્રતિશોધનો મહિષાસુર સહેલાઈથી મરતો નથી.

**આદ્યશક્તિના સ્વરૂપ અને શક્તિઓનું વર્ણન કરતાં પ્રાચીન ગરબા હવે ભૂલાઈ ગયાં છે. અત્યારે તો કાનફોડ મ્યુઝીક, લાઈટોની ઝાકઝમાળ અને વિવિધ પ્રકારનાં ટ્રેડીશનલ પોશાકોની બોલબાલા છે**

નવરાત્રિ એટલે શક્તિની ભક્તિ અને શિવત્વ પ્રત્યેનો સમર્પણ ભાવ રામકૃષ્ણ પરમહંસ દેવીને સંબોધીને કહે છે : 'મા, હું યંત્ર છું, તું યંત્રી (યંત્રચલાવનારી)'

નવરાત્રિ એ હિન્દુ ધર્મનો એક પવિત્ર તહેવાર છે. જેમાં દેવી શક્તિ (મા દુર્ગા)ના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. આ તહેવાર અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. આ નવ દિવસોમાં શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માન્ડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી અને સિધ્ધિદાત્રીની પૂજા થાય છે. ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન કાણાંવાળા ઘડામાં દીવો મૂકીને માતાજીની આસપાસ ગરબા ગાવાની પરંપરા છે. આ તહેવારમાં માટીના વાસણમાં જવારા વાવવામાં આવે છે અને તેની વિધિવત પૂજા થાય છે. શેરીઓ, સોસાયટીઓ અને પાર્ટીપ્લોટસમાં રાત્રે હજારો લોકો પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબે ઘૂમે છે.

આદ્યશક્તિ દુર્ગા સામે પણ સીતા જેવો જ પડકાર હતો... એક રાક્ષસે લગ્ન કરવા પાઠવેલું ખુલ્લું નિમંત્રણ... પરંતુ આદ્યશક્તિ દુર્ગાએ સણસણતો જવાબ આપતાં રાક્ષસને કહ્યું હતું : 'જે મને યુદ્ધમાં જીતશે, જે મારા અહંકારને નષ્ટ કરશે, જે આ જગતમાં મારા કરતાં બળિયો હશે એ મારો પતિ થશે.'

અને દેવી તથા રાક્ષસનું યુદ્ધ થયું. દેવીએ રાક્ષસને 'નારી શક્તિ'ની પ્રબળતાનો પરિચય કરાવ્યો.

ડૉ. યોગેશ્વરે નોંધ લીધી છે કે આવી જ તાકાત એકલાં અટૂલાં હોવા છતાં સીતાજીએ રાવણને દેખાડી હતી. જ્યારે જ્યારે સ્ત્રીશક્તિનાં મૂલ્યાંકનમાં સમાજે થાપ ખાધી છે, ત્યારે ત્યારે કોઈક 'વીરાંગના'એ નારીશક્તિનો પરચો દેખાડ્યો છે. બહારથી અબળા લાગતી સ્ત્રી રણશૂરાનીયે જનની છે, પછી એને અબલા કેવી રીતે કહેવાય ?

રાક્ષસ પ્રાચીનકાળનો હોય કે આધુનિક યુગનો એને મન તો સ્ત્રી કેવળ ભોગ્યા છે. પુરુષે નારીને આશ્રિતા બનાવીને તેનું હીર-ખમીર છીનવી લેવાની કોશિશ કરી છે, પણ જ્યારે સ્ત્રી પોતાના રક્ષણ માટે સંકલ્પબદ્ધ બને છે ત્યારે એ 'દુર્ગા' બની રાક્ષસોને કચડી શકે છે.

રાક્ષસ શબ્દ સાંભળતા વેંત જ ભયાનક શરીર, આગ ઝરતી આંખો, માનવભક્ષી ભૂખી દાઢ, માયાવી રૂપ ધારણ કરવાની શક્તિશાળી એક આકૃતિ આપણી સમક્ષ ખડી થઇ જાય છે. જેનાથી રક્ષણ કરવું પડે તે રાક્ષસ ! રામાયણ અને મહાભારત બન્નેમાં રાક્ષસોનો ઉલ્લેખ જોવા મળે છે.

શાસ્ત્રો અને પુરાણો અનુસાર મા દુર્ગાને તમામ દેવતાઓની શક્તિનું કેન્દ્ર અને બ્રહ્માંડની સર્વોચ્ચ આદિશક્તિ માનવામાં આવે છે. દેવતાઓની પ્રાર્થના પર અત્યાચારી રાક્ષસ મહિષાસુરનો વધ કરવા માટે માતા દુર્ગા પ્રગટ થયા હતા.તેથી તેમને વિજય અને યુદ્ધની દેવી પણ કહેવામાં આવે છે. દુર્ગા માતાનું વાહન વાઘ છે, જે સાહસ, શક્તિ અને દ્રઢ નિશ્ચયનું પ્રતીક છે. તે ભક્તોને આંતરિક અહંકાર અને નકારાત્મકતા પર વિજય મેળવવાની પ્રેરણા આપે છે.

ભારતીય સંસ્કૃતિ અને સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન 'વંદે માતરમ્' ગીતમાં ભારત માતાને દુર્ગાનું જ સ્વરૂપ માનવામાં આવ્યું છે. દેવી દુર્ગાના સ્વયં ઘણાં રૂપો છે. એમનું મુખ્ય રૂપ ગૌરી છે.

|| અનુસંધાન પાના નં.૦૮ પર ▸

# એ વ્યવસાયોમાં નાણાંની આપ-લે ન હતી

**અન્તર્યાત્રા**
**ડો.સર્વેશ પ્ર. વોરા**

જે રબ્બર બળી જાય એ લવચિક કે સ્થિતિસ્થાપક ન રહે ! આવું જ માણસનાં વ્યક્તિગત અને સામાજિક જીવનનું છે. આપણે ત્યાં જૈન પરંપરામાં 'પ્રતિક્રમણ'નું એટલે જ મહત્વ છે કે વ્યક્તિ પોતાની જાતને રબ્બર માફક ખેંચીને નજીક અને દૂરનો ભૂતકાળ-તપાસતી રહે. ઢોરોને આ કુદરતી બક્ષિસ નથી મળી, પણ માણસજાતને મળી છે. જે સમાજની જાતતપાસની રબ્બર બળી જાય એ સુધારણાના ઘણા લાભોથી વંચિત રહે છે.

આપણે ત્યાં અમુક ક્ષેત્રો નાણાંની આપ-લેથી અભડાયાં ન હતાં. એક વાત પર ભાર મૂકું છું કે ઘડિયાળના કાંટા પાછા ફેરવવાની ભ્રમણા નથી, પણ એકાદ નજર ભૂતકાળ પર ચોક્કસ કરવા જેવી ખરી કે અમુક ક્ષેત્રોને નાણાંની આપ-લેથી મુક્ત રખાયેલાં એની પાછળ આપણા પૂર્વજોની કેટલી જબરદસ્ત સૂક્ષ્મ દ્રષ્ટિ હતી !

કમાલની વ્યવસ્થા હતી ! પૂજા-પાઠ, વિધિ-વિધાન, વૈદક (ડૉક્ટરી સારવાર), શિક્ષણ, સર્જન, સાહિત્યને સાચવવાની જવાબદારી સમાજની હતી. હા, કેટલીયે વાર રાજ્યાશ્રય પણ આ ક્ષેત્રોના સમર્પિતોને સંભાળતો ! કૃષ્ણ-સુદામાના ગુરૂકુળ વિષે તો સાંભળ્યું હશે. એવાં અનેક ગુરૂકુળો હતાં, જ્યાં ઋષિઓ કેન્દ્રમાં રહેતા. મહાકવિ કાલિદાસ કે ગુરૂકુળના મહાન શિક્ષકો ક્યાંય પગારદાર હોય એવું કદી સાંભળ્યું છે ?

આપણે ત્યાં વિધિવિધાન કરાવવા આવતા ભૂદેવોને 'સીધું-સામાન' (લોટ, ચોખા, ગોળ વગેરે) સન્માનપૂર્વક અપાય એ પ્રથા તો હજુ પણ અનેક ઘરોમાં ચાલુ છે. હા... દક્ષિણા અપાય, પણ એ માટે માગણી ન થાય. યજમાન આદરપૂર્વક અર્પણ કરે. ટૂંકમાં આખો સમાજ અમુક વ્યવસાયો માટે સમર્પિત વ્યક્તિઓની જવાબદારી સંભાળતો. સન્યાસીઓ સમાજ પર ભારરૂપ એવા આક્ષેપ ફેંકનારા એક ભારે મહત્વનો મુદ્દો ભૂલી જાય છે કે ત્યાગી વ્યક્તિ પ્રત્યે સમગ્ર સમાજ પોતાની જવાબદારી સમજતો. સંસારીઓ કરતાં ત્યાગીનું સ્થાન ખરા અર્થમાં આદરણીય હતું. આ સંસ્કૃતિને કારણે સન્યાસીઓમાં પણ અમુક ઉચ્ચ કક્ષાની માનસિકતા સ્થાઈ હતી. સાધુ સંસ્થા અમુક તમુક પંથને મજબૂત કરવા કાર્ય કરે એ હેતુથી સમાજનો અમુક વર્ગજ એને સાચવે એની સાંપ્રદાયિક વૃત્તિ ભારતીય હિન્દુ પરંપરામાં ન હતી. સાધુની પાંખો સાંપ્રદાયિક કે પંથગત ઢાંચાથી કાપવાની વાત જ ન હતી.

**સંસારીઓ કરતાં ત્યાગીનું સ્થાન ખરા અર્થમાં આદરણીય હતું**

અને એટલા જ જબરદસ્ત સંબંધો શિક્ષકો સાથે હતા. શિક્ષકોની નૈતિક જવાબદારી સમાજ સંભાળે, પરિણામે શિક્ષકોએ કોઈ સામે કુરનિશ બજાવવાની નહોતી. ઉલટું, સત્તાધારી ના દરબારમા 'શિક્ષક કે રાજવૈદ્યનું આસન ખૂબ સન્માનીય રહેતું. આજે પગારદાર શિક્ષક 'રાખવા'માં આવે છે. આ 'રાખવા' પાછળ બરાબર વોચમેન 'રાખવા' જેવી અધમવૃત્તિ જવાબદાર છે.

અને ધર્મપુરુષોને ઉચ્ચ સ્થાન આપવા પાછળ એક વિશિષ્ટ ભારતીય અભિગમ હતો કે 'અમે ભૌતિક વળગણોને નહીં પણ ત્યાગને, ધર્મને, દિવ્યત્વને વધારે પ્રાપ્ત કરવા યોગ્ય માનીએ છીએ !'

હા... આ અભિગમ પાછો મળે નહીં, પણ આપણે ક્યારેક આપણા આ સમૃદ્ધ વારસા વિશે થોડું વિચારીએ તો આપણું ભવિષ્યનું વીઝન, 'દ્રષ્ટિ', આયોજન વધુ તંદુરસ્ત બને !

# સાચા ભક્ત કેવા હોય?

**ગુફતેગો**
**ડો.ચંદ્રકાન્ત મહેતા**

**પ્રશ્ન : સાચા શ્રેષ્ઠ ભક્તોની સોનાની જેમ આકરી કસોટી કેમ થાય છે ?**

**પ્રશ્નકર્તા : ડી.કે. માંડવીયા, સ્ટેશન રોડ, પોરબંદર**

સંપૂર્ણ સમર્પણ, શરણાગતિ, એકાગ્રતા અને નિર્લેપતા સાથે ભક્તિ કરે એ જ સાચો ભક્ત. સાંસારિક સુખોય માણતા રહેવું અને ભગવાનનું લેવા ખાતર નામ લેવું એવી સગવડિયા ભક્તિ ભગવાનને ન ખપે તે સ્વાભાવિક છે.

'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ, જોને.'

શ્રીમદ્ ભગવતગીતામાં ભક્તોના ચાર પ્રકાર ગણાવ્યા છે.

૧. આર્ત ભક્ત
(દુ:ખી કે સંકટમાં રહેલા)
૨. અર્થાર્થી ભક્ત
(ભૌતિક સુખ કે સ્વાર્થ ઈચ્છનારા)
૩. જિજ્ઞાસુ ભક્ત
(ઈશ્વરને જાણવાની ઈચ્છા રાખનારા ભક્ત)
૪. જ્ઞાની ભક્ત
(આત્મસાક્ષાત્કારી કે તત્વને જાણનારા ભક્ત)

ભગવાને જ્ઞાની ભક્તને શ્રેષ્ઠ ભક્તની શ્રેણીમાં મૂક્યો છે. માણસે ઈશ્વર પાસે કશું શ્રેષ્ઠ માગવું હોય તો શુભ અને શુદ્ધ મતિ માગવી જોઈએ.

શાસ્ત્રોમાં કહ્યું છે 'નહીં કિંચિત શ્રેષ્ઠતરં હી માનુષાત્' અર્થાત્ મનુષ્યોથી શ્રેષ્ઠ કશું જ નથી. દેવોએ પણ પોતાનાં અવતારી કાર્યો અદા કરવા માટે મનુષ્ય જન્મ ધારણ કરવો જ પડ્યો છે. એટલે મનુષ્યની મહાનતા આપોઆપ સિદ્ધ થાય છે. મનુષ્ય જન્મને જો આપણે શ્રેષ્ઠ માનતા હોઈએ, તો દુર્લભ એવા મનુષ્ય જીવનની ઈજ્જત સાચવવી અને તેમાં વૃદ્ધિ કરવી એ માણસ તરીકે આપણે અદા કરવાનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.

માણસ સામે વાસનાઓ જાતજાતનાં પ્રલોભનોનો મેળો નિરંતર ભરાતો રહે છે. એમાં ધન, વૈભવ, વિલાસ, પૈસો, સત્તા વગેરેનાં ભરપૂર આકર્ષણો હોય છે, જે માણસની વૃત્તિ અને બુદ્ધિ ભ્રષ્ટ બને એ માણસ આચરણની શુધ્ધતા જાળવી શકતો નથી.

અને જે માણસનું જીવન સંતોષ, નિષ્ઠા, શ્રધ્ધા, પ્રામાણિકતા, શુદ્ધ વિચારો, શુદ્ધ આચરણ, સદાચાર, સત્યવ્રતથી છલકાતું હશે તે માણસ ઈશ્વરની કસોટીઓમાંથી પાર ઉતરે છે અને તેવો માણસ ઈશ્વરનો સાચો ભક્ત બની શકે છે. એના જીવનમાં આવતાં કષ્ટો અને કસોટીઓને તે ભાગ્ય કે ઈશ્વરનો દંડ કે સજા નહીં માને પણ આવી પડેલી કે સહેવી પડેલી પીડાઓને પણ પ્રભુનો પ્રસાદ કે પુરસ્કાર માને છે.

અમુક સ્વાર્થી લોકો પોતાના માનેલા દેવતાઓને જ પૂજે છે. અને પોતાનું કાર્ય સિદ્ધ થવાની આશા સાથે

**રામ બનવાની તૈયારી રાખનારે રાવણત્વનો સામનો કરવાની તૈયારી રાખવી જ પડે**

શ્રધ્ધા રાખે છે. આવા સ્વાર્થી ઉપાસકને ભક્તની શ્રેણીમાં મૂકી શકાય નહીં. હા, તેમને બગભગત અવશ્ય કહી શકાય અને આવા સ્વાર્થી માણસો એ વાત ભૂલી જાય છે કે ભૌતિક જીવન કાયમનું નથી નીતિ-અનીતિની પરવા કર્યા સિવાય પ્રામાણિકતા અને સત્યનિષ્ઠાને તેઓ ગૌણ ગણી વૈભવ-વિલાસ માટેનાં સાધનોને મહત્વ આપે છે. પરિણામે તેમને ક્ષણિક સુખ તો મળી જાય છે. તેનાથી વિપરિત જ્યારે માણસ સત્ય ખાતર

**ભક્તના જીવનમાં આવતાં કષ્ટો કે કસોટીઓને તેઓ ઈશ્વરનો દંડ કે સજા નથી માનતા, પરંતુ પ્રભુનો પ્રસાદ માને છે**

જીવવા કે મરવા તૈયાર રહે છે, ત્યારે તે પોતાનું આચરણ અને પ્રતિષ્ઠા જોખમાય તેવું કશું કરતો નથી. સત્યવાદી હરિશચંદ્રે સત્ય અને પ્રામાણિકતાનો માર્ગ છોડીને કેવળ રાજવૈભવને મહત્વ આપ્યું હોત તો પીડાઓની પરાકાષ્ઠામાંથી તેમને પસાર થવું પડ્યું તેવી સ્થિતિ ન સર્જાત. પણ તેમણે સત્યને જ મહત્વ આપ્યું અને તે માટેની સઘળી પરીક્ષાઓ આપતા રહ્યા.

હકીકત એ છે કે જે પ્રામાણિક અને સત્યનિષ્ઠ હશે, એ દુ:ખોથી ડરશે જ નહીં. કારણ કે એને ખબર છે કે પોતે જે માર્ગ અપનાવ્યો છે તેમાં દુ:ખો, આંધી-તોફાન આવવાના જ.

આ સાચા ભક્તના લક્ષણો છે.

ધર્મ મનુષ્યની શોધ છે. ભય અને ચમત્કારમાંથી ધર્મ ભાવનાએ આકાર લીધો છે. ગાય જીવે અને વાછરડું મરી જાય આમ કેમ ? સો વર્ષનો વૃદ્ધ જીવે અને બાળક મૃત્યુ પામે એવું સંચાલન કઈ શક્તિ કરે છે ? ઋતુ પ્રમાણે ફળ આવે છે, ઋતુ પ્રમાણે વરસાદ પડે છે, સુકાળ પણ આવે છે અને દુકાળ પણ આવે છે. આ તમામ ઘટનાઓ માણસ આશ્ચર્યથી જુએ છે અને અજ્ઞાત શક્તિનાં જે વણદીઠ છે, એના માટે

'મને કહોને પરમેશ્વર કેવા હશે?
કેવા હશે ને ક્યાં રહેતા હશે ?'

જેવા અનેક પ્રશ્નોનો જવાબ માણસ યુગોથી શોધતો આવ્યો છે અને પોતે જે કાંઈ સારું અનુભવ્યું તેને દેવત્વની શ્રેણીમાં પ્રતિષ્ઠિત કરી દીધું છે અને જેને તે ભગવાન કે દેવી માની તેમાં દેવત્વનું દર્શન કરે છે.

ધર્મ કહે છે 'સાચું' બોલો ! લોભ કહે છે : તમને ફાયદો થાય તેવું બોલો. ધર્મ કહે છે : પ્રામાણિક બનો, સ્વાર્થ કહે છે : તમારો હેતુ સિદ્ધ થાય અને પ્રામાણિકતા તમને આડે ન આવે તે રીતે વર્તો. પ્રામાણિકતા અને અપ્રામાણિકતાનો છોછ છોડો.

આમ ધર્મ-અધર્મનું યુદ્ધ ચાલ્યા જ કરે છે. રામ બનવાની તૈયારી રાખનારે રાવણત્વનો સામનો કરવાની તૈયારી રાખવી જ પડે. પ્રામાણિકતાને વરેલા લોકો પ્રામાણિક બનીને પોતાને શું મળ્યું એવી કદીયે ફરિયાદ કરતા નથી. સત્ય બોલનાર કદી પુરસ્કારની ઝંખના રાખતા નથી.

ભગવાનના ભક્ત તેમની આરાધનામાં રચ્યાપચ્યા રહે છે. તેઓ દ્વેષ નહીં કરનાર, સુખ-દુ:ખ સમાન ગણનાર, પરોપકારી, પવિત્ર, પક્ષપાત રહિત, સત્યવક્તા, પ્રામાણિક, સદાચારી, નિર્ભય, નિષ્કપટી અને નિષ્કામ ભક્તિમાં માનનારા, માનવતામાં જ ઈશ્વરના દર્શન કરનારા અનેક ભક્તો, સંતોથી આ દુનિયા ઊજળી છે.

વિવિધ ધર્મો જેવા કે હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન, પારસી, યહૂદી, કોન્ફ્યુશિયસ, શિન્તો, તાઓ વગેરે દરેક ધર્મના ભક્તો... સર્વોચ્ચ શક્તિની આરાધના કરનારા છે... પણ તેઓ જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. ભક્ત પ્રહલાદ, ભક્ત હનુમાનજી, ભક્ત શબરી, મીરાંબાઈ, નરસિંહ મહેતા, ભક્ત ધ્રુવ, ભગત કબીરજી, ભગત નામદેવજી, ભગત રવિદાસ, ભાઈ મર્દાનાજી, સેન્ટ પીટર, સેન્ટ પોલ, મધર ટેરેસા, હઝરત અબુ બક્ર, રાબિયા બસરી, ભક્ત આનંદ, સમ્રાટ અશોક વગેરે... પ્રખ્યાત ભક્તોમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ બધાં ભક્તોનું જીવન જાતજાતના કષ્ટો અને કસોટીઓથી ભરેલું હતું, પરંતુ તેઓએ ક્યારેય કોઈ ફરિયાદ કે અસંતોષ વ્યક્ત કર્યો નથી. આમ સાચો ભક્ત ભગવાનની પૂજા કરવાની સાથે પોતાના જીવનમાં ઉચ્ચ નૈતિક મૂલ્યો અને માનવતા ધરાવે છે... તે અનાસક્ત હોય છે. તેને સુખ કે દુ:ખ સ્પર્શતા નથી.

# કિસ્મતની લાઠીમાં અવાજ નથી હોતો

**રજનીગંધા**
**વિભાવરી વર્મા**

'અલ્યા રઘલા ! તારો મોટોભાઈ તો મરી ગયો!' 'હેં ?'

'હા ! તે એના માથામાં કડીયાળી ડાંગ મારી હતી ને ? એ લથડિયાં ખાતાં ખાતાં ખેતરમાંથી ગામમાં પહોંચ્યો..અને બરોબર પોલીસથાણાની સામે જ જઈને મરી ગયો !'

રઘલાની આંખોની સામે અંધારાં છવાઈ ગયાં ! આ શું થઈ ગયું ?

રઘલાને એના મોટાભાઈ ભુવન સાથે વારંવાર ઝગડા થતા રહેતા હતા, ઝગડાનું એક કારણ તો એ હતું કે ભુવન કંઈ કામકાજ કરતો નહોતો. ખેતરમાં મદદ કરવાનું તો બાજુએ રહ્યું. ઉપરથી એ દર વખતે ખેતીની કમાણીમાંથી અડધો ભાગ માગતો હતો.

રઘલો થોડા ઘણા પૈસા આપી પણ દેતો હતો પણ ઝગડાનું બીજું કારણ એનાથી વધારે ગંભીર હતું. ભુવનની બૈરી ચાર વરસ પહેલાં મરી ગઈ હતી. ત્યારથી એ રઘલાની પત્નીની પાછળ પડયો હતો.

શરૂશરૂમાં રઘલાની બૈરીએ ભાવ નહોતો આપ્યો પણ પછી એ પોતે જ રઘલાના પૈસે ભુવન જોડે શહેરમાં જઈ જઈને રંગરેલીયાં મનાવતી થઈ ગઈ હતી.

આજે સાંજે એ જ વાત ઉપર ખેતરમાં બહુ મોટો ઝગડાં થઈ ગયો. ભુવને ગાળાગાળી કરવા માંડી, રઘલાએ પણ ખરીખોટી સંભળાવવા માંડી. પણ ભુવને અચાનક ખેતરમાં પડેલી કોદાળી ઉપાડીને રઘલા ઉપર હૂમલો કર્યો!

રઘલો બબ્બે વાર મરતાં મરતાં બચી ગયો. પણ ભુવનને માથે ભૂત સવાર હતું. એની લાલઘુમ આંખો અને ફાટી ગયેલો મિજાજ શાંત પડે એમ લાગતું નહોતું. એ બે હાથ વડે કોદાળી ઊંચકીને ધસી આવ્યો.

એ જ ક્ષણો રઘલાએ પોતાની ડાંગ ઉપાડીને ભુવનના માથે ઝાંકી દીધી હતી ! ભુવન હજી લથડી રહ્યો હતો. છતાં તે કોહાળી વડે હૂમલો કરવા આગળ વધતો જ ગયો.



હવે રઘલાએ એને અટકાવવા માટે ડાંગના બે ચાર ઘા ઝીંક્યા સિવાય બીજો ઉપાય જ નહોતો.

રઘલાએ કચકચાવીને માત્ર બે જ ફટકા ભુવનના માથે માર્યા ! એ પછી ભુવનના પગ લથડવા લાગ્યા. એના વાળમાંથી લોહી નીતરી રહ્યું હતું.

'ઉભો રહેજે, રઘલા ! તું અહીં જ ઉભો રહેજે.' એમ કહેતો તે ગામ ભણી જતાં રહ્યો હતો.

પણ રઘલાને શું ખબર કે ભુવન બરોબર પોલીસથાણાની સામે જ મરી પરવાર્યો હશે?

'અલ્યા વિચાર શું કરી રહ્યો છે ? પોલીસ તને શોધતી અહીં જ આવી રહી છે ! જેલમાં ચક્કી ના પીસવી હોય તો ફટાફટ ભાગી નીકળ અહીંથી !'

■ ■ ■

એ વાતને પુરાં વીસ વરસ વીતી ચૂક્યાં હતાં. રઘલો પોતાના ગામથી ભાગતો ભાગતો છેક દક્ષિણ ભારતના કર્ણાટકમાં એક નાનકડા ગામમાં પહોંચી ગયો હતો. અહીં એક જમીનદારને ત્યાં એ ઘરના નોકર તરીકે નોકરીએ લાગ્યો હતો. ધીમે ધીમે રઘલાએ પોતાની ઈમાનદારી અને મહેનત વડે જમીનદારનો વિશ્વાસ જીતી લીધો હતો.

**સરપંચ બહુ કપટી હતો. એની નજર રઘલાની જમીન ઉપર હતી અને સરપંચના દીકરાની નજર રઘલાની બૈરી ઉપર હતી**

સમય જતાં જમીનદારની બન્ને દીકરીઓ ભણીગણીને વિદેશમાં પરણીને સેટલ થઈ ગઈ. આ બાજુ જમીનદાર વૃદ્ધ થતો ચાલ્યો હતો એટલે તેણે પોતાની તમામ જમીન, ખેતી, વેપાર વગેરેની સંપૂર્ણ જવાબદારી રઘલાને સોંપી દીધી હતી.

રઘલો હવે રઘુ શેઠ બની ગયો હતો. એ ભૂતકાળને સંપૂર્ણપણે ભૂલાવી ચૂક્યો હતો. પરંતુ તકદીરનું ચક્ર હંમેશા અણધારી રીતે ફરતું હોય છે.

એક દિવસે એક ગરીબ માણસ એના બંગલાની બહાર હાથ જોડીને ઉભો હતો. એ વાંકીચૂકી હિન્દીમાં બોલતો હતો.

'સાયેબ, ચાર દિવસ કા ભૂખ્યા હું... કોઈ કામકાજ હોવે તો કોને..'

અચાનક રઘલાને એની બોલીમાં ગુજરાતીની ઝલક સંભળાઈ ! તેણે તરત જ પૂછ્યું. ગુજરાતથી આવો છો ? કિયા ગામના છો ?

'જસદણ !'

રઘૂશેઠ ચમક્યા ! આ તો મારું જ ગામ ! એ માણસને અંદર બોલાવ્યો, નવડાવ્યો... ખવડાવ્યું પીવડાવ્યું. પછી પૂછ્યું : 'તારા ગામમાં તું કોઈ રઘલાને ઓળખતો હતો ? '

|| અનુસંધાન પાના નં.૦૮ પર ▸

# યુધિષ્ઠિરની હત્યા પાંડવોની આત્મહત્યા!

**ઝાકળ બન્યું મોતી**
**કુમારપાળ દેસાઈ**

મહાભારતના યુદ્ધમાં અભિમન્યુ હણાયો અને પાંચે પાંડવો વ્યાકુળ થઈ ગયા. સત્ય અને ધૈર્યના સાગર સમા સ્વયં ધર્મરાજ યુધિષ્ઠિરનો ગુસ્સો મર્યાદાને ઉલ્લંઘી ગયો અને એમણે કોપ સાથે કહ્યું કે, ધિક્કાર છે અર્જુન તને, કે તું અભિમન્યુની રક્ષા કરી શક્યો નહીં. ધિક્કાર છે તારા ગાંડીવ ધનુષ્યને, કે જે ધનુષ્ય યુવાન અભિમન્યુના પ્રાણ બચાવી શક્યું નહીં.

ગાંડીવની ટીકા સાંભળતાં અર્જુન સમસમી ઊઠ્યો. એની પ્રતિજ્ઞા હતી કે જે કોઈ ગાંડીવ ધનુષ્યની નિંદા કરશે એની એ હત્યા કરશે. જ્યાં સુધી હત્યા ન કરી શકે, ત્યાં સુધી જલ પણ ગ્રહણ કરશે નહીં. આથી અર્જુને ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું, 'જ્યેષ્ઠ બંધુ ! મારી પ્રતિજ્ઞા તો આપ જાણો છો. ગાંડીવની નિંદા કરનારને આ ધરતી પર જીવવાનો અધિકાર નથી. મારે આપની હત્યા કરવી પડે. એ પછી જ હું પાણીનું ટીપુ મોંમાં મૂકી શકીશ.'

વાતાવરણ ગંભીર બની ગયું. ચોપાસ સન્નાટો છવાઈ ગયો. ધર્મરાજનાં વચનો સૌએ સાંભળ્યાં હતાં અને અર્જુનની પ્રતિજ્ઞાનો સૌને ખ્યાલ હતો. બધાની નજર શ્રીકૃષ્ણ તરફ ગઈ.

શ્રીકૃષ્ણે અર્જુનનો પક્ષ લેતા હોય તેમ કહ્યું, 'અર્જુન, તારા જેવા વીર ક્ષત્રિયે પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઈએ. પ્રતિજ્ઞા માટે ક્ષત્રિય પ્રાણ આપતાં પણ અચકાતો નથી, માટે ધર્મરાજ, તમે અહીંયાં બેસો અને અર્જુનને એની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની તક આપો.'

ચોપાસ ગમગીની ફેલાઈ ગઈ. હવે શું થશે ? આવું થાય તો કેવું થાય ? શું અર્જુન પોતાના જ્યેષ્ઠ બંધુ પર પ્રહાર કરી શકશે ખરો ?

|| અનુસંધાન પાના નં.૦૮ પર ▸



# એક દિવસ કોઈને આપણી જરૂર ન રહે ત્યારે?!

**તારી અને મારી વાત**
**હંસલ ભચેચ**

''ડૉક્ટર, આ જીવનથી થાકી ગયો છું'' મારી સામે બેઠેલા એક નિવૃત્ત ભાઈ થોડું હસ્યા. એ હાસ્યમાં ફરિયાદ ઓછી અને ખાલીપો વધારે હતો.

''પૈસાની તકલીફ છે?'' મેં પૂછ્યું.

''ના.''

''બાળકો કંઈક મુશ્કેલીમાં છે?''

''ના, બંને સરસ છે. પોતપોતાના જીવનમાં સેટ છે.''

''પત્ની સાથે સંબંધ?''

''સારો છે.''

થોડી ક્ષણ શાંતિ રહી. પછી તેમણે ધીમેથી કહ્યું, ''પણ ડૉક્ટર, પહેલાં સવારે ઊઠું એટલે કોઈને કોઈ કામ માટે, આખો દિવસ મારી જરૂર પડતી. હવે કોઈને મારી જરૂર નથી. પહેલાં મારી પાસે સમય નહોતો... હવે સમય જ સમય છે. પણ ખબર નથી, આ સમયનું કરવું શું?''

મને લાગ્યું, આ વ્યક્તિ નિવૃત્તિની કે કોઈ સાંસારિક ચિંતાની ફરિયાદ નથી કરી રહી, તે સમયની સાથે પોતાની ખોવાઈ ગયેલી ઓળખની વાત કરી રહી છે! વ્યવહારમાં જોઈએ તો દરેક વ્યક્તિ નિવૃત્તિ માટે કેટલી સરસ તૈયારી કરે છે?! રોજિંદા જીવન માટે કેટલા પૈસા જોઈએ, પેન્શન કેટલું આવશે, રોકાણ ક્યાં કરવું, હેલ્થ ઈન્સ્યોરન્સ કેટલો રાખવો, ઘર કેટલું મોટું રાખવું વગેરે અનેક બાબતોનું પાક્કું આયોજન કરે છે. પણ એક મહત્વની તૈયારી રહી જાય છે, સમયની સાથે જ્યારે અન્યને તમારી રોજિંદી જરૂર નહીં રહે અને તમારી પાસે પુષ્કળ સમય હશે ત્યારે તમે કોણ હશો? તમે શું કરશો? આ સવાલ થોડો અઘરો છે. કારણ કે, સમગ્ર જીવન દરમ્યાન કામ-ધંધા-પૈસા વગેરે ઉપરાંત આપણે પોતાની એક અંગત, કૌટુંબિક, સામાજિક ઓળખ પણ ઊભી કરતા જતા હોઈએ છીએ. ''હું ડૉક્ટર, પ્રોફેસર કે બિઝનેસમેન છું.'' ''હું ઘરની જવાબદારી સંભાળું છું.'' ''મારા વગર આ ઘર ચાલતું નથી.'' અને, ઘણું બધું... આ બધું જે તે સમયે જવાબદારી ઉપરાંત ગૌરવભર્યું હતું. તમારા વગર ઘર-દુકાન-ધંધો વગેરે નહીં ચાલે એ વિચાર ભલે એ સમયે 'પોતાનું મહત્વ' પ્રસ્થાપિત કરતો હતો પરંતુ આ જ વિચાર સમય સાથે તમારા માટે એક અદ્રશ્ય કેદ બની જાય છે અને તમે એ 'મહત્વ'ની કેદમાંથી નીકળી નથી શકતા!

મારા ક્લિનિકમાં એક વાત મેં વારંવાર સાંભળી છે ''મારા બાળકો હવે મને પૂછતા જ નથી.''

હું તેમને એ પૂછું છું, ''એ સારી વાત નથી?''

તેઓ થોડી ક્ષણ વિચારોમાં પડી જાય છે. જીવનભર પોતાના પગ પર ઊભા રહેવાની બાળકોને સલાહ આપતા રહેતા માતા-પિતાઓ જ્યારે બાળકો ખરેખર પગભર થાય છે ત્યારે 'મારા બાળકોને મારી જરૂર નથી કે તે મને પૂછતાં નથી' તેવો વસવસો કેમ અનુભવે છે?! મારી દ્રષ્ટીએ સારા માતા-પિતાની સૌથી મોટી સફળતા એ છે કે એક દિવસ તેમના બાળકોને તેમની એટલી જરૂર ન રહે. તમારા વિના તમારા સંતાનો જીવનના નિર્ણય લેવાની ક્ષમતા ધરાવતા થાય એ સફળ પેરેન્ટિંગ નથી?! જે પિતા દીકરાની ફી ભરતા હતા, એક દિવસ તે દીકરો પોતાનાં બાળકોની ફી ભરે છે. જે માતા દીકરીને રોજ ફોન કરીને પૂછતી હતી, ''જમ્યું કે નહીં?'', એક દિવસ એ દીકરી પોતાનાં બાળકને એ જ પ્રશ્ન પૂછે છે. ચક્ર પૂરું થાય છે, પણ માતા-પિતાના મનમાં ક્યારેક એક નાનો ખાલી ઓરડો રહી જાય છે, ''હવે હું શું? મારું કોઈ કામ જ નથી?!''

આ જ વાત પ્રોફેશનલ જીવનમાં પણ થાય છે. વર્ષો સુધી એક સિનિયર ઓફિસરના ફોનથી નિર્ણય લેવાતા હતા, એક સર્જનની સલાહ વગર ઓપરેશન થિયેટરમાં કંઈ થતું નહોતું, એક બિઝનેસમેનના નિર્ણયથી આખી કંપનીની દિશા નક્કી થતી હતી. લોકો પૂછતાં ''સર અમારે શું કરવાનું છે?'' પછી એક દિવસ નિવૃત્તિ આવે છે, હવે કોઈ પૂછતું નથી. એપોન્ટમેન્ટથી ભરેલું રહેતું કેલેન્ડર હવે ખાલીખમ છે. અગાઉથી સમય માંગતા લોકો હવે નથી અને ખુદ સમય આવીને પાસે બેસી જાય છે!

**સારા માતા-પિતાની સૌથી મોટી સફળતા એ છે કે એક દિવસ તેમના બાળકોને તેમની ખાસ જરૂર ન રહે**

જીવનમાં, સમયની સાથે એક મહત્વની સમજ સૌ કોઈને આવવી જોઈએ કે દુનિયા ક્યારેય કોઈ એક માણસ પર કાયમ માટે નિર્ભર નથી રહેતી. ધંધો-ઓફિસ આપણા વગર ચાલી શકે છે, બાળકો આપણાં વગર નિર્ણયો લઈ શકે છે, જીવનસાથી પણ આપણા વગર જીવતા શીખી જાય છે - આ બધી વાત સ્વીકારવી ક્યારેક અહંકાર માટે મુશ્કેલ હોય છે. આપણે નહીં હોઈએ તો સૂર્ય બીજા દિવસે ઊગવાનું બંધ કરવાનો નથી. આ વાત દુઃખદ નથી, આ વાત મુક્તિદાયક છે. પરંતુ આ મુક્તિ ત્યારે જ મળે જ્યારે આપણે પોતાની કિંમતને પોતાની જરૂરિયાત સાથે ગૂંચવી ન નાખીએ. કોઈને મારી જરૂર નથી એટલે હું બિનજરૂરી નથી. ઉંમર વધે ત્યારે કદાચ આપણું કામ ઓછું થાય, પણ આપણી કિંમત ઓછી થવી જરૂરી નથી. જીવનમાં કેટલું કર્યું? કેટલી જવાબદારીઓ નિભાવી? શું મેળવ્યું - શું ગુમાવ્યું? આ બધા પ્રશ્નો જીવનના ઉતરાર્ધમાં જરૂરી નથી, આ તબક્કે પ્રશ્નો બદલાવા જોઈએ. કોઈને મારી સલાહ ન જોઈએ તો પણ હું શીખતો રહી શકું? કોઈ મારી ઉપર નિર્ભર ન હોય તો પણ હું તેમને પ્રેમ કરી શકું? મારા નામ વગર કામ ચાલે તો પણ હું ખુશ રહી શકું? મારી ખુરશી પર કોઈ બીજું બેસે ત્યારે હું તાળી પાડી શકું? આ છેલ્લી વાત ખૂબ મોટી આધ્યાત્મિક સિદ્ધિ છે. કારણ કે જીવન આપણને ધીમે ધીમે ખુરશીઓ છોડતા શીખવે છે, પદની ખુરશી, સત્તાની ખુરશી, માતા-પિતા તરીકેની ખુરશી, નિર્ણય લેનાર તરીકેની ખુરશી અને અંતે કદાચ 'મારા વગર કંઈ નહીં થાય' એવી અંદરની ખુરશી પણ. નિવૃત્તિ પહેલાના આયોજનોમાં એક નાનકડું સાયકોલોજિકલ આયોજન પણ કરજો, તો પોતાની ઓળખ ગુમાવવાનો ડર નહીં લાગે. તમારી ઓળખની માત્ર એક જ ખુરશી ન રાખશો - જો તમે એક નોકરિયાત કે બિઝનેસમેન હશો તો નિવૃત્તિ ખાલીપો લાવશે, પરંતુ જો તમે સાથે સાથે વાચક છો, મિત્ર છો, પ્રવાસી છો,

|| અનુસંધાન પાના નં.૦૮ પર

# હવે No Exit?

**ક્ષણ-ક્ષણાર્ધ**
**પ્રવીણ દરજી**

કંઈક બધે જ, લગભગ બધું જ બદલાતું લાગે છે. આવા બદલાવને દરેક વખતે પરિવર્તનમાં પણ ખપાવી શકીએ તેમ નથી. બદલાવ ખરો પણ કેમ ? શા માટે ? તેવા પ્રશ્નો પણ થઈ શકે તેમ નથી. આપણી બહાર, આપણી આસપાસ અને આપણી અંદર પણ આવો બદલાવ આવી રહ્યો છે. ક્યારેક એવું થાય શંકા સાથે - શું આપણે વિકસી રહ્યા છીએ ? તો જોડાજોડ તરત એવો પ્રશ્ન પણ થાય અરે, આપણે બધી રીતે ખૂટી તો નથી રહ્યાને ? કરોળિયાના જર્જરિત જાળા જેવું તો નથી ઘટી રહ્યું ને ? થાય છે કે પેલા આપણા મહાન ઋષિઓ 'હું કોણ છું ?' તેવો પ્રશ્ન કરતા હતા તેજ આ ભૂમિ છે ? જો એ જ ભૂમિ છે તો પછી હવે 'હું શું છું' કે 'હું ક્યાં છું ?' એવા પ્રશ્નો કેમ કેન્દ્રમાં આવી રહ્યાં છે ? આ પ્રશ્નો તો આખાય જીવનનું કેન્દ્ર જ બદલી નાખે છે. કારણ કે આ પ્રશ્નો પાછળ કશી મહત્ ભૂમિકા નથી, ઉડ્ડયન-ઉન્નયન નથી. એ તો ભૌતિકતા અને ચૈતસિક રકાસ કંઈક જુદી રીતે દર્શાવે છે.

ફોડ પાડીને કહું તો આ કે તે બધાંને હવે 'હું કંઈક છું' એ સાબિત કરવું છે. 'હું અહીં અને બધે જ છું' એવી આણ-શાન ઊભી કરવામાં માણસ ખર્ચાઈ રહ્યો છે. ભદ્રતાના ઊંચા આંકની વાત કરવાની તો પરિસ્થિતિ રહી જ નથી. પેલી બે બાબતો, ઉપર નોંધી છે એ પુરવાર કરવા માણસ બધાં જ પગથિયાં નીચે ઊતરવા તૈયાર થઈ ગયો છે. સુંદર-અસુંદર, સારું-ખોટું, યોગ્ય-અયોગ્ય વચ્ચેનો ભેદ પણ લોપાતો જાય છે. જૂઠ કે સત્યની સીમાઓ જ બદલાઈ ગઈ છે. સત્ય કારાગારમાં કેદ છે અને જૂઠની ઝાકમઝોળ છે. છેક નીચેથી ઉપરના સ્તર સુધી બધો ખેલ દલા તરવાડીની વાડી જેવો થઈ ગયો છે. એક-બે રીંગણાં શું કામ, લે ને દસ-બાર આવું સહજ થઈ ગયું છે. અને હવે કોઠે પડી ગયું છે. 'મેકબેથ' નાટકમાં બને છે તેમ પાપાચારમાં લેડી મેકબેથની જેમ આપણે એટલા આગળ વધી ગયા છીએ કે પાછા જવું અતિ મુશ્કેલ જણાય છે.

મનુષ્ય જાણે બધી ડિઝાઈન બધી આકૃતિઓ કે બધું સૌંદર્ય ભૂંસી નાખવા તૈયાર થયો હોય તેવું તેનું ઘાતક રૂપ નજર સામે આવી રહ્યું છે. શાસન સત્તા કે સત્તાની સાથે જોડાયેલ પણ અનુશાસનના સાચા મર્મ સુધી પહોંચવા તૈયાર છે કે કેમ એ એક પ્રશ્ન સાથે સમસ્યા પણ છે. ઠેર ઠેર વિરોધી જોડકાં જોવા મળે છે. તેમાં તર્ક જરૂર હોય છે પણ તથ્ય હોતું નથી. તર્ક પણ ખુદના બચાવ માટે પોતાને ઉગારી લેવા માટે કે સારા ઠેરવવા માટે થતો હોય છે. પરિણામે એવા તક ભાષાને પણ દોદળી કરી દીધી છે. પાર વિનાના અર્થવ્યત્યયો જોવા મળે છે. ભાષાના નિમ્ન સ્તર સુધી એ બધું પહોંચી જતું હોય છે. સત્યના સ્વીકાર માટે જાણે કોઈ તૈયાર જ નથી, જૂઠાણા માટે ગિલ્ટ કે પ્રશ્ચાતાપ પણ થતો નથી. કહો કે known to unknown અને unknown to known બંને તરફનાં બારણાં જ ભીડાઈ ગયાં છે. માણસ ચારે તરફથી નર્યો સંકોચાઈ રહ્યો છે, નર્યો જર્જરિત થઈ રહ્યો છે ત્યારે એણે પોતાને



ઊલટાનું, વાઘ માર્યો હોય એવું લાગે છે ! ઈજ્જત, લજ્જા, શરમ અને શરત જેવા શબ્દોને માણસ ઘોળીને પી ગયો છે. કહો કે એવો જણ એક અર્થમાં અનાત્મ બની રહ્યાં છે. આત્માના લય કે ગુંજની તો ત્યાં પછી વાત જ ક્યાંથી હોય ?

પરિણામે માનવનું આવું ખોખલાપણું આપણી સદીની ઓળખ બન્યું છે. આવો ખોખલો માણસ કોની સાથે સંવાદ કરે ? ન જાત સાથે કે ન અન્ય કોઈ સાથે. માનવ માનવ વચ્ચેનો સેતુ એમ લગભગ તૂટી ગયો છે. એથી-બે આંખની શરમ-જેવી કહેવત સાવ આજે અપ્રસ્તુત બની ગઈ છે. અસત્યને પ્રકટ કરવા ને સત્યને ઢાંકવા ઉગ્રતા, કટ્ટરતા, અભદ્રતા કે બૂમ બરાડાની એક નવી પધ્ધતિ નજર સામે આવી રહી છે. અને આવી આ માનવપ્રકૃતિ પરિણામે જ્યાં જ્યાં પોતાને જોતરતી રહી છે ત્યાં ત્યાં બધે જ પરિણામો નકારાત્મક અને દુઃખદ આવતાં રહ્યાં છે. આપણી નજર સામે એનાં પાર વિનાનાં જીવતાં-જાગતાં દ્રષ્ટાંતો મળી રહે તેમ છે.

કહો કે આપણે પાર વિનાના લાઉડ થઈ ગયા છીએ. કલ્પના બહારનો દેખાડો કરતા થઈ ગયા છીએ. અધીર બની ગયા છીએ. આપણો 'વ્યવહાર' શબ્દ જ આખો ને આખો મૂળથી ઉચ્છેદાઈ જઈ 'અવ્યવહાર' પાસે જઈને અટક્યાં છે. કહો કે આપણી આજની જીવનશૈલી આવા 'અવ્યવહાર'ની છે. કશું જ સમુંસૂતરું નહીં, બધું આંટીઘૂંટીવાળું, જટિલ, કદરૂપું અને અસુન્દર પણ. ક્યારેક જેઓની પાસે હજી આત્મા રહ્યો છે તેવાઓને પૂછશો તો જવાબ મળશે - આપણી આસપાસ, આપણા નિવાસ સ્થાનની બહાર કશે શાંતિ જેવું ખરું ? દૂર નજરે પડતાં વૃક્ષો, ઉદ્યાનો કે જ્યાં તમે નિરાંતનો શ્વાસ ભરતાં હતા તેવું હવે અનુભવો છો ? તમારી આંખને હવે અવરોધી રહેતી તોતિંગ ઈમારતો તેની દીવાલો શો બોધ કરાવે છે ? તૂટી જતા રસ્તાઓ, તૂટી જતી પાણીની ટાંકીઓ, પુલો, બંધાતા મકાનો તમને અંદરથી ઉદ્વિગ્ન નથી કરી મૂકતાં ? તમે જે તંત્ર વચ્ચે શ્વાસ ભરો છો એ તંત્ર તમને હવે સુખકર લાગી રહ્યું છે કે પછી જડત્વનો અનુભવ કરાવી રહે છે ? અરે, ખુદ, તમારા પોતાના જ ઘરમાં, અસબાબ વચ્ચે બેઠા હો ત્યારે તમે એ અસબાબ વચ્ચે હાશકારો અનુભવી કશુંક સુંદર ગાન ગણગણવા માટે થનગની રહો છો કે પછી તમે જ નિર્જીવ થઈ તેની નિર્જીવતાને જીરવી રહો છો ?

હા, હવે બધું, 'ગઈકાલ' બનતું જાય છે. આપણી હથેલીમાંથી સુન્દરતાને કોઈકે ઝૂંટવી લીધી છે, આપણી શાલીનતાને સામે હવે અભદ્રતાએ ડોળા કાઢીને તેના મૂળિયાંને હલબલાવી મૂક્યાં છે. તમે

**આપણી આસપાસ, આપણા નિવાસ સ્થાનની બહાર કશે શાંતિ જેવું ખરું?**

પરિતૃપ્ત કરી રહે એવા માહોલથી ઘણે દૂર નીકળી ગયા છો. તમારી આખી જીવનશૈલી જ શીર્ષાસન કરતી જણાય છે. જ્યાં સ્થાયીત્વની નહીં અસ્થાયી નહિ વાહવાહી છે. તમે તમારું પહેરવું - ઓઢવું, તમારી વાતચીતની ભાષા, તમારી અન્યો સાથેની વર્તણૂંક અને સંબંધ, તમારું ખાવા-પીવું અને અરે, જીવવું સુધ્ધાં કોઈ નિરંતર ભજવાતા નાટક જેવું થઈ ગયું છે. જ્યાં ભપકો જ્યાં અસૌંદર્ય, જ્યાં કદરૂપતા - અભદ્રતા, કટ્ટરતા, યુદ્ધખોરી, હિંસા કે દ્વેષ એવું-તેવું જ હવે એક નવી જીવનશૈલી રૂપે જોવાય છે. આ આપણાં આજનાં 'મૂલ્યો છે' છે. આજનું નવું 'નીતિશાસ્ત્ર' છે. આ બધું અગાઉ કહ્યું તેમ , સાચ્ચે જ પ્રશ્ન કરવા પ્રેરી રહે છે : 'હું ક્યાં છું' કે પછી સાત્રનાં એક નાટકનું શીર્ષક સૂચવે છે તેમ 'No Exit' હવે ?

# ઇથરની વરાળથી શરૂ થયેલી એનેસ્થેસિયાની સફર આજે તબીબી વિજ્ઞાનની કરોડરજ્જુ

**સેલિબ્રેશન**
**ચિંતન બુચ**

ઓપરેશન થિયેટરમાં દર્દી આંખો બંધ કરીને સૂતો છે અને સર્જન તેના શરીર પર શસ્ત્રક્રિયા કરી રહ્યા છે. બહાર બેઠેલા પરિવારજનોના મનમાં એક જ પ્રાર્થના હોય છે... 'ઓપરેશન સફળતાપૂર્વક પૂરું થાય અને તેમનો સ્વજન હેમખેમ પાછો આવે'. પરંતુ આ દરમિયાન ઓપરેશન થિયેટરની અંદર એક એવા તબીબની નજર સતત દર્દી પર હોય છે, જે માત્ર તેને પીડાથી બચાવતો નથી, પરંતુ તેના શ્વાસ, હૃદયના ધબકારા, બ્લડપ્રેશર અને શરીરની અન્ય મહત્ત્વપૂર્ણ ક્રિયાઓ પર પણ નજર રાખે છે. આ તબીબ એટલે એનેસ્થેસિયોલોજિસ્ટ.

સામાન્ય રીતે લોકો માને છે કે એનેસ્થેસિયા એટલે દર્દીને બેભાન કરવાની દવા આપી દેવી. પરંતુ હકીકત એથી ઘણી વધારે ઊંડી અને રસપ્રદ છે. દર્દીને બેભાન કરવો એ એક તબીબી પ્રક્રિયાનો ભાગ છે, જ્યારે તેને સુરક્ષિત રાખવો એ સતત સતર્કતા, અનુભવ, જ્ઞાન અને સમયસર નિર્ણય લેવાની ક્ષમતાની કસોટી છે. સર્જનનું ધ્યાન ઓપરેશનની દરેક નાજુક હિલચાલ પર હોય છે, ત્યારે એનેસ્થેસિયોલોજિસ્ટ દર્દીનું શરીર સર્જરી અને દવાઓને કેવી રીતે પ્રતિસાદ આપે છે તેના પર નજર રાખે છે. દર્દી ભાનમાં ન હોય ત્યારે પણ તેની સુરક્ષા માટે આ તબીબની જાગૃતિમાં એક ક્ષણનો પણ વિરામ ન હોઈ શકે.

આજે હૃદયની જટિલ સર્જરીથી લઈને અંગ પ્રત્યારોપણ, અકસ્માતમાં ઘાયલ થયેલા દર્દીની સારવાર અને પ્રસૂતિ દરમિયાન પીડા ઘટાડવા સુધી એનેસ્થેસિયાની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની છે. પરંતુ એક સમય એવો હતો, જ્યારે સર્જરીનો અર્થ જ અસહ્ય પીડા સાથે જોડાયેલો હતો. આધુનિક એનેસ્થેસિયાની શોધે તબીબી વિજ્ઞાનને એવી દિશા આપી કે જેમાં દર્દીને પીડાથી રાહત આપીને જટિલ શસ્ત્રક્રિયાઓ કરવી શક્ય બની. આ પરિવર્તન માત્ર એક નવી દવાની શોધ નહોતું; તે માનવજાતને પીડામાંથી રાહત આપવાની દિશામાં એક ઐતિહાસિક પગલું હતું.

**૧૬ ઑક્ટોબર**
**વિશ્વ એનેસ્થેસિયા દિવસ**



આજથી લગભગ બે સદી પહેલાં સર્જરી કરાવવી એ દર્દી માટે હિંમતની કસોટી સમાન હતી. અસરકારક એનેસ્થેસિયાની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી સર્જનોએ શક્ય તેટલી ઝડપથી ઓપરેશન પૂરું કરવું પડતું. દર્દીને પકડી રાખવા માટે બીજા લોકોની મદદ લેવી પડતી અને પીડા ઓછી કરવા માટે દારૂ, અફીણ કે અન્ય પદાર્થોનો ઉપયોગ કરવાનો પ્રયાસ થતો. પરંતુ આ ઉપાયો પીડાને વિશ્વસનીય રીતે નિયંત્રિત કરી શકતા નહોતા. દર્દીની ચીસો, ગભરાટ અને શરીરની અનૈચ્છિક હિલચાલ વચ્ચે શસ્ત્રક્રિયા કરવી પડતી. જટિલ ઓપરેશનમાં સર્જનને પૂરતો સમય મળવો પણ મુશ્કેલ બનતો. આવી સ્થિતિમાં એક સવાલ તબીબી જગતને સતત સતાવતો હતો- શું દર્દીને અસહ્ય પીડાથી બચાવીને પણ શસ્ત્રક્રિયા કરી શકાય?

આ સવાલનો જવાબ શોધવાના પ્રયાસો અનેક તબીબોએ કર્યા. આ સફરમાં ૧૬ ઑક્ટોબર, ૧૮૪૬નો દિવસ ઈતિહાસમાં યાદગાર બની ગયો. અમેરિકાના બોસ્ટન શહેરની મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ડેન્ટલ સર્જન વિલિયમ થોમસ ગ્રીન મોર્ટને ઈથરની વરાળ દ્વારા એનેસ્થેસિયા આપવાનું જાહેર નિદર્શન કર્યું. સર્જન ડૉ. જૉન કોલિન્સ વૉરેન ગિલ્બર્ટ એડવર્ડ એબોટ નામના દર્દીની ગરદન પાસેની જન્મજાત રક્તવાહિની અને લસિકાતંત્ર સંબંધિત બીમારીની શસ્ત્રક્રિયા કરી રહ્યા હતા. ઈથરની મદદથી દર્દીને પીડાની અનુભૂતિથી રાહત આપવાનો આ પ્રયોગ તબીબી જગતમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયો. આ ઐતિહાસિક ઘટનાની યાદમાં દર વર્ષે ૧૬ ઑક્ટોબરે વિશ્વ એનેસ્થેસિયા દિવસ ઉજવવામાં આવે છે.

પરંતુ એનેસ્થેસિયાના ઈતિહાસની કહાની માત્ર મોર્ટનથી શરૂ થતી નથી. અમેરિકાના ડૉ. ક્રોફર્ડ વિલિયમ લોંગે ૧૮૪૨માં ઈથરનો ઉપયોગ કરીને શસ્ત્રક્રિયા કરી હતી, જ્યારે ડેન્ટલ સર્જન હોરેસ વેલ્સે નાઈટ્રસ ઑક્સાઈડના ઉપયોગ દ્વારા પીડા ઘટાડવાના પ્રયોગો કર્યા હતા. આમ, એનેસ્થેસિયાની શોધનો શ્રેય એક જ વ્યક્તિને આપવો યોગ્ય નથી. મોર્ટનના જાહેર નિદર્શનથી આ પદ્ધતિને વ્યાપક ઓળખ મળી અને તબીબી જગતમાં તેનો પ્રસાર ઝડપી બન્યો. ત્યાર બાદ અનેક તબીબો અને વૈજ્ઞાનિકોએ એનેસ્થેસિયાની દવાઓ, તેને આપવાની પદ્ધતિઓ અને દર્દીની સુરક્ષા માટેનાં સાધનો વિકસાવવામાં યોગદાન આપ્યું.

ત્યારે વપરાતું ઈથર આજે ઈતિહાસનો ભાગ બની ગયું છે, પરંતુ તે સમયની દ્રષ્ટિએ તે ક્રાંતિકારી સાબિત થયું હતું. ઈથર એક ઝડપથી બાષ્પીભવન પામતું અને અત્યંત જ્વલનશીલ રાસાયણિક પ્રવાહી છે. તેની વરાળ શ્વાસ દ્વારા શરીરમાં પહોંચે ત્યારે મગજ અને ચેતાતંત્ર પર અસર કરે છે. યોગ્ય નિયંત્રણ હેઠળ તેનો ઉપયોગ દર્દીને એનેસ્થેસિયા આપવા માટે થતો હતો. જોકે, તેની

**ઓપરેશન થિયેટરમાં મશીનોની મદદ જેટલી મહત્ત્વપૂર્ણ છે, એટલી જ મહત્ત્વપૂર્ણ છે એનેસ્થેસિયાના નિષ્ણાતની સમજ, તાલીમ અને સતર્કતા**

જ્વલનશીલતા અને દર્દીના શ્વાસ તથા ચેતનાની સ્થિતિ પર દેખરેખ રાખવાની મુશ્કેલીઓને કારણે તેનો ઉપયોગ જોખમમુક્ત નહોતો. આજે એનેસ્થેસિયાના નિષ્ણાતો વધુ અદ્યતન દવાઓ, નિયંત્રિત ઉપકરણો અને સતત મોનિટરિંગની મદદથી દર્દીની સુરક્ષા જાળવવાનો પ્રયાસ કરે છે.

એનેસ્થેસિયા વિશેની બીજી એક મહત્ત્વપૂર્ણ વાત એ છે કે દરેક દર્દીને સંપૂર્ણપણે બેભાન કરવાની જરૂર હોતી નથી.

|| અનુસંધાન પાના નં.૦૮ પર

# ઇન્ડોક્ટ્રિનેશન : મતારોપણ

**શબ્દસંહિતા**
**પરેશ વ્યાસ**

गिला है मुझे मकतब* के मुल्लों से इक़बाल,
कि शाहबाज़** के बच्चों को सिखाते हैं ख़ाक–बाज़ी!
– अल्लामा इक़बाल
*मदरेसा **बाज

'સારે જહાં સે અચ્છા હિંદોસ્તાં હમારા..'-નાં સર્જક ફિલસૂફ અલ્લામા ઈકબાલનું પુસ્તક છે - બાલ-એ-જિબ્રીલ. 'બાલ' એટલે પીછું/પાંખ અને ઈસ્લામિક માન્યતા અનુસાર 'જિબ્રીલ' એટલે એ દેવદૂત જે પૃથ્વી પર જ્ઞાન લાવે છે. ઈકબાલ લખે છે કે આ મદરસાનાં મુલ્લાઓ સામે મારી ફરિયાદ છે કે જેઓએ જ્ઞાનની ઊડાન ભરવાની છે, એ બાજનાં બચ્ચાઓને ધૂળબાજી(કટ્ટરપંથી વિચારો)થી ભરી દેવાય છે. 'ફ્લાય દુબઈ' વિમાન ઘટના બાદ, બીબીસી અનુસાર, ઈઝરાયલનાં પ્રધાનમંત્રીએ કહ્યું કે હૂમલાખોરનું 'રેડિકલ ઈસ્લામિસ્ટ ઈન્ડોક્ટ્રિનેશન' થયું હતું. 'રેડિકલ' એટલે કટ્ટરપંથી, 'ઈસ્લામિસ્ટ' એટલે ઈસ્લામવાદી અને ઈન્ડોક્ટ્રિનેશન(Indoctrination) એટલે...

ઈન્ડોક્ટ્રિનેશન શબ્દનાં મૂળમાં બે લેટિન શબ્દ છે. ઈન+દોસેરે. 'ઈન' એટલે અંદર અને 'દોસેરે' એટલે શીખવવું, જ્ઞાન આપવું. દોસેરે શબ્દ પરથી આવેલો શબ્દ 'ડૉક્ટર' એટલે મહાન શિક્ષક. 'ડોક્યુમેન્ટ' શબ્દનું મૂળ પણ દોસેરે છે. ઈન્ડોક્ટ્રિનેશન શબ્દ સને ૧૬૨૦માં ઈંગ્લિશ ભાષામાં દાખલ થયો ત્યારે એનો અર્થ 'ભણાવવું' કે 'દીક્ષા આપવી' જ થતો હતો. પણ પછીથી આ શબ્દનો અર્થ નકારાત્મક થઈ ગયો. હવે આર્વાચીન અર્થ છે : કોઈના મગજમાં એક ચોક્કસ કટ્ટર વિચારધારા એવી રીતે ભરી દેવાય કે તેની પોતાની વિચારવાની શક્તિ જ ખતમ થઈ જાય. આ મતચોરી નથી, મતારોપણ છે. ફ્લાય દુબઈ-ની ફ્લાઈટ એફઝેડ૧૭૦૩નાં પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદૂરીની ગાથા જેટલી ગવાય એટલે ઓછી છે. પણ આજે આપણે કો-પાયલોટ હમમ અલહમ્મામીની વાત કરવાની છે. અટક 'અલહમ્મામી' ફેમિલી બિઝનેસ પરથી આવી છે. હમામ એટલે 'સ્પા'. પણ એનું નામ છે હમમ. 'હમમ' એટલે કબૂતર. નિર્દોષ, ભોળું પક્ષી, શાંતિનું દૂત. ઓમાન દેશમાં ઉછેર પણ પછી ગયું સીરિયા અને ત્યાં એનું રેડિકલ ઈસ્લામિસ્ટ ઈન્ડોક્ટ્રિનેશન થઈ ગયું. ધર્મઝનૂનીઓએ એને એવું ઝનૂની બાજ બનાવી દીધું કે એણે પોતાની ફ્લાઈટને જ આંતકવાદનું હથિયાર બનાવી દેવાનું આયોજન કર્યું. આ ઈન્ડોક્ટ્રિનેશનમાં એવું તે શું થાય છે?



ગુજરાતી લેક્સિકન અનુસાર 'ઈન્ડોક્ટ્રિનેશન' એટલે 'વિશિષ્ટ સિદ્ધાંતનું શિક્ષણ આપવું તે અથવા કોઈ સવિશેષ સિદ્ધાંતવાદ વગેરેની મનમાં ઠસામણી કરવી તે'. ટૂંકમાં, આંખે પાટા બાંધવાથી લઈને કાન ભંભેરવા અને મગજનું ઘડામણ કરવું તે. 'બ્રેઈનવૉશિંગ' શબ્દ આપણે સાંભળીએ છીએ. ભૂરકી છાંટીને કોઈએ કંઈ એવું કરી નાંખ્યું કે એને બીજું કાંઈ સૂઝતું જ નથી. બ્રેઈનવૉશિંગ અને ઈન્ડોક્ટ્રિનેશન વચ્ચે તફાવત એ છે કે ઈન્ડોક્ટ્રિનેશન ધીમી અને માનસિક સ્તરે મજબૂત રીતે સ્વીકાર કરાવવાની પ્રક્રિયા છે, જ્યારે બ્રેઈનવૉશિંગ એ તાત્કાલિક, આક્રમક અને બળજબરીપૂર્વકની પ્રક્રિયા છે. ઈન્ડોક્ટ્રિનેશનમાં શિક્ષણ, પુનરાવર્તન અને સામાજિક પ્રભાવ દ્વારા લાંબા ગાળે વિચારો બદલવાની વાત હોય છે. આમાં કોઈ દેખીતી શારીરિક હિંસા કે જેલ જેવી સ્થિતિ હોતી નથી. વ્યક્તિ સ્વેચ્છાએ તે સ્વીકારે છે. પ્રક્રિયા ધીમી છે પણ છે મજબૂત અને એ શાળાઓ, રાજકીય પક્ષો, ધાર્મિક સંસ્થાઓ અથવા સોશિયલ મીડિયા પર જોવા મળે છે. અહીં મનની સ્થિતિ... એમ કે વ્યક્તિને એમ જ લાગે છે કે પોતે પોતાના મનથી આવું વિચારી રહી છે, કોઈ દબાણ નથી. બીજા તે બધા મનનાં તરંગ છે, એક આ જ વાત સાચી! હકીકતમાં તેના મગજમાં આ વાત બહારથી ખૂબ જ ચતુરાઈપૂર્વક પ્લાન્ટ કરવામાં આવી હોય છે.

સાંપ્રત સમયમાં સોશિયલ મીડિયા, ફેક ન્યૂઝ અને રાજકીય પ્રોપગેન્ડા દ્વારા ઈન્ડોક્ટ્રિનેશન થાય છે. ઈન્ડોક્ટ્રિનેશન ભાવનાત્મક હેકિંગ છે. મારા ગુસ્સા, ડર, નફરત અથવા અતિશય ગર્વનું કન્ડિશનિંગ થાય એટલે મારી પ્રશ્નો પૂછવાની આદત મરી પરવારે. હું પૂછું જ નહીં કે પુરાવા શું છે? શું આની પાછળ કોઈ છૂપો એજન્ડા છે? ના રે ના.. આમ મારી ઉપર કોઈ બળજબરી તો નથી પણ હું જ હોંશે હોંશે આ-બૈલ-મુઝે-માર કહી દઉં છું. અલ્ગોરિધમનો મુખ્ય હેતુ મને સ્ક્રીન પર વધુમાં વધુ સમય રોકી રાખવાનો છે. મારી લાઈક પરથી અલ્ગોરિધમ મને ઓળખી જાય પછી માત્ર ને માત્ર એ જ વિચારધારાના વિડીયો, પોસ્ટ અને ન્યૂઝ આવવા લાગે 'ને મને લાગે કે આખી દુનિયા આવું જ વિચારે છે. હજારો લોકોએ એક સરખી જ કોમેન્ટ્સ કરી હોય અને એટલે મને લાગે કે બધા લોકો આ વાતથી સહમત છે. આ ઈકો ચેમ્બર છે. મારા જ અવાજનો પડઘો. કોઈ વિરુદ્ધ વિચારધારાનો સારો મુદ્દો હોય તો પણ આ અલ્ગોરિધમ એને મારા સુધી પહોંચવા જ દેતો નથી. સિક્કાની એક જ બાજુ મને દેખાતી રહે છે. અને ધીમે ધીમે અતિઉગ્ર, કટ્ટર, ભડકાઉ કન્ટેન્ટ આવતું જાય. મનોરંજન માટે રીલ્સ જોતાં જોતાં હું થોડા મહિનામાં એ ચોક્કસ મુદ્દા પર કટ્ટર બની જાઉં..

**મારી લાઇક પરથી અલ્ગોરિધમ મને ઓળખી જાય પછી માત્ર ને માત્ર એ જ વિચારધારાના વિડીયો, પોસ્ટ અને ન્યૂઝ આવવા લાગે**

આતંકવાદીઓ એવા યુવાનોને નિશાન બનાવે છે જેઓ અંગત જીવનમાં નિરાશ હોય, સમાજથી અલગ પડી ગયા હોય અથવા વંશીય કે ધાર્મિક અન્યાયનો ભોગ બન્યા હોય. આવા યુવાનોને પોતાના પરિવાર, જૂના મિત્રો અને સામાન્ય સમાજથી દૂર કરી દેવામાં આવે, જેથી તે માત્ર સંગઠનના કટ્ટર વિચારો જ સાંભળે અને કોઈ પ્રશ્ન ન ઉઠાવે. જે દેશ પર આતંકવાદી હૂમલો કરવાનો હોય એ દેશ રાક્ષસનો દેશ છે અને એને નેસ્તનાબૂત કરવો આપણો ધર્મ છે, એવું ઠસાવી દેવાય. અને યુવાનો માની ય લેય કે નિર્દોષ લોકો પર હિંસા કરવી, એ ગુનો નથી; પોતાના ધર્મ કે સમાજની રક્ષા માટે આ પગલું જરૂરી છે. અને શહાદત મળે તો જન્નતમાં હૂર મળશે! પછી એને લોન્ચ કરવામાં આવે અને એ પૈકી કોઈ એક ફ્લાય દુબઈનો કો-પાયલોટ બની જાય!

**શબ્દશેષ**

**'આ માનસિક ગુલામી (વિચારોનું થોપાવું) એટલી ઊંડી છે કે શિક્ષિત લોકોને પણ લાગે છે કે તેઓ તટસ્થ રીતે વિચારી રહ્યા છે.'**
**- નોઆમ ચોમ્સ્કી**

### પડછાયો

'o, wood cutter,
cut my shadow.*
હિન્દુ બનું
બુધ્ધ બનું
મુસલમાન બનું
આ પડછાયો કપાતો નથી,
મારાથી.
કુલડી ગઈ
સાવરણી ગઈ
આ પડછાયો છૂટતો નથી
મારાથી.
નામ બદલું
કામ બદલું
ઠામ બદલું
જાત બદલું
આ પડછાયો છૂટતો નથી.
ભાષા બદલું
વેશ બદલું
ઈતિહાસ બદલું
આ પડછાયો છૂટતો નથી.
સ્મૃતિ રચું
બંધારણ રચું
કાયદા કરું
થાપણ બનું
કોઈ કાળે આ પડછાયો ભૂંસાતો
નથી.
'o, wood cutter,
cut my shadow."
- પ્રવીણ ગઢવી
(* સ્પેનિશ કવિ લોરકાની પંક્તિ)

# ઓ કઠિયારા! કાપ તું મારા પડછાયાને...

**શબ્દ સૂરને મેળે**
**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

તમે તમારાથી કદી છૂટી શકો ખરા ? કદાચ કોઈનાથી પણ છૂટી જવું સાવ સહેલું હોઈ શકે, પણ આપણે આપણી જાતથી કદી છૂટી નથી શકતા. ક્યારેક ડરપોક કે કાયર માણસ જીંદગીથી કંટાળીને આપઘાત કરવાનો કે મરવાનો વિચાર કરે છે પરંતુ મૃત્યુ એ ઉકેલ નથી. અમૃત ઘાયલનો એક શેર આ સંદર્ભે જોઈએ.

તને કોણે કહી દીધું મરણની બાદ મુક્તિ છે !

રહે છે કેદ એની એ ફક્ત દીવાલ બદલે છે.

મરણ બાદ મુક્તિ નથી. કર્મ પીછો છોડતો જ નથી. માત્ર શરીરની દીવાલો બદલાય છે. નવો દેહ, નવી દીવાલો મળે છે પરંતુ કેદ તો એની એ જ હોય છે. ત્યારે આ કર્મથી કઈ રીતે છૂટવું ? પ્રવીણ ગઢવીની કવિતા સાવ સીધી-સરળ છે. સ્પેનિશ કવિ લોરકાની પંક્તિ પ્રેરણારૂપ બની છે. અને સમગ્ર કવિતામાં વાત એક જ કહેવામાં આવી છે કે આ પડછાયાનું શું કરવું ? પડછાયો કપાતો નથી, પડછાયો છૂટતો નથી, પડછાયો તૂટતો નથી, પડછાયો ભૂંસાતો નથી. અને આથી છેવટે થાકીને કવિ આરંભમાં મૂકેલી પંક્તિઓ ફરી અંતે મૂકે છે અને કહે છે કે ઓ કઠિયારા, તું મારો આ પડછાયો કાપ. મારા પડછાયાને વ્હેરી નાંખ. મારે મારા પડછાયાથી છૂટવું છે.

પડછાયાથી છૂટવું સહેલું નથી. તમે હિંદુ બનો, મુસલમાન બનો કે પછી બૌધ્ધ ધર્મ અંગિકાર કરો એનાથી પડછાયાને કાપી શકાતો નથી. એટલે કે પડછાયાને ધર્મ સાથે સંબંધ નથી. કૂલડી અને સાવરણીની પરંપરા વિદાયલઈ ગઈ તો પણ પડછાયો છૂટતો નથી. અર્થાત્ પડછાયાને પરંપરા સાથે સંબંધ નથી. તમે નામ બદલી નાંખો, તમારું કામ બદલી નાંખો, તમારા રહેવાના સ્થળ બદલી નાંખો, તમારી જાત અને અટક બદલી નાંખો તો પણ પડછાયાથી છૂટી નથી શકતા. અર્થાત્ પડછાયાને નામ, કામ, ઠામ કે જાત સાથે પણ સંબંધ નથી.




તમે તમારી ભાષા બદલી નાંખો, ભારતને બદલે પરદેશ રહેવા ચાલ્યાજાવ, વેશ બદલી નાંખો અરે ઈતિહાસ પણ ધારો એમ નવેસરથી લખાવી લો છતાંય પડછાયો જરાય તૂટતો નથી. નવેસરથી શાસ્ત્રો રચો, દેશનું બંધારણ નવું બનાવો, નવા કાયદાઓ કરો છતાં કોઈ કાળે, કોઈ પમ રીતે તમે તમારા પડછાયાથી છૂટા પડી શકતા નથી. તમારા પડછાયાને ભૂંસી શકતા નથી. આ કયો પડછાયો છે, પાપનો ? કર્મનો ? મનનો ? આત્માનો ? ભાગ્યનો ? વિચારોનો ? નામ ગમે તે આપીએ આપણે બ્હારની કોઈ પણ વસ્તુથી પડછાયાને બદલી શકતા નથી.

કર્મ સારા હોય કે ખરાબ એનો પડછાયો પડે જ છે. પડછાયાની એ વિશેષતા છે કે એ હંમેશા કાળો જ હોય છે. લાલ, પીળા કે બીજા કોઈ રંગના પડછાયા હોતા નથી. જ્યાં સુધી મન છે ત્યાં સુધી વિચારો અને કર્મો છે. અને જ્યાં સુધી મનનું રૂપાંતર નથી થતું ત્યાં સુધી મન દરેક

**મરણ બાદ મુક્તિ નથી. કર્મ પીછો છોડતો જ નથી**

જગ્યાએ તેની પ્રતિછાયા તેનો પડછાયો જોયા કરે છે.

**અહમદ મકરાણીનો એક શેર છે.**
**ભાગ્યરેખાને સુધારે તો જુઓ,**
**આયના પર હાથ મારી તો જુઓ.**

આયના ઉપર, કાચ ઉપર હાથ મારવો એ એટલું પીડાદાયક નથી હોતું, પરંતુ ભાગ્યને સુધારવું એ એથીય અનેક ગણું પીડાદાયક અને અશક્ય છે. વૃક્ષો કાપનારને કઠિયારો કહે છે. કઠિયારાને માટે આખું જંગલ કાપી શકવું સહેલું હોઈ શકે પરંતુ પોતાના ભાગ્યને કાપવું, પોતાના દુ:ખને અને કર્મને કાપવું સહેલું તો નથી જ. પડછાયો કવિતામાં અનેક રૂપે આવેલો છે. પડછાયા ઉપર લખાયેલી ગઝલ જોઈએ.

જીવનમાં ના કદી છૂટ્ટો પડ્યો પળવાર પડછાયો,
બધા સુખદુ:ખ મહીં હમ્મેશ હારોહાર પડછાયો.
કદી લાંબો કદી ટૂંકો ધરે આકાર પડછાયો,
રહ્યો એ બ્હારથી અંદરનો હિસ્સેદાર પડછાયો.
ઝબોળ્યો મ્હેંકમાં ને રંગમાં કૈંવાર પડછાયો,
છતાં ના થૈ શક્યો રંગીન ખૂશ્બુદાર પડછાયો.
હતો એ વ્હેમ રાતે એ જતો સંતાઈ મારાથી,
હકીકતમાં બની જાતો હતો અંધાર પડછાયો.
કહે છે દેવને મિસ્કીન પડછાયા નથી પડતા,
રહે છે માનવીમાં મન રૂપે હુંકાર પડછાયો.

---



# કઈ લડાઈ લડવી અને કઈ છોડવી?

**વેદના-સંવેદના**
**મૃગેશ વૈષ્ણવ**

જીવન એક લાંબી સફર છે અને આ સફરમાં લડાઈનું સ્વરૂપ ઉંમર સાથે બદલાતું રહે છે. બાળક માટે પોતાની મર્યાદા અને ઓળખ ઊભી કરવાની લડાઈ હોઈ શકે. કિશોર માટે મિત્રો વચ્ચે સ્વીકાર મેળવવાની, પોતાની ઓળખ શોધવાની કે અભ્યાસમાં નિષ્ફળતા સામે ઊભા રહેવાની લડાઈ હોઈ શકે. યુવાન માટે પ્રેમ, કારકિર્દી, સ્પર્ધા, બેરોજગારી કે પોતાના સપનાની લડાઈ હોઈ શકે. મધ્યવયે સંબંધો, જવાબદારીઓ, પૈસા, સંતાનો, કારકિર્દી અને પોતાની અધૂરી ઈચ્છાઓ વચ્ચે સંતુલન જાળવવાની લડાઈ હોય. વૃદ્ધાવસ્થામાં સ્વાસ્થ્ય, એકલતા, બદલાતી ભૂમિકા અને સ્વમાન જાળવવાનો સંઘર્ષ હોઈ શકે.

ઉંમર બદલાય છે, મેદાન બદલાય છે, સામેની વ્યક્તિ બદલાય છે, પરંતુ જીવનમાં સંઘર્ષ પૂરો થતો નથી. અને દરેક લડાઈ બહારની વ્યક્તિ સામે હોય એવું પણ નથી. જીવનની કેટલીક સૌથી મુશ્કેલ લડાઈઓ પોતાના મનની અંદર લડાતી હોય છે. ડર સામે. નિરાશા સામે. નિષ્ફળતાની યાદ સામે. પોતાની જાત વિશે ઊભી થયેલી શંકા સામે. કોઈને ગુમાવ્યાના દુ:ખ સામે. અને ક્યારેક વારંવાર મનમાં આવતી એ લાગણી સામે કે, 'હવે મારાથી નહીં થાય.'

એટલે જ લડતાં પહેલાં નક્કી કરો કે આ લડાઈ ખરેખર લડવા જેવી છે? કારણ જીવનમાં આપણું ઘણું દુ:ખ એટલા માટે નથી કે આપણે લડતા નથી. ઘણી વાર દુ:ખ એ માટે ઊભું થાય છે કે આપણે ખોટી જગ્યાએ લડતા રહીએ છીએ. કોઈએ આપણું કહ્યું ન માન્યું એટલે લડવું. કોઈએ ટીકા કરી એટલે લડવું. સંબંધમાં દરેક વખતે છેલ્લો શબ્દ આપણો જ હોવો જોઈએ. ઓફિસમાં દરેક મતભેદને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દેવો. આ લડાઈ નથી; ઘણી વાર આ માત્ર અહંકારની પ્રતિક્રિયા છે.

**જીવનમાં જીતવાની કળા કરતાં કઈ લડાઈ લડવી એ પસંદ કરવાની કળા વધારે મહત્ત્વની છે**

એટલે જ કોઈ પણ સંઘર્ષમાં ઊતરતાં પહેલાં પોતાની જાતને ત્રણ સવાલ પૂછવા જોઈએ-

જે માટે હું લડવા જઈ રહ્યો છું એ પાંચ વર્ષ પછી પણ મને એટલું જ મહત્ત્વનું લાગશે?

હું કોઈ મૂલ્ય માટે ઊભો છું કે માત્ર મારું ધાર્યું ન થયું એટલે વિરોધ કરી રહ્યો છું?

આ લડાઈની કિંમત ચૂકવવી પડે તો પણ શું મને લાગશે કે હું સાચી બાબત માટે ઊભો રહ્યો હતો?

આ ત્રણ પ્રશ્નોના જવાબ ઘણી બિનજરૂરી લડાઈઓ શરૂ થતાં પહેલાં જ પૂરી કરી શકે છે. એક વાર યોગ્ય લડાઈ પસંદ કરો તો મુશ્કેલીથી ડરીને પાછા ન ફરો. લડાઈ શરૂ કરવી સહેલી છે. પરંતુ પ્રથમ ઘા પછી પણ ઊભા રહેવું અઘરું છે. જીવનમાં ઘણી વ્યક્તિ ઉત્સાહથી કોઈ નિર્ણય લે છે. શરૂઆતમાં ખૂબ આત્મવિશ્વાસ હોય છે. પરંતુ થોડો વિરોધ થાય, બે નિષ્ફળતા મળે, નજીકની વ્યક્તિ સાથ છોડી દે કે પરિણામ મોડું આવે એટલે મન કહે, 'છોડ, હવે નથી કરવું.' પરંતુ દરેક મુશ્કેલી એ સંકેત નથી કે રસ્તો ખોટો છે.

સાચી લડાઈ પસંદ કર્યા પછી મક્કમતા જરૂરી છે. એ મક્કમતા શરૂઆતથી જ હોય એવું જરૂરી નથી. માણસ લડતાં લડતાં પણ મજબૂત બને છે. પહેલા દિવસે જે ઘાથી આંખમાં પાણી આવે છે, એ જ પ્રકારનો ઘા થોડા સમય પછી માણસને માત્ર થોડી ક્ષણ માટે અટકાવે છે. સંઘર્ષ માણસને ઘાયલ કરે છે, પરંતુ એ જ સંઘર્ષ ઘણી વાર તેને ઘડતો પણ જાય છે.

ઝૂકવું અને શરણાગતિ સ્વીકારવી એક નથી. જીવનમાં નમવું પડે છે. પ્રેમમાં નમવું પડે. સંબંધમાં નમવું પડે. ક્યારેક પરિવાર માટે, ક્યારેક મિત્ર માટે, ક્યારેક સંસ્થાના હિત માટે પોતાનો આગ્રહ છોડવો પડે. એ નબળાઈ નથી. પરંતુ ડરને કારણે પોતાના અધિકાર, સત્ય, મૂલ્ય કે આત્મસન્માનનો ત્યાગ કરી દેવો એ જુદી વાત છે.

સમાધાન અને શરણાગતિ વચ્ચે એક બારીક રેખા છે. સમાધાનમાં બંને તરફથી કંઈક છોડવામાં આવે છે. શરણાગતિમાં તમે ધીમે ધીમે તમારી જાતને છોડતા જાઓ છો. દરેક વખતે 'જવા દો' કહીને અન્યાય સહન કરતા રહીએ અને પછી વર્ષો પછી ફરિયાદ કરીએ કે કોઈ આપણું માન રાખતું નથી. જોકે બીજા લોકો આપણને કેટલું માન આપે છે એ સંપૂર્ણપણે આપણા હાથમાં નથી. પરંતુ અપમાનની કઈ હદ સુધી મંજૂરી આપવી એ ઘણી વાર આપણા હાથમાં હોય છે.

જીવન માત્ર સલામત રહેવાનું નામ નથી. આપણે જીવનની સફળતા ઘણી વાર પૈસાથી માપીએ છીએ. સારું ઘર છે. નોકરી સારી છે. પરિવાર છે. શરીર સ્વસ્થ છે. બેંક બેલેન્સ છે. તો પછી બધું સારું હોવું જોઈએ. પણ માણસ માત્ર આર્થિક પ્રાણી નથી. માણસને અર્થ જોઈએ છે. ઓળખ જોઈએ છે. પ્રેમ જોઈએ છે. સ્વીકાર જોઈએ છે. સ્વતંત્રતા જોઈએ છે. અને સૌથી મહત્ત્વનું, પોતાની નજરમાં પોતાનું માન જોઈએ છે.

મન ન માનતું હોય છતાં માત્ર ડરથી કોઈ સંબંધમાં રહેવું. અન્યાય થાય છતાં નોકરી જશે એ ડરથી સતત ચૂપ રહેવું. લોકો શું કહેશે એ વિચારીને પોતાનું સપનું દાટી દેવું. એક નિષ્ફળતા પછી પોતાને નકામા માની લેવું. આ બધું બહારથી સલામત જીવન દેખાઈ શકે છે, પરંતુ અંદરથી માણસની જીવંતતા ઓછી થતી જાય છે. સુરક્ષિત રહેવું અને જીવંત રહેવું એક જ વાત નથી. યાદ રાખો 'હવે મારાથી નહીં થાય' એ વિચાર પછી પણ થોડો રસ્તો બાકી હોય છે. દરેક માણસના જીવનમાં એક ક્ષણ આવે છે જ્યારે તેને લાગે છે, બસ, હવે બહુ થયું. મારી શક્તિ અહીં પૂરી થઈ. પરંતુ મનુષ્યની એક અદ્ભુત વિશેષતા છે, તેની અનુકૂલન કરવાની અને ફરી ઊભા થવાની ક્ષમતા.

આનો અર્થ એવો નથી કે મન અને શરીરની કોઈ મર્યાદા જ નથી. શરીરને આરામ જોઈએ છે. મનને પણ આરામ જોઈએ છે. પરંતુ થાકને હાર સમજી લેવાની જરૂર નથી. વિરામ લેવો એટલે મેદાન છોડવું નહીં. ક્યારેક બે ડગલાં આગળ વધવા માટે એક ક્ષણ

॥ અનુસંધાન પાના નં.૦૮ પર

---

# શરીરસુખની ભૂખ ભયંકર મોંઘી પડી....

**ટોપ્સીટર્વી**
**અજિત પોપટ**

એ બધી રીતે સંપન્ન હતી. કરોડો રૂપિયાની માલકણ હતી. એના ગેરેજમાં વિશ્વની શ્રેષ્ઠ મોટરો પડી હતી. નોકરચાકર હતા. હવા ઉજાસથી ભરપુર બંગલો હતો. બંગલાની ચોતરફ હરિયાળું ગાર્ડન હતું. મેરિયન ફ્લીપો એ મહિલાનું નામ. આપણે એને મેરી કહીશું. એને કશાયની કમી નહોતી. પણ રોજ સાંજ પડે ત્યારે એનું શરીર ભૂખ્યું ડાંસ થઇ જતું. એના રોમે રોમમાં જાતીય સુખની ભૂખ ભડકા લેવા માંડતી. એ રાત્રે ઊંઘી શકતી નહોતી. રેશમી ગાદલા- તકિયા એને નિદ્રા આપી શકતાં નહોતાં. જો કે એ ઉંમરમાં સાવ નાની પણ નહોતી. લગભગ પચાસની આસપાસ પહોંચવા આવેલી. પણ શરીર સતત કશુંક માગતું રહેતું. વાત અમેરિકાના મેનહટ્ટન રાજ્યની છે.

દુનિયાભરનાં બાળકો અને ટીનેજર્સને જે વિડિયો ગેમ્સનું જાણે વ્યસન થઇ પડ્યું છે. માતાપિતા ગમે તેટલું સમજાવે પણ આજનાં ટીનેજર્સ વિડિયો ગેમ્સ વિના રહી શકતા નથી. એવી ડઝનબંધ વિડિયો ગેમ્સમાં રોબ્લોક્સ નામની પણ એક વિડિયો ગેમ છે. મેરિયનના પતિ શાડ ફ્લીપોએ આ ગેમ શોધેલી. એના દ્વારા એ મબલખ કમાયો. પણ એ સંપત્તિ ભોગવવાનું એના ભાગ્યમાં નહોતું. એ પહેલા જ હાર્ટ અટેકમાં મરણ પામ્યો. આ દંપતીને કોઇ સંતાન નહોતું. કદાચ એટલે જ મેરિયન એકાંત સહી શકતી નહોતી.



આખરે એક દિવસ એણે હિંમત કરીને પોતાની એક ફ્રેન્ડને વાત કરી. એ ફ્રેન્ડ વીમેન્સ ક્લબમાં એની પાર્ટનર હતી. એ ફ્રેન્ડે એને એક ટેલિફોન નંબર આપ્યો. કાઉબૉય ફોર એન્જલ્સ નામની સંસ્થાનો આ નંબર હતો. આ સંસ્થા એકલવાયી શ્રીમંત મહિલાઓને હેન્ડસમ યુવાનો પૂરા પાડતી. આ યુવાનો ખરેખર તો ગીગોલો અર્થાત્ પુરુષ વેશ્યા હતા. શ્રીમંત મહિલાઓને જોઇતી સેવા પૂરી પાડીને એ યુવાનો મોં માગી કિંમત વસૂલ કરતા. આ ફોન નંબર મળતાં મેરી ઉત્તેજિત થઇ ગઇ. ક્લબમાંથી બંગલે પાછાં ફરી. ડિનર લીધું પછી નોકરોને એમના ક્વાર્ટરમાં મોકલી દીધા. ત્યારબાદ કાઉબૉય ફોર એન્જલ્સમાં ફોન કર્યો.

બીજે દિવસે સવારે એને એક ફોન આવ્યો. બોલનાર યુવાનનો કંઠ ખરજનો ઘુંટાયેલો ઘેઘુર કંઠ હતો. એ કંઠમાં એક પ્રકારનું વશીકરણ હતું. મેરીએ એને એક પબ્લિક ગાર્ડનમાં મળવા બોલાવ્યો. એને જોતાંવેંત એ મોહી પડી. છ ફૂટ બે ઇંચની ઊંચાઇ, દરિયાનાં ઊછળતાં મોજાં જેવી આસમાની આંખો, આકર્ષક વ્યક્તિત્વ અને કસરતથી કસાયેલી કાયા. સંસ્થાએ એને આપેલું નામ ગ્રેગરી સ્ટાર. એનું સાચું નામ તો એ જ જાણે. મેરી એને પાગલની જેમ ચોંટી પડી. ગ્રેગરી સ્ટારે એને હળવેથી પોતાના શરીરથી અળગી કરી અને વિવેકસભર શબ્દોમાં કહ્યું કે આપણે જાહેર સ્થળે છીએ. કોઇ સારી હૉટલમાં જઇએ તો કેમ ?

પતિના અવસાન પછી મેરીએ હૉટલના સ્યૂટમાં પહેલીવાર સેક્સનું સુખ માણ્યું. ગ્રેગરીની નગ્ન કાયા જોઇને એ વધુ ઉશ્કેરાઇ ગઇ. ગ્રેગરી સિક્સ પેક શરીર ધરાવતો હતો. મેરીને ખૂબ સંતોષ થયો. એણે ગ્રેગરીને એક ઑફર આપી. કાઉબૉય ફોર એન્જલ્સ સાથે ગ્રેગરીના સહવાસ માટે એણે બે વર્ષનો કોન્ટ્રેક્ટ કર્યો. પછી તો જાણે મેરી બેફામ બની ગઇ. બંને લગભગ ચોવીસે કલાક સાથે રહેતાં થયાં. પિકનિક પર જતાં થયાં. નાટક-સિનેમા, પાર્ટી, વિદેશી ટુર્સ, એકમેકને ભેટસોગાદ આપવાની પ્રવૃત્તિ. મેરી ભૂલી ગઇ કે એ પુરુષ એક ગીગોલો છે. (ગીગોલો એટલે પુરુષ વેશ્યા).

ગ્રેગરી એની કમજોરી પારખી ગયો. એ ગમે ત્યારે મેરી પાસે

**શ્રીમંત મહિલાઓને જોઇતી સેવા પૂરી પાડીને એ યુવાનો મોં માગી કિંમત વસૂલ કરતા**

નાનીમોટી રકમ માગતો. મેરી ગ્રેગરીના પ્રેમમાં પાગલ હોય એમ એને છૂટથી પૈસા આપતી.

ગ્રેગરીએ મેરીના પૈસે એક ખાસ પ્લાસ્ટિક સર્જરી પણ કરાવી. મેરી એમ માનતી થઇ ગઇ કે હવે ગ્રેગરી મારા વિના નહીં રહી શકે. વાસ્તવમાં એ ભૂલી ગઇ કે એણે

॥ અનુસંધાન પાના નં.૦૮ પર

---

# બથુકમ્મા : 'મા જીવંત હો જાઓ'ની લાગણી વ્યક્ત કરતો અનોખો ઉત્સવ

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન જગદંબાની આરાધના સાથે ગરબા અને દાંડિયા રમવાની વિશિષ્ટ પરંપરા છે. શકિતની ભકિતના પર્વ દરમિયાન નવ દિવસ માતાજીના અલગ અલગ નવ સ્વરુપોની પૂજા થાય છે. ચોમાસાની લાંબી- ભેજવાળી ઋતુ વિદાય લે તેની સાથે જ જન જીવનમાં ઉત્સાહનો સંચાર જોવા મળે છે. રોગોની માતા ગણાતી શરદ ઋતુમાં પોતાના પ્રિયજનો સહિત સમગ્ર જીવ જગતનું કલ્યાણ ઈચ્છવામાં આવે છે. જીવનમાં સારુ થશે એવો આશાવાદ સૌને ભકિતમાં લીન કરી દે છે.

**મીડ વીક**
**હસમુખ ગજજર**

માટીના ઘડામાં જે દીવો પ્રગટાવવામાં આવે છે જે બ્રહ્માંડ અને આત્માના પ્રકાશનું પ્રતીક છે. આમ તો ભારતના મોટા ભાગના રાજયોમાં નવરાત્રિ પર્વમાં અખંડ દીવો, અનુષ્ઠાન અને પૂજા અર્ચનાનો મહિમા છે પરંતુ તેલંગાણા રાજયની મહિલાઓ નવ દિવસ બથુકમ્મા નામનો વિશિષ્ટ તહેવાર ઉજવે છે. બથુકમ્મા દેવી ગૌરીને સમર્પિત ઉત્સવ છે જેને પુષ્પ મહોત્સવ પણ કહેવામાં આવે છે. બથુકમ્માનો અર્થ 'દેવી મા જીવંત હો જાઓ કે જાગૃત થાવ' એવો છે' આ ભાવ જે દૈવી શકિત પ્રત્યેના ઉંડા સ્નેહને દર્શાવે છે એટલું જ નહી પ્રકૃતિ-પૂજાને દેવી ભકિત સાથે જોડવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ ઘરના આંગણામાં ગાયના ગોબરમાંથી નાના નાના ગોપુરમ તૈયાર કરીને ફૂલોથી સજાવે છે.

બથુકમ્મા સાથે અનેક પ્રકારની મૌખિક લોકકથાઓ જોડાયેલી છે. એક માન્યતા મુજબ દેવી ગૌરીએ મહિષાસુર નામના દૈત્યનો વધ કર્યા પછી ભીષણ યુધ્ધનો થાક ઉતારવા વિશ્રામ કર્યો હતો. આ દરમિયાન તેવો ગાંઢ નિદ્રામાં સરી પડતા દેવી માતાને જગાડવા માટે અનેક દિવસો સુધી પ્રાર્થના કરી હતી. કહેવાય છે કે દશમીના દિવસે દેવી નિદ્રામાંથી જાગ્યા તે દિનને સદ્દુલા બથુકમ્મા કહેવામાં આવે છે. દૈવીશકિત તો હંમેશા જાગ્રૃત જ હોય છે પરંતુ આમાં જીવનદાયિની માતાના સ્વરુપને સ્નેહપૂર્વક પોકારવાનો ભાવ સમાયેલો છે. બીજી એક કથા મુજબ ચોલ શાસક ધર્માગદ અને તેમની પત્ની સત્યવતી એક યુધ્ધમાં પોતાના ૧૦૦ પુત્રોને ગુમાવ્યા હતા. ત્યાર પછી બંનેએ દેવી લક્ષ્મી પાસે તેમના ઘરમાં પુત્રી તરીકે જન્મ લેવા પ્રાર્થના કરી હતી. કથા છે કે થોડાક દિવસમાં ઘરમાં પુત્રીનો જન્મ થયો હતો. કન્યાના જન્મ પછી દૂર દૂરથી સાધુ સંત રાજાના મહેલમાં પધાર્યા હતા અને રાજા કી બેટીને દેવી બથુકમ્મા કહી હતી. ત્યારથી આ ભૂભાગમાં પ્રત્યેક વર્ષ બથુકમ્માની પૂજા ધૂમ ધામથી થવા લાગી હતી. એક કથા અનુસાર કોઇ રાણીએ દેવી ગૌરીને સંતાન હેતું ગહન પ્રાર્થના કરી હતી તેથી તેજસ્વી પુત્રનો આશિર્વાદ મળ્યો હતો. ઐતિહાસિક રીતે કાકતીય રાજવંશે બથુકમ્માને સ્ત્રી શકિત અને કૃષિ સમૃધ્ધિના ઉત્સવ તરીકે મહત્વ આપ્યું હતું. નવ દિવસ સુધી દરેક સંધ્યાએ મહિલાઓ અને યુવતીઓ પોતાના ઘરના આંગણા અને ખુલ્લા સ્થાનોમાં એકત્ર થઇને તેંગેડુ, ગુનુકા અને ગેંદા જેવા મૌસમી ફૂલોને પીતળની થાળીમાં ગોળાકાર સ્તરે સજાવીને એક સુંદર શંકુ આકાર બનાવે છે જે મંદિરમાં ગોપુરમ જેવું પ્રતીત થાય છે. સામાન્ય રીતે તેમાં સાત સ્તર હોય છે. આ પુષ્પ રચનાને દેવી સ્વરુપ માનીને પૂજા કરવામાં આવે છે. ડિઝાઈન ઉપર હળદર, સિંદૂર અને નાના દીવા મુકવામાં આવે છે. મહિલાઓ પરંપરાગત પરિધાન પહેરીને બથુકમ્માની ચારે તરફ એકઠી થાય છે, પરંપરાગત લોક ગીતો ગાય છે અને સામૂહિક નૃત્ય કરે છે. મહિલાઓ તાળીઓ વગાડીને



**ભારતમાં નવરાત્રિ પર્વમાં અખંડ દીવો, અનુષ્ઠાન અને પૂજા અર્ચનાનો મહિમા છે. તેલંગાણાની મહિલાઓ નવ દિવસ બથુકમ્મા નામનો વિશિષ્ટ તહેવાર ઉજવે છે. દેવી ગૌરીને સમર્પિત ઉત્સવને પુષ્પ મહોત્સવ પણ કહેવામાં આવે છે**

પુષ્પોની સંરચનાની આસપાસ લયબધ્ધ રીતે ફરે ત્યારે ગરબાની ઝલક મળે છે. બથુકમ્માની પૂજા-આરાધનામાં શ્રધ્ધાપૂર્વક ભાગ લેવાથી યુવતીઓ મનગમતો જીવનસાથી અને વિવાહિત મહિલાઓ જીવનમાં સુખ અને સમૃધ્ધિની કામના વ્યકત કરે છે. બથુકમ્માના લોક ગીતો અને પ્રાર્થનાઓમાં સરેરાશ આ પ્રકારની લાગણીઓ પ્રગટ થતી રહે છે. લોક ગીતોની સામૂહિક અભિવ્યકિત સમુદાયના ગઠબંધનને વધારે મજબૂત બનાવે છે. ભકતજન બથુકમ્માને દેવીના પોષણ સ્વરુપ સાથે જોડવામાં આવે છે જે વર્ષા ઋતુમાં ધરતીનું પાલન પોષણ કરે છે ત્યાર પછી જ ખેતી પાકોને દેવીના આશિર્વાદ મળે છે. મૂળ કથા જે હોય તે પરંતુ આ પર્વ પેઢી દર પેઢી મહિલાઓ દ્વારા જીવંત રાખવામાં આવતી ભકિત બની ગયો છે.

ભાદરવાની અમાસથી શરુ થતો બથુકમ્મા ઉત્સવ દુર્ગાષ્ટમીએ અંતિમ પડાવે પહોંચે છે. ઠેર ઠેર ફૂલોથી સજેલા બથુકમ્માની શોભાયાત્રાઓ નિકળે છે. સાંજના સમયે નજીકના તળાવ,નદી કે જળાશયોમાં વિસર્જીત કરવામાં આવે છે. આ પરંપરાગત રીતમાં કંઇક અંશે ગણેશ મૂર્તિ વિસર્જનની ઝલક મળે છે. એ સમયે લોકોના ચહેરા પર લાગણી ભીની પ્રસન્નતા અને દિવ્ય માતૃશકિતની વિદાયનો વિરહ મિશ્રિત હર્ષ જોવા મળે છે. બથુકમ્મા એક અનુષ્ઠાનથી આગળ વધીને એકત્ર મહિલાઓમાં દેવી સ્વરુપ જોવાનું શિખવે છે. બથુકમ્મા ઉત્સવમાં પુરુષો પણ ખૂબ સહયોગ કરે છે. આયોજનની તૈયારીઓથી માંડીને અંતિમ દિનની ધાર્મિક પરંપરા સુધી સાથ નિભાવે છે. ફેસ્ટિવલ ઓફ ફલાવર તેલંગાણા ઉપરાંત આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ મનાવવામાં આવે છે. લાંબા આંદોલન પછી ૨૦૧૪માં તેલંગાણા બન્યું ત્યાર પછી બથુકમ્માને રાજય પર્વનો દરજજો મળ્યો હતો. તેલંગાણાના પુષ્પોત્સવ બથુકમ્મામાં જન સામાન્યની મોટી ભાગીદારી હોય છે. હાલના વર્ષોમાં વિશાળ સાર્વજનિક સ્તરે પણ મનાવવામાં આવે છે જેમાં સાંસ્કૃતિક સંસ્થાઓ પણ મદદ કરે છે.

વર્ષ ૨૦૨૫માં તેલંગાણામાં બથુકમ્મા પર્વમાં હૈદરાબાદના સરુરનગર સ્ટેડિયમ ખાતે સાત ટન ફૂલોનો શણગાર સજવાનો વિશ્વ રેકોર્ડ સર્જાયો હતો. ૩૦૦ શ્રમિકોએ ધાતુ, વાંસ અને ફૂલોની મદદથી ૭૨ કલાકમાં બથુકમ્મા ડિઝાઈન તૈયાર કરી હતી. તેલંગાણા મૂળના લોકો જયાં પણ રહે છે ત્યાં બથુકમ્મા ઉજવીને પોતાની સાંસ્કૃતિક વિરાસતને જીવંત કરે છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, કેનેડા, ડેનમાર્ક અને મેલબોર્ન જેવા દેશોમાં પણ તેલુગુ ભાષીઓ પોતાનો લોકપર્વ ઉત્સાહ અને ઉંમગ સાથે મનાવે છે. આ તહેવાર વર્ષાઋતુના સમાપન અને શીતઋતુના આરંભનો પણ સંકેત આપે છે. ઋતુઓને અનુરુપ તહેવાર ઉજવવાની ભારતીય પરંપરામાં તેલગાણાનો બથુકમ્મા સિરમોર છે જેનો ઈતિહાસ એક હજાર વર્ષ કરતા પણ વધારે જૂનો છે. ગુજરાતની નવરાત્રિની જેમ બથુકમ્મા ઉત્સવ તેલંગાણાની ખાસ સાંસ્કૃતિક ઓળખ, સમૃધ્ધ પરંપરા અને પ્રાકૃતિક વિરાસતનું પ્રતિક બની ગયો છે.

# તો દિલ્હી પ્રોટેસ્ટને સફળ ગણવો કે નિષ્ફળ?

૧૦ ઓક્ટોબરે દિલ્હીમાં જબરું થયું. ખરેખર તો, ૯ ઓક્ટોબરથી જ આ અસાધારણ કહી શકાય તેવો ઘટનાક્રમ બનવાનો શરૂ થઈ ચૂક્યો હતો. કોકરોચ જનતા પાર્ટી અને કેટલીક ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ ૧૦ ઓક્ટોબરે જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શનનું એલાન આપ્યું હતું. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી આ પ્રદર્શનનો મુખ્ય હેતુ હતો. પણ હજારોની સંખ્યામાં પોલીસકમીઓ, અર્ધલશ્કરી દળોના જવાનોને રસ્તા પર ખડકી દેવામાં આવ્યા. કેટલાંય મેટ્રો સ્ટેશનો બંધ કરવામાં આવ્યાં, કેટલીક લાંબા અંતરની ટ્રેનો રદ કરવામાં આવી હતી. હજારો લોકોની પ્રદર્શન પહેલાં અને તે દરમિયાન અટકાયત કરવામાં આવી. સીજેપીના ત્રણેય યુવા નેતાઓ અભિજીત દિપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને તો દિલ્હીમાં લેન્ડ થયેલા પ્લેનમાંથી જ ડિટેઈન કરવામાં આવ્યા. આખરે લગભગ ૨૩ કલાકના ડ્રામા પછી એમને મુક્ત કરવામાં આવ્યો. તે માટે એક વર્ષ સુધી શાંતિ જાળવવાની શરત મૂકવામાં આવી. પ્રત્યેકે પચાસ-પચાસ હજાર રૂપિયાના જામીન બોન્ડ ભર્યા. બહાર આવતાંની સાથે જ સીજીપીના નેતાઓએ નવેસરથી રાગ આલાપ્યોઃ ના, આંદોલન તો ચાલુ જ રહેશે. તો પછી આ ૧૦ ઓક્ટોબરનો પ્રોટેસ્ટને સફળ ગણવો કે નિષ્ફળ૦ આ મામલે સોશિયલ મિડીયામાં રીતસર ઊભી તિરાડ પડી ગઈ છે.

## પ્રોટેસ્ટ સફળ છે...

૧૦ ઓક્ટોબરના સુપરડુપર પ્રોટેસ્ટે એક વાત પૂરવાર કરી આપી: ભારતની દિશા અને દશા બન્ને હવે બદલાઈ ચૂક્યા છે. દેશમાં તાનાશાહી ખતમ થવાની શરૂઆત થઈ ગઈ છે. કોકરોચીસ... વી લવ યુ!

આપણે શહિદ ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને તો જોયા નથી, પણ આજે અભિજિત દિપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસની તેજતર્રાર ત્રિપુટીને જોઉં છું ત્યારે હૃદયમાં ભારે ટાઢક થાય છે અને લાગે છે કે ભગતસિંહ-રાજગુરૂ-સુખદેવ આવા જ દેખાતા હશે....

દેશની મજબૂત અને બહેતર પેઢી એ છે, જે ફક્ત દેશભક્તિના નારા લગાડતી નથી, બલ્કે સરકારને મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ અને સ્વાસ્થ્ય પર સવાલો પણ પૂછે છે. સરકારને સવાલ કરવો તે દેશવિરોધી કૃત્ય નથી, પણ આ એક જવાબદાર નાગરિક હોવાની નિશાની છે. સત્તા પર બેઠેલાઓ પાસેથી જવાબ માગવાની હિંમત બધામાં હોતી નથી. પહેલા સરકારને સવાલ કરતાં શીખો, પછી યુવા પેઢીને જવાબદારીની સલાહો આપવા આવજો.

પ્રોટેસ્ટને નિષ્ફળ કહેનારાઓમાં શું અંધ છે કે મંદબુદ્ધિ છે૦ તમે રસ્તા પર હજારોની સંખ્યામાં પોલીસ અને સૈન્યના જવાનોને ખડકી દો છો, પ્રોટેસ્ટ કરનારાઓ બહાર નીકળે તે પહેલાં જ એમને પકડી પકડીને અંદર કરી દો છો ને પછી ડંફાશ મારો છો કે પ્રોટેસ્ટ નિષ્ફળ રહ્યો? તમારામાં ચોથા ધોરણમાં ભણતા બચ્ચા જેટલી પણ અક્કલ છે કે નહીં?

સરકાર જો આટલી બધી કોન્ફિડન્ટ હતી તો પોલીસકર્મીઓ અને લશ્કરી જવાનોને રસ્તા પરથી હટાવી લેવા હતાને! તો સમજાઈ જાત કે કે પ્રોટેસ્ટ સફળ નહીં, સુપર સફળ થયો છે.



આ આવી ગયા સ્વઘોષિત રાષ્ટ્રવાદીઓ, જે બીજેપીનાં જૂતાં ચાટવાને દેશપ્રેમ ગણે છે. દેશમાં લોકશાહી કચડાઈ ગઈ છે, પણ આ કૃત્ય કરનાર પાર્ટીના એકધારા ગુણગાન ગાયા કરવા તે અતિ ગંભીર અપરાધ છે. એ લોકો 'વોટચોરીના પૂરાવા આપો... વોટચોરીના પૂરાવા આપો...' કહ્યા કરે છે, પણ તેઓ આંખો ખોલીને પોતાની આસપાસ જોવા તૈયાર નથી.

## પ્રોટેસ્ટ નિષ્ફળ છે...

અભિજિત દીપ્કે ને બીજા બેવકૂફ વાંદાઓએ અટકાયતમાંથી છૂટવા માટે બોન્ડ પર સહી કેમ કરી આપી? જો ખરેખર એમનામાં દમ હોત તો આ કંડિશનલ મુક્તિને લાત મારી દેવી હતીને! એમને એક-બે દિવસમાં કસ્ટડીમાં રહેવું પડત, ને સોમવારે એમની લીગલ ટીમ આસાનીથી મેટરને હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી શકી હોત, જેના પરિણામાં એમને અનકંડીશનલ બેઈલ મળી ગયા હોત, યા તો પ્રિવેન્ટિવ પ્રોસિડિંગ્સને તેઓ ખાળી શક્યા હોત. બહાર નીકળીને તેઓ જે ફિશિયારી મારે છે એનો કશો મતલબ જ નથી.

અણ્ણા હઝારેએ ૨૦૧૧માં બોન્ડ પર સહી નહોતી કરી. તેથી એમને સાત દિવસ તિહાર જેલની જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા, જેના કારણે દેશમાં જોરદાર તરંગો સર્જાયા હતા, જોરદાર અન્ના-તરફી માહોલ સર્જાયો હતો. અણ્ણા તો જ્યુડિશિયલ કસ્ટડી પૂરી થયા પછી પણ જ્યાં સુધી એમના ડિમાન્ડ પૂરી કરવામાં ન આવી ત્યાં સુધી જેલમાંથી બહાર નહોતા આવ્યા. કોકરોચોએ એક મસ્ત મોકો ગુમાવ્યો છે.

રહિમન લાઠી રાખિએ,
સરસોં તેલ પિલાઇ,
ના જાને કિસ મોડ પર કોકરોચ મિલ જાઈ.

અરે આ બધા તો ભગતસિંહના અવતારો છે.. તો પછી ડિટેઈન કરવામાં આવે તો રાડારાડી શાના કરે છે?

દિલ્હી પોલીસે આ વખતે સરસ કામ કર્યું.

એક પુરૂષ પોલીસ લેડીઝને હાથ ન લગાડી શકે, તો શું લેડી પોલીસ પુરૂષોને હાથ લગાડી શકે?

દેશના બુદ્ધિજીવીઓએ આવા નાજુક સમયમાં સરકારની પડખે ઊભા રહેવું જોઈએ અને જે કોઈ અરાજક ને તોફાની તત્ત્વો છે એમના વિરોધમાં અવાજ ઉઠાવવો જોઈએ.

## રાહુલ કર્મ કરવા જાય છે ને કાંડ થઈ જાય છે...

દિલ્હી પોલીસના માણસો એક કોંગ્રેસી સપોર્ટરને રસ્તા પર ઊભા કરવા તાણખેંચ કરી રહ્યા હતા ત્યારે રાહુલ ગાંધીએ આ જોઈને પહેલાં તો પાંચ-દસ સેકન્ડ વિચાર કર્યો કે મારે શું કરવું, ને પછી એ કોંગ્રેસી સપોર્ટરના પેટ પર બેસી ગયા, ને જમણા હાથ જોરથી એના ગળા પાસે ભીંસી દીધો. આ વીડિયો ખૂબ વાઈરલ થયો. મસ્તીખોર નેટિઝન્સ આવી 'અદ્ભુત પળ' પર કમેન્ટ કર્યા વિના રહે? વાંચો...







અરે, પણ આમ સપોર્ટરની ઉપર બેસી જવાય? આટલું ઓછું હોય તેમ એના ગળા પાસે જોરથી હાથ દબાવ્યો. પેલાનો શ્વાસ અટકી ગયો હોત ને ગુજરી ગયો હોત તો રાહુલ દિલ્હી પોલીસને દોષી ગણત. લેડીઝ એન્ડ જેન્ટલમેન... આ છે ભારતના લીડર ઓફ ઓપોઝિશન!

આ અસલી વીડિયો છે કે એઆઈ છે?

રાહુલ ગાંધીનો એક ઔર માસ્ટર સ્ટ્રોક!

ચાલો, મોદી પોતાના સપોર્ટર માટે કંઈક તો કરે છે. અહીં તો મોદી પોતાના સમર્થકોને જ ધીબેડી નાખે છે.

મને થાય કે આવી ચેષ્ટાઓ માણસમાં પોતાને ભારતના પ્રાઈમ મિનિસ્ટર તરીકે કલ્પના કરવાની હિંમત ક્યાંથી આવતી હશે?

જુઓ, રાહુલ ગાંધી બાયોલોજિકલ માણસ જ છે, એટલે એમનાથી તો ભૂલ થઈ શકે.

રાહુલ ગાંધીના રિએક્શન ક્યારેક બહુ વિચિત્ર હોય છે, પણ સાચું પૂછો તો આ વાત ભાજપ સહિત તમામ નેતાઓને લાગુ પડે છે.

હું તો દાંત કાઢી કાઢીને બઠ્ઠો થઈ ગયા.

# મોબાઈલ મચડવાનું બંધ કરો... ગો, ટચ ગ્રાસ!

'ટચ ગ્રાસ' એટલે મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયામાંથી બહાર આવો, ફોન બાજુ પર મૂકો અને અસલી જીવનનો અનુભવ કરો!

આ સોશિયલ મીડિયા પર વપરાતો શબ્દપ્રયોગ છે. જ્યારે કોઈ વ્યક્તિ સોશિયલ મીડિયા, ઓનલાઈન ગેમિંગ કે ઈન્ટરનેટ પર ચાલતી ગરમાગરમીમાં એટલી બધી

### નેટ-બોલી

ખોવાઈ જાય કે તેને આસપાસની વાસ્તવિક દુનિયાનું ભાન જ ન રહે, ત્યારે તેને કહેવામાં આવે છે 'ગો... ટચ ગ્રાસ!' એટલે કે, 'ભાઈ, હવે ફોન મૂક અને બહારની દુનિયામાં પણ થોડું ધ્યાન આપ!'

### આ શબ્દપ્રયોગ કેવી રીતે કરાય?

■ 'તું ચાર કલાકથી એક્સ (ટ્વિટર) પર દલીલો જ કર્યા કરે છે. હવે જરા ફોન મૂક અને ગો... ટચ ગ્રાસ!'

■ 'આખું વીકએન્ડ રીલ્સ જોવામાં કાઢી નાખ્યું. નાઉ આઈ નીડ ટુ ગો આઉટ એન્ડ ટચ ગ્રાસ.'

■ 'એને લાગે છે કે ઈન્ફ્લુએન્સર્સના વીડિયો જોઈને તેને સંબંધો વિશે બધું જ સમજાઈ ગયું છે. કોઈ એને કહે કે હવે જરા વાસ્તવિક દુનિયામાં જીવવાનું શીખ. ગો, ટચ ગ્રાસ!'



આ શબ્દપ્રયોગ મિત્રો વચ્ચે મજાકમાં પણ વપરાય છે. પરંતુ ક્યારેક તે ટોણો મારવા માટે પણ વપરાય છે - ખાસ કરીને જ્યારે કોઈ વ્યક્તિ ઈન્ટરનેટની દુનિયામાં એટલી ખોવાઈ ગઈ હોય કે વાસ્તવિકતાથી દૂર થઈ ગઈ હોય.

### આ શબ્દપ્રયોગ ક્યાંથી આવ્યો?

આ શબ્દપ્રયોગની ચોક્કસ શરૂઆત ક્યાં થઈ એ જાણી શકાયું નથી. જોકે, ૨૦૧૫ની આસપાસ ટ્વિટર અને ઓનલાઈન ગેમિંગની દુનિયામાં તેનો ઉપયોગ થવા લાગ્યો હતો. ઈન્ટરનેટ પર સતત સમય વિતાવતા અને નાની-નાની વાતે ઓનલાઈન ઝઘડતા લોકોને ટોણો મારવા માટે તેનો ઉપયોગ થતો.

૨૦૨૦-૨૧માં કોરોના મહામારી દરમિયાન આ શબ્દપ્રયોગ વધુ લોકપ્રિય બન્યો. લોકડાઉનને કારણે લોકોનો સ્ક્રીન સામેનો સમય વધ્યો હતો. ધીમે ધીમે આ શબ્દપ્રયોગ માત્ર ટોણો મારવા પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ ઓનલાઈન દુનિયાથી થોડો વિરામ લઈને બહાર ફરવા, લોકોને મળવા અને જીવનને નવેસરથી માણવાની સલાહ આપવા માટે પણ વપરાવા લાગ્યો.

એક મજાની વાત! આ શબ્દપ્રયોગમાં જ તેની મજાક છુપાયેલી છે. સ્ક્રીન પર ગમે એટલી દુનિયા જોઈ લો, પણ ઘાસને ખરેખર સ્પર્શ કરવા માટે તો બહાર જવું જ પડે!... અને વિડંબના જુઓ. કોઈ વ્યક્તિ આખી ત્રીસ મિનિટ ઓનલાઈન રહીને બીજાઓને સમજાવતી હોય કે તેમણે હવે 'ગ્રાસ ટચ' કરવું જોઈએ!

# નાના પાટેકર: મીમમાં પણ ટોપ ક્લાસ



૧-૧-૧૯૫૧ ■ ૮-૧૦-૨૦૨૬




How 9 to 5 job vale spend their Sundays...



### મીમ-મસ્તી













# ગૌરાંગ વ્યાસ, એટલાન્ટાની સાંજ અને મગ ભરીને પ્રેમ!

વાત એવી છે કે ૩ ઓક્ટોબરે અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટમાં સ્થિત એટલાન્ટા શહેરમાં કંઈક એવું થઈ ગયું જેને આપણે ગુજ્જુ ભાષામાં 'સાચો જામો પડી ગયો' કહીએ!

સામાન્ય રીતે શનિવારની સાંજે આપણે ગુજરાતીઓ કાં તો કોઈ રેસ્ટોરન્ટમાં ઢોંસા કે

### ગેસ્ટ પોસ્ટ

પિઝા દાબીને આવતા હોઈએ, કાં ઘરે ટીવી સામે બેઠા હોઈએ. પણ આ શનિવાર કંઈક અલગ જ હતો. ઈન્ટરનેશનલ ગુજરાતી કલ્ચરલ સોસાયટી ઓફ એટલાન્ટા (ૈંય્ભજીછ)ના નેજા હેઠળ એક એવી સાંજ જામી, જેણે આપણને બધાને સીધા જૂના અમીચંદના ઝાડ નીચે કે પછી અમદાવાદની કોઈ ચાઈનીઝ લારીએ બેસીને રેડિયો પર વાગતા ગીતોની યાદ અપાવી દીધી!

કાર્યક્રમનું નામ હતું - 'સા'ત સૂરોના સરનામે - મુકામ પોસ્ટ ગૌરાંગ વ્યાસ.'

આ વર્ષની ૩ સપ્ટેમ્બરે સંગીતકાર ગૌરાંગ વ્યાસે આપણી વચ્ચેથી અલવિદા કહી દીધી. પણ સાચું કહું? કલાકાર ક્યારેય જતો નથી, એ તો પોતાના સૂર મૂકીને અમર થઈ જાય છે... અને ભારત બહાર, સાત સમુંદર પાર એટલાન્ટામાં એમની આ પહેલી સત્તાવાર સુરાંજલિ યોજાઈ.

વાત કરીએ ગૌરાંગભાઈની સંગીત યાત્રાની, તો ૧૯૭૬માં 'લાખો ફુલાણી' ફિલ્મથી એમણે જે સંગીતનો ધમાકો શરૂ કરેલો, એ પછી તો એમણે આપણને એવાં એવાં ગીતો આપ્યા કે આજે પણ કોઈ લગ્નપ્રસંગ હોય કે ગરબા, ગૌરાંગ વ્યાસના કમ્પોઝ કરેલાં ગીતો વગર આપણી ગાડી આગળ વધે જ નહીં!

એમની રચનાઓમાં એક




અલગ જ જાદુ હતો. એક જ ગીતમાં તમને પ્રેમ પણ કરાવી દે અને એ જ ગીતમાં પાછા વિરહમાં આંસુ પણ પડાવી દે! હવે આવા મહાન સંગીતકારનાં યાદગાર ગીતોને ત્રણ કલાકમાં સમાવવા એટલે હિમાલય ચડવા જેવું અઘરું કામ.




પણ આપણી એટલાન્ટાની કલાકારોની દેશી ટીમે વિદેશમાં બેસીને એવો ઉપાડ કર્યો કે પૂછો જ નહીં. કોઈએ સૂર ન ચૂક્યો અને શ્રોતાઓએ તાળીઓ પાડવામાં કંજૂસી ન કરી!

હોલમાં ૧૨૦થી વધુ સંગીતપ્રેમીઓ હાજર હતા. ગુજરાતી શ્રોતાઓની એક ખાસિયત છે - જો ગીત મજાનું હોય તો એ મનમાં ન ગાય, આખો હોલ

**ગૌરાંગ વ્યાસની રચનાઓમાં એક અલગ જ જાદુ હતો. એક જ ગીતમાં તમને પ્રેમ પણ કરાવી દે અને એ જ ગીતમાં પાછા વિરહમાં આંસુ પણ પડાવી દે! હવે આવા મહાન સંગીતકારનાં યાદગાર ગીતોને ત્રણ કલાકમાં સમાવવા એટલે હિમાલય ચડવા જેવું અઘરું કામ**

એકસૂરે ગણગણવા માંડે! ત્રણ કલાક ક્યાં નીકળી ગયા ખબર જ ન પડી. વચ્ચે તો એવો માહોલ થઈ ગયો કે લાગ્યું જ નહીં કે આપણે યુએસએના એટલાન્ટામાં બેઠા છીએ, એવું જ લાગ્યું કે અમદાવાદના ટાઉન હોલમાં જ મહેફિલ જામી છે! ૧૨૦થી વધુ આ સંગીતપ્રેમી ગુજ્જુઓનું આ મેજિક ત્રણ કલાક નોન-સ્ટોપ ચાલ્યું.

અને આ આઈજીસીએસએવાળા પણ ચાલાક નીકળ્યા! કાર્યક્રમ પૂરો થયો એટલે બધાને એક સરસ મજાનો કોફી મગ સ્મૃતિ ભેટ તરીકે આપ્યો. એટલે હવે સ્થિતિ એ છે કે સવારે ઉઠીને ચા કે કોફી પીતી વખતે પણ ગૌરાંગ વ્યાસનાં ગીતો અને આ સાંજ જ યાદ આવવાની છે! (મતલબ, પ્રેમ પણ આપ્યો અને ચા પીવાનું બહાનુ પણ આપ્યું!)

આ આખી સાંજની મનોહર પળોને બબ્બે ડિજિટલ કેમેરામેન સાગર શાહ અને મલય દેસાઈએ પોતાના લેન્સમાં એવી કંડારી છે કે ફોટો જુઓ તો પણ કાનમાં સંગીત વાગવા માંડે!

ટૂંકમાં, ગૌરાંગ વ્યાસના સૂરો અમર હતા, અમર છે અને એટલાન્ટાના ગુજરાતીઓએ મળીને એને ફરી એકવાર જીવંત કરી બતાવ્યા.

આભાર એટલાન્ટા! તમે સાચે જ સંગીતના પારખુ છો!

- ભૂષણ નિરૂ મહેતા

# ગુજરાત સમાચાર

## ફરી ઝંઝાવાતના ભણકારા

દેશના અન્ય કેટલાક પ્રદેશો સાથે ગુજરાત ઉપર પણ ઝંઝાવાતની તલવાર લટકી રહી છે. ત્રણ નવી સિસ્ટમ વિકસી રહી છે જે તોફાની વરસાદને આહવાન આપનારી છે. મનુષ્ય મૂળભૂત રીતે શાંતિપ્રિય છે. કોઈ પણ પ્રકારની અશાંતિ એને અપ્રિય છે જે એના જીવન પ્રવાહને અવરોધે છે. બહુ બારીક રીતે જુઓ તો શાંતિ સ્થાપવાની ઉતાવળમાં જ અશાંતિ સર્જાયેલી છે. પ્રાચીનકાળમાં વન-ઉપવનમાં રાજાઓ લતામંડપ નીચે મધ્યાહન પસાર કરતા. રાતે ચન્દ્ર દર્શન માટે દરેક દિશામાં અટારીઓ હતી. યથા રાજા તથા પ્રજા. સામાન્ય નાગરિકો પણ સમી સાંજે કે પૂનમની રાતે સરોવરમાં નૌકા વિહાર કરવા જતાં. ધર્મ કે અધ્યાત્મનો આશ્રય પણ માણસ જાતે ખરેખર તો શાંતિની શોધમાંથી જ લીધો છે. એ બહુ વગોવાઈ ગયેલા તથ્યો છે કે ધર્મને કારણે જ અધર્મ આચરવામાં આવે છે. અફઘાનિસ્તાન એનું છેલ્લું દ્રષ્ટાન્ત છે. ધર્મમાંથી મનુષ્ય ક્યારે ધર્માન્ધતામાં સરી પડે છે એનું એને ખુદને પણ ભાન રહેતું નથી. આવનારા દાયકાઓમાં માણસજાતે શુદ્ધ હવા અને નિર્મળ વાતાવરણની શોધ કરવાની રહેશે. ભટકતી વણઝારની જેમ લાખો લોકો શહેરો છોડતા જોવા મળશે.

પૃથ્વી પર હવામાનનું સંચાલન આપણે માનીએ છીએ કે આપણી ઉપરના આકાશ અને એમાં વહેતા પવન ઉપરથી થાય છે પરંતુ ખરેખર એવું નથી. બહુ દૂર દૂરથી આપણા હવામાનનું સંચાલન થાય છે. એને કારણે વાતાવરણ જ્યારે બદલાય છે ત્યારે ખ્યાલ નથી આવતો કે એકાએક આ પરિવર્તન કેમ થયું ? પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર અનેક પ્રકારના હવામાન સંજોગો આકાર લેતા હોય છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવ બંનેની ઉપર અંદાજે એક-એક હજાર કિલોમીટરના ઘેરાવામાં હવાના હળવા દબાણ રચાયેલા હોય છે. આમ તો એ એક પ્રકારનું વાતાવરણ હોય છે. આપણે ત્યાં દર ચોમાસે બંગાળના અખાતમાં જ્યારે હવાનું હળવું દબાણ સર્જાય ત્યારે એનું સ્વરૂપ ઝંઝાવાતનું હોતું નથી, પરંતુ જ્યારે 'લોક' થયેલો હવાના હળવા દબાણનો એ આખો પટ કોઈ એક છેડેથી તૂટે ત્યારે તેમાં રહેલા શૂન્યાવકાશની પરિપૂર્તિ કરવા ચારેબાજુથી વાદળોનો જે ધસારો થાય છે એ જ ઝંઝાવાત બની જાય છે. નવા સંશોધનો કે જે ધ્રુવ પ્રદેશોમાં ધામા નાંખીને પડ્યા રહેતા વૈજ્ઞાનિકોએ જાહેર કર્યા છે તે તો આવનારા અનેક નવા ઝંઝાવાતોનો સંકેત આપે છે.

એ વૈજ્ઞાનિકો ધ્રુવ પ્રદેશો પરના તપસ્વીઓ છે જે વૈજ્ઞાનિક રીતે પૃથ્વી પર આવનારી આપત્તિઓની આગાહી કરે છે. દક્ષિણ ધ્રુવ અને ઉત્તર ધ્રુવ પર જે હજાર કિલોમીટરના ઘેરાવામાં હવાનું હળવું દબાણ હોય છે તે ચક્રાવર્તિત હોવાથી સ્વયં એક ઝંઝાવાત જ હોય છે જેને પોલર વોરટેક્સ કહેવામાં આવે છે. પોલર વોરટેક્સની અનિયંત્રિત અને સતત ચક્રાવર્તિત ગતિને કારણે હિમવતી પવનોએ વાતાવરણ પર કબજો જમાવી દીધો છે. જે રીતે આખું ઉત્તર ભારત હિમાલયની તળેટીમાં હોય એવો આભાસ આ શિયાળાએ કરાવ્યો છે તેવો જ ભાસ સમગ્ર ઉત્તર ગોળાર્ધના દેશોને ઉત્તર ધ્રુવની તળેટીમાં હોવાનો થઈ રહ્યો છે. અમેરિકામાં સતત નવા નવા હવામાન સંકટોનો લાંબો દૌર ચાલે છે. જગતકાજી એમાં લાચાર છે.

આપણા દેશમાં જે ખેડૂતો આત્મસૂઝથી ખેતી કરે છે તેઓ જ ખેતીમાં સોના ઉગલે ઉગલે હીરે મોતી પામી શકે છે. તેમને ખરેખર જ દેશના દિલ્હી તખ્તા પરથી જે વારતાઓ થાય છે એવી આધુનિક ટેકનોલોજી અને પૂર્વાનુમાનનો લાભ મળતો થાય તો તેમની ખેતીવાડીમાં કમાલ થઈ જાય. આ વરસે પૃથ્વીના સ્વયમેવ માલિક બની બેઠેલા મનુષ્યને કુદરતે ઘણા સમય પછી વિભૂતિ આપી છે. આ એક ઘણા લાંબા સમયથી ચાલુ થયેલો સિલસિલો છે પરંતુ એના પ્રચ્છન્ન અનુભવો એકીકૃત થઈને ભાગ્યે જ માનવજાતનું ધ્યાન આકર્ષિત કરી શક્યા છે. પ્રજાજનોમાંથી કોઈ પર્યાવરણીય ચિંતાને પોતાનો વિષય ક્યાં માને છે ? પરંતુ હવે હવામાનની ગતિ એવી છે કે માનવજાતે પર્યાવરણમાં જ વધુમાં વધુ ધ્યાન આપવું પડશે.ભારતનો દક્ષિણ ભાગ ત્રિકોણાકાર છે. ત્રણ બાજુ સમુદ્ર ઘૂઘવે છે. આવતા પચાસ કે સો વર્ષની અંદર મુંબઈ, કેરળ, બંગાળ, ઓરિસ્સા જેવા ઘણા દરિયાકાંઠાના પ્રદેશો ઉપર પાણી ફરી વળશે એ નક્કી છે.

# વિશ્વયુદ્ધના જટિલ આટાપાટાને ઓળખો

તા. ૧૧-૧૧-૧૯૧૮ના દિને વાર્સાઈલ્સમાં શાંતિ કરારો થયા. સૌ કોઈ માનતા હતા કે હવે વિશ્વ શાંતિ ફેલાઈ જશે. ફ્રાંસના જનરલ ફોશે કહ્યું : ધીસ ઈઝ નો પીસ જસ્ટ એ ટ્રુસ. બી પ્રીપેર્ડ ફોર ધી સેકન્ડ વર્લ્ડ વૉર (આ શાંતિ નથી માત્ર યુદ્ધ વિરામ છે. દ્વિતીય વિશ્વયુદ્ધ માટે તૈયાર રહો) ઈતિહાસકારો કહે છે નો વ્હેર ઈન ધિસ વર્લ્ડ ધી વર્ડઝ પ્રૂવ્ડ સો પ્રોફેટિક (અનફોર્ચ્યુનેટલી) તે વિધાનોને પૂરાં વીસ વર્ષ પણ થયાં ન હતાં. ત્યાં પૃથ્વી પર શયનતાનના અવતાર સમાન એડોલ્ફ હીટલરે ૧લી. સપ્ટે. ૧૯૩૯ના દિને પોલેન્ડ ઉપર આક્રમણ કર્યું. દ્વિતિય વિશ્વયુદ્ધનો



પ્રારંભ થયો. આખરે, હીરોશિમા અને નાગાસાકી ઉપર પડેલા એટમ બોમ્બો પછી બીજું વિશ્વયુદ્ધ પૂરૂં થયું. જાપાને ૧૧ ઑગસ્ટના દિને અમેરિકી યુદ્ધ જહાજ મીસીસીપી ઉપર શરણાગતિ સ્વીકારી.

આ સાથે વિશ્વમાં બે મહાસત્તાઓ ઉભી થઇ : એક સંપૂર્ણ લોકશાહી તંત્ર ધરાવતું અમેરિકા અને બીજું જોસેફ જુગાશવીલી (સ્ટાલીન)નાં લોખંડી શાસન નીચેનું યુ.એસ.એસ.આર.

સ્ટાલીને પૂર્વ જર્મનીથી શરૂ કરી છેક એડ્રિયાટિક સીનાં શિર્ષ સુધીના વિસ્તારોમાં સામ્યવાદી શાસન (તેના હુકમ પ્રમાણે ચાલે તેવું) સ્થાપ્યું. વિન્સેન્ટ ચર્ચિલે તેને આયર્ન કર્ટન તેવું નામ આપ્યું. વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું. પૂર્વ અને પશ્ચિમની સત્તાઓ વચ્ચે.

મધ્ય એશિયાના બોરોદીને તે સમયનાં ક્વોમિંગ્ટન શાસન નીચેનાં ચીનમાં સામ્યવાદ ફેલાવ્યો. ઓક્ટો. ૧૧૯૪ના દિને માઓ ત્સે તુંગનાં નેતૃત્વ નીચે બૈજિંગમાં સામ્યવાદી સરકાર રચાઈ. તે સમયની ડૉ. સોન યાત સેન અને ચ્યાંગકાઈશેકનાં નેતૃત્વ નીચેના ક્વોમિંગ ટાંગ પાર્ટીના સભ્યો તે સમયે ફોર્મોસા કહેવાનાં તાઈવાન પહોંચી ગયા.

* * *

પૃથ્વી ઉપર ૪ મુખ્ય વૉર થીએટર્સ છે. (૧) **સેન્ટ્રલ એશિયા** : કાસ્પીયનથી શરૂ કરી એલ્તાઈશાન, અને ઉરલ પર્વતની દક્ષિણેથી હિન્દુ કુશ સુધીનો પ્રદેશ પુરા પ્રાચીન અને પ્રાચીન યુગમાં અહીં આર્યો અને પછી તેમની જ શાખા શકોનું પ્રભુત્વ હતું. તેઓ વિશ્વમાં મહાસત્તા બની રહ્યા : પછી તૂર્કો ત્યાં આવ્યા તેઓ મહાસત્તા બની રહ્યા.

(૨) **ભૂમધ્ય- સમુદ્ર** : અહીં ઈ.સ. પૂર્વેથી રોમ અને કાર્થે જ વચ્ચે સત્તા સંઘર્ષ ચાલ્યો, તેમાં મહાન હનીબાબની સાથે છળકપટ કરી સ્કીપીયોએ રોમન સત્તા જમાવી ભૂમધ્ય સમુદ્ર રોમનો માટે સ્વીમીંગ પુલ બની રહ્યો.

(૩) **એટલાંટિક** : પ્રથમ વિશ્વયુદ્ધથી યુ.એસ. અહીં પ્રબળ બન્યું. એટલાંટિક મહાસાગર ઉપર તેની પ્રભુસત્તા છવાઈ રહ્યું.

(૪) **પેસિફિક** : અહીં જાપનની શરણાગતિ પછી અમેરિકાનું વર્ચસ્વ છવાઈ રહ્યું.

(૪) મધ્ય પૂર્વ આ બધી રણભૂમિનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે સીરીયાથી શરૂ કરી દક્ષિણે સીનાઈ પેનિશ્યુલા અને પૂર્વે ઈરાનને મધ્યપૂર્વથી જુદું પાડતી ઝાગોર્સ પર્વતમાળા અને દક્ષિણે કુવૈત સુધીનો પ્રદેશ; ઉત્તર પૂર્વે કૉકેસસ ગીરીમાળા અને ઝાગોર્સ ગિરિમાળા તથા પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રને જોડતું 'શીલ્ડ' છેક બેબિલોનના હેમુરાબી અને નેબુશેડનેઝારના સમયથી વિશ્વ ઈતિહાસનું મહત્ત્વ પ્રકરણ બની રહ્યો છે. તે પછી આરબ અને તૂર્ક વસ્ચસ્વ ત્યાં આવતાં આરબો અને તૂર્કો વૈશ્વિક મહાસત્તાઓ બની રહ્યા તે પૂર્વે ઈસુ પૂર્વેની ત્રીજી સદીથી, ઈરાનનું ત્યાં વર્ચસ્વ હતું.

આપણે ૨૫૦૦ વર્ષ જેટલા આગળ જઈએ તો ત્યાં અત્યારે અમેરિકા ઈરાન સંઘર્ષ ચાલે છે. તે ચરમ સીમાએ પહોંચતો જાય છે.

ફ્રેડીક ફોન હેગલે એક સિદ્ધાંત આપ્યો છે. ધેર ઈમર્જીસ એ થીસીસ, અગેન્સ્ટ વીચ ધેર ઈમર્જીસ અને એન્ટી થીસીસ ધેન એ સીન્થેસીસ ઈઝ ફોર્મ્ડ (એક સિદ્ધાંત સ્થપાય છે. તે સામે બીજો સિદ્ધાંત જાગે છે. છેવટે બંનેનું સંમિલન થાય છે.) હેગલના જ શિષ્ય કાર્લમાર્ક્સે કહ્યું ધેર કેન નોટ બી એ સીન્થેસીસ (સમન્વય સાધી શકાતો જ નથી - થીસીસ એન્ટીથીસીસ વચ્ચે).

બસ આ જ વાત અમેરિકા અને ચાયના વચ્ચે રહેલી છે. ટ્રમ્પ ચાયના ગયા ત્યારે તેમને ઠંડો આવકાર અપાયો, પરંતુ શી-જિનપિંગ અમેરિકા ગયા ત્યારે જાણે કે સ્વર્ગમાંથી ઈન્દ્ર ઉતરી આવ્યા હોય તેવી તેમની આરતી ઉતારાઈ. છતાં શી એ કહી દીધું : 'તાઈવાનથી દૂર રહેજો.'

યુક્રેન અને મધ્યપૂર્વમાં છાતી કાઢી ફરતા ટ્રમ્પે નીચીનજરે કહી દીધું ભલે આપ કહો છો તેમ થશે.

આ સાથે પૂર્વમાં હડકંપ મચી ગયો. તાઈવાન જો શી લઇ લે જે માઓ કરી શક્યા નહીં તો શીનું કદ માઓથી વધી જાય. તે તો ચીનની અંદરની વાત થઈ. પરંતુ સમગ્ર પૂર્વ પેસિફિક ઉપર ખતરો ઉભો થાય. તાઈવાન ઉપરાંત જાપાન, ફીલીપાઈન્સ વિયેતનામ, ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પર પણ ડ્રેગનનો પંજો તોળાઈ રહે. ટ્રમ્પનાં આ વલણનો તે દેશો તો વિરોધ કરે જ પરંતુ અમેરિકા ઉત્તર અને દક્ષિણ બંને ભયમાં મુકાઈ જાય. ખુદ અમેરિકામાં પણ ટ્રમ્પ જેઓ મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન (મેગા)ની વાતો કરે છે, તેમની સામે અમેરિકનો પણ વિરોધ કરે છે. પૂછે છે. ક્યાં ગઇ મેગાની વાત ? જો ચીન તાઈવાન લેવા પ્રયત્નો કરે તો છેવટે અમેરિકાને પડવું પડશે. આમ મધ્યપૂર્વથી શરૂ કરી દૂર પૂર્વ સુધી ભારેલો અગ્નિ પડેલો છે. એક ફૂંક સાથે ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ થઇ શકે.

**- દિનેશ દેસાઈ**

**ભારેલા અગ્નિ નીચે ત્રીજા વિશ્વયુદ્ધના અંગારા જલી રહ્યા છે. બસ, એક ફૂંકની વાર છે અંગારા પરની રાખ ઊડીને આગ પ્રગટવામાં.**

**જિનપીંગે ટ્રમ્પને રોકડું પરખાવી દીધું કે 'તાઇવાનથી દૂર રહેજો.' તાઇવાન જો ચીન લઇ લે તો જાપાન ફિલિપાઇન્સ, વિયેતનામ, ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પર પણ ડ્રેગનનો પંજો તોળાઇ રહે.**

### ૭૬ વર્ષના મિથુનની જવાબદારીનો વ્યાપ વધારાશે

# મિથુન ચક્રવર્તીને વફાદારીનું ઇનામ: કેબિનેટ રેન્કનો હોદ્દો

એક સમય હતો કે જ્યારે ભાજપ પ.બંગાળમાં મિથુન ચક્રવર્તીને મુખ્યપ્રધાનનો ચહેરો બનાવીને ભાજપ ચૂંટણી જંગમાં ઉતર્યું હતું. પ.બંગાળમાં બોલીવૂડી ચહેરા કે સાઉથ ઇન્ડિયન હીરો કરતાં પણ વધુ મિથુન ચક્રવર્તીનો ચહેરો લોકપ્રિય છે. જોકે તે સમયે ભાજપ ડાબેરી પક્ષો કે મમતા બેનરજીની સામે હારતું આવ્યું હતું. હવે ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી વાળી સરકાર છે ત્યારે તે પક્ષ તરફ વફાદારી બતાવનાર અભિનેતા મિથુન ચક્રવર્તીને ભૂલ્યું નથી. સતત હારતા પક્ષને વળગી રહેવું તે પણ એક પ્રકારની વફાદારી જ કહી શકાય. હવે મિથુનને બંગાળ સરકારમાં કેબિનેટ દરજ્જા સાથે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

**ઇનસાઇડ સ્ટોરી**

૭૬ વર્ષના મિથુનની જવાબદારીનો વ્યાપ વધારાશે. વહીવટી વર્તુળોનું માનવું છે કે આગામી તબક્કામાં તેમની જવાબદારીઓનો વ્યાપ અને સલાહકાર તરીકેની તેમની ચોક્કસ ભૂમિકા સ્પષ્ટ થઈ જશે.

હાલમાં, આ દિગ્ગજ અભિનેતા શૂટિંગના સિલસિલામાં અલીપુરદ્વારમાં છે. ત્યાંથી મિથુને આ નવી જવાબદારી સોંપવા બદલ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીનો આભાર માન્યો છે. કેબિનેટ દરજ્જાનો હોદ્દો હોઇ મિથુનને કેબિનેટ પ્રધાનને મળતા તમામ લાભ અને સવલતો મળશે.

તાજેતરમાં, ન્યૂ ટાઉનમાં ઉત્તમ કુમાર ફિલ્મ સેન્ટરના શિલાન્યાસ સમારોહ દરમિયાન, મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે ચલચિત્ર ઉદ્યોગમાં મિથુન ચક્રવર્તીના યોગદાન અને પશ્ચિમ બંગાળ સાથેના તેમના જોડાણને ધ્યાનમાં રાખીને તેમને રાજ્ય સરકારના સાંસ્કૃતિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવશે.

શુભેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે પર્યટન જેવા વિવિધ ક્ષેત્રો ઉપરાંત ઉત્તમ કુમારની શતાબ્દી ઉજવણી દરમિયાન પણ તેમની સલાહ માંગી હતી.

આ દિગ્ગજ અભિનેતા ૨૦૨૧ માં ભાજપમાં જોડાયા હતા. આ પહેલાં ૨૦૧૪ માં જ્યારે મમતા બેનર્જીએ તેમને રાજ્યસભા માટે નામાંકિત કર્યા ત્યારે તેમણે તૃણમૂલ કોંગ્રેસ સાથે ટૂંકો સમય ગાળ્યો હતો. જોકે, ૨૦૧૬ માં રાજીનામું આપી દીધું હતું.

પાંચ દાયકાની તેમની શાનદાર કારકિર્દીમાં, મિથુને અનેક ફિલ્મોમાં અભિનય કર્યો છે અને તેનું નિર્માણ કર્યું છે, જેના કારણે બંગાળી સિનેમા જગતમાં તેમને 'મહાગુરુ'નું બિરુદ મળ્યું છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા ૭ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ યોજાયેલી પશ્ચિમ બંગાળ રાજ્યસભા વિધાનસભા ચૂંટણી માટે ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ તરફથી નામાંકિત થયા બાદ ચક્રવર્તી સાંસદ બન્યા હતા. ૨૬ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ તેમણે રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું. ચક્રવર્તી ૨૦૨૧ ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા, ૭ માર્ચ ૨૦૨૧ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કૈલાશ વિજયવર્ગીયની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

૧૯૮૦ના દાયકાના ઉત્તરાર્ધમાં, ચક્રવર્તી પેનાસોનિક (Panasonic) ના ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર હતા. તેઓ ઇન્ટરનેટ ડોમેન રજિસ્ટ્રાર અને વેબ-હોસ્ટિંગ કંપની GoDaddy નો પણ ચહેરો હતા.

તેઓ શારદા મીડિયા ગ્રુપની માલિકીની બંગાળ મીડિયાના યુનિટ 'ચેનલ ૧૦' નો પણ ચહેરો હતા, અને બાદમાં તેમણે કહ્યું હતું કે જ્યારે શારદા ચિટફંડ કૌભાંડ સામે આવ્યું ત્યારે ''શારદાએ મારી બાકી રકમ ચૂકવી ન હતી''. ચક્રવર્તી પશ્ચિમ બંગાળ રાજ્ય માટે મણપ્પુરમ ગોલ્ડ લોનના બ્રાન્ડ એમ્બેસેડર પણ રહ્યા હતા.

**એક સમય હતો ભાજપ મિથુન ચક્રવર્તીને સીએમનો ચહેરો બનાવીને ચૂંટણી જંગમાં ઉતર્યું હતું**

### ગુસ્સા પાછળનું કારણ શું છે તેનું ચિત્ર ફ્રાન્સ આપે છે

# યુરોપને ભરખી રહેલી આંદોલનની લહેર: ફ્રાન્સમાં સત્તા બદલાઇ જશે

આંદોલનની એક નવી લહેરમાં, ફ્રાન્સ, બેલ્જિયમ, આયર્લેન્ડ અને સ્પેનના યુવાનો પોતાના જીવનને અસર કરતી ગંભીર સવાલો અને પડકારો સામે અવાજ ઉઠાવવા રસ્તા પર ઉતરી રહ્યા છે. પ્રદર્શનકારીઓ ફ્રાન્સની નિષ્ફળ શિક્ષણ પ્રણાલી, આયર્લેન્ડના ઉચ્ચ શિક્ષણમાં આવતા નાણાકીય અવરોધો, અને સ્પેનમાં મોંઘા ભાડાં જેને કારણે યુવાનો બીજા પર નિર્ભર રહેવા મજબૂર બને છે - જેવા મુદ્દાઓ પર પ્રકાશ પાડી રહ્યા છે. આ આંદોલનો પેઢીગત ચિંતાઓને છતી કરે છે, જે સમગ્ર યુરોપમાં વ્યાપ્ત અનિશ્ચિતતાની ભાવના તરફ ઈશારો કરે છે.



ફ્રાન્સથી લઈને બેલ્જિયમ, આયર્લેન્ડથી સ્પેન સુધી - યુરોપના યુવાનો પોતાની હતાશા વ્યક્ત કરવા સતત રસ્તા પર આવી રહ્યા છે. ફ્રાન્સમાં, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વર્ગખંડોમાં અતિશય ભીડ, શિક્ષકોની અછત અને નિષ્ફળ શિક્ષણ પ્રણાલી સામે વિરોધ નોંધાવતા સેંકડો શાળાઓના દરવાજા બંધ (બ્લોકેડ) કરી દીધા છે. બેલ્જિયમમાં, વિદ્યાર્થીઓ શિક્ષણ સુધારાઓ અને બજેટ કાપનો વિરોધ કરી રહ્યા છે, જ્યારે ગયા અઠવાડિયે આયર્લેન્ડમાં હજારો યુવાનોએ કોલેજ, પરિવહન અને રવાના વધતા ખર્ચ સામે કૂચ કાઢી હતી.

સ્પેનની સ્થિતિ અલગ છે. ત્યાંનું આવાસ માટે આંદોલન વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરાયેલું નથી, પરંતુ યુવાનો જ આ કટોકટીનો સૌથી વધુ ભોગ બની રહ્યા છે, જે સ્વતંત્ર રીતે પુખ્ત જીવન જીવવું દિવસેને દિવસે મુશ્કેલ બનાવી રહ્યું છે. આ તમામ અલગ-અલગ આંદોલનો છે, છતાં તે મળીને એક એવી પેઢીગત ચિંતાને ઉજાગર કરે છે જે કોઈ એક નીતિ કે નિયમ કરતાં પણ વધુ ઊંડી છે.

ગુસ્સા પાછળનું મુખ્ય કારણ શું છે તેનું સૌથી સ્પષ્ટ ચિત્ર ફ્રાન્સ આપે છે. સપ્ટેમ્બર મહિનામાં ખાસ કરીને વંચિત વિસ્તારોમાં શિક્ષકોની અછત અને શાળાઓની નબળી સ્થિતિને કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. લગભગ ૫૯૦ જેટલી હાઈસ્કૂલો આનાથી પ્રભાવિત થઈ હતી. વિદ્યાર્થીઓ વર્ગખંડોમાં અતિશય ભીડ, જર્જરીત ઈમારતો, શિક્ષકોની ગેરહાજરી અને થકવી નાખતી શાળાકીય દિનચર્યાથી

**પ્રસંગપટ**

નારાજ છે.

લ્જિયમના વિરોધ પ્રદર્શનોનો પાયો પણ આવો જ છે, જોકે તેનું તાત્કાલિક કારણ અલગ છે. ફ્રેન્ચ ભાષી બેલ્જિયમમાં વિદ્યાર્થીઓ એજ્યુકેશન રિફોર્મ્સ (શિક્ષણ સુધારાઓ) અને કાપ સામે વિરોધ કરી રહ્યા છે, જે ત્યાંની પ્રાદેશિક સરકારે પોતાની નાણાકીય સ્થિતિ સુધારવા માટે લાગુ કર્યા છે.

આયર્લેન્ડના વિદ્યાર્થી આંદોલનો આ સમસ્યાના આર્થિક પાસાને સ્પષ્ટપણે રજૂ કરે છે. ૧ ઓક્ટોબરે ડબલિનમાં હજારો કોલેજ વિદ્યાર્થીઓએ માર્ચ કાઢીને ઉચ્ચ શિક્ષણ અંગે પગલાં લેવાની માંગ કરી હતી, જેમાં રવાના ખર્ચ અને ટ્રાન્સપોર્ટ પણ તેમની મુખ્ય ચિંતાઓમાં સામેલ હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે માત્ર રહેઠાણનો ખર્ચ જ વર્ષે 10,000 (યુરો) સુધી પહોંચી શકે છે.

સ્પેનના પ્રદર્શનો મુખ્યત્વે વિદ્યાર્થીઓના પ્રદર્શનો નથી. સંસદે હાઉસિંગના ઉપાયો ફગાવી દીધા બાદ ૩ ઓક્ટોબરે લગભગ ૫૦ શહેરોમાં દસ-હજારો લોકોએ પ્રદર્શન કર્યું હતું, આ પ્રદર્શનો એવી સરકારો પ્રત્યેનો અસંતોષ દર્શાવે છે કે જેમના વિશે યુવાનો માને છે કે તેઓ વર્ષોથી આ સમસ્યાઓ જાણતા હોવા છતાં તેનો ઉકેલ લાવ્યા નથી. એનો અર્થ એ નથી કે દરેક પ્રદર્શનકારીનો રાજકીય દ્રષ્ટિકોણ એક સરખો છે. કે પછી આ કોઈ સંગઠિત યુરોપીયન વિચારધારા છે.

વાસ્તવમાં, સરકારો પણ અસલી મર્યાદાઓનો સામનો કરી રહી છે. ફ્રાન્સ પાસે તેની ખાધ (Deficit) અને દેવાને કારણે નાણાકીય છૂટછાટ આપવાની ઓછી જગ્યા છે. બેલ્જિયમ નાણાકીય દબાણોનો સામનો કરતી વખતે ખર્ચમાં કાપ મૂકી રહ્યું છે. આયર્લેન્ડ પાસે અસાધારણ રીતે મજબૂત સરકારી નાણાકીય સ્થિતિ છે પરંતુ તેમ છતાં તે આવાસ અને મોંઘવારીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે. સ્પેને પૂરતા પ્રમાણમાં ઘરો બનાવવામાં સંઘર્ષ કરવો પડ્યો છે, જ્યારે તેની લઘુમતી સરકારને સંસદમાં કાયદા પસાર કરાવવામાં મુશ્કેલી પડે છે.

**ફ્રાન્સથી લઈને બેલ્જિયમ, આયર્લેન્ડથી સ્પેન સુધી યુવાનો હતાશા વ્યક્ત કરી રહ્યા છે**

**લોકવિચાર**

### વિરોધ પ્રદર્શનની બીજી બાજુ

દિલ્હી વિરોધ પ્રદર્શન ઘોષિત થયું તે સાથે જ આખું શહેર જાણે કિલ્લામાં ફેરવાઈ ગયું. યુવા સંગઠનો અને વિપક્ષના નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા. મતદાર યાદીઓમાં કથિત ગેરરીતિઓના આક્ષેપોને લઈને થઈ રહેલા આ પ્રદર્શનને કારણે રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક બનાવવામાં આવી. પોલીસે ઠેરઠેર બેરિકેડ્સ લગાવ્યાં, રસ્તાઓ બંધ કર્યા, મેટ્રો સ્ટેશનો પર નિયંત્રણો મૂક્યાં અને લાંબા અંતરની કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી. દિલ્હીના કેટલાક વિસ્તારોમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરવામાં આવી. આ બધાને કારણે સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

શાંતિપૂર્ણ વિરોધ કરવો એ લોકશાહીનો પાયાનો અધિકાર છે. સત્તામાં બેઠેલા લોકોને સવાલ પૂછવા અને જવાબદારી નક્કી કરવાની માગ કરવાનો અધિકાર દરેક નાગરિકને છે. પરંતુ આ અધિકારની સાથે જવાબદારી પણ આવે છે. વિરોધનું આયોજન કરનારા નેતાઓએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમના આંદોલનને કારણે સામાન્ય લોકોને મુશ્કેલી ન પડે. તેવી જ રીતે, વહીવટીતંત્રે પણ સંયમ રાખવો જોઈએ. સુરક્ષાનાં પગલાં જરૂરી છે, પરંતુ તેના નામે આખા શહેરનું જનજીવન ખોરવી નાખવું યોગ્ય નથી. લોકશાહીમાં વિરોધ કરવાનો અધિકાર અને સામાન્ય જીવન જીવવાનો અધિકાર, બંનેનું મહત્ત્વ છે. વિરોધ પ્રદર્શનનો હેતુ સરકારને પોતાની વાત સંભળાવવાનો હોવો જોઈએ, સામાન્ય નાગરિકોને મુશ્કેલીમાં મૂકવાનો નહીં.

**- અજય પટેલ**

# ગાદી, બાદી અને બરબાદી

**બખડજંતર**
**નટખટ નાગર**

'લ્યો ભાઈ, મીઠું મોઢું કરો મીઠું મોઢું...'

'લાભુ, કહે તો ખરો કે કંઈ ખુશીમાં તું મોઢું મીઠું કરાવવા આવ્યો છે?'

'અરે સાહેબ, દિવાનખાનામાં રાખેલી ખુરશી માટે સરસ મજાની પોચી પોચી ગાદી લાવ્યો એની ખુશીમાં મીઠું મોઢું કરાવવા આવ્યો છું.'

'લાભુ, તું પણ ખરો છે હો? ૨૦૦ રૂપિયાની ગાદી માટે ૩૦૦ રૂપિયે કિલો પેડા લઈ આવ્યો?'

'અરે મારા ભાઈ, આપણા દેશમાં ગાદી મળે એટલા માટે નેતાઓ પૈસાની રેલમછેલ કરતા હોય છે અને જીતીને પછી ગાદી મળી જાય પછી પણ પાણીની જેમ પૈસા વેરે છે, તમે જોતા નથી?'

'અચ્છા લાભુ, એટલે તે ગાદીની ખુશીમાં મીઠું મોઢું કરાવ્યું એમ જ ને? હવે કહે તો ખરો કે ક્યાં ગાદી બનાવડાવી?'

'આપણા સ્ટેશનની પાસે રાજસ્થાની ગાદી-ગાદલાવાળાની દુકાન તમે જોઈ છે? એની પાસેથી આ ગાદી બનાવડાવી.'

'અચ્છા લાભુ, મેં જોઈ છે દિલ્હી ગાદી ભંડાર નામની દુકાન, બરાબરને? હવે તે દુકાન પાસેના બોર્ડમાં જાહેરાતમાં શું લખ્યું છે એ કોઈ દિવસ વાંચ્યું છે?'

'ના ભઈ ના, મેં નથી વાંચ્યું, શું લખ્યું છે જાહેરાતમાં?'

'દિલ્હી ગાદી ભંડારની બહારના બોર્ડ પર લખ્યું છે કે, ' અમારી બનાવેલી ગાદી વાપરો, પોંચી પોંચી ગાદી બનાવી આપીશું. એક વાર ગાદી પર બેસશો પછી ઊઠવાનું મન નહીં થાય...'

'અરે?મને તો લાગે છે કે આ ગાદી ભંડારવાળો જ દિલ્હીમાં મોટા ભાગના નેતાઓને ગાદી પૂરી પાડતો લાગે છે. જે એક વાર ગાદી પર બેસે છે પછી ઊઠવાનું નામ જ નથી લેતા.'

'હા-હા-હા... લાભુ, તારા ફળદ્રુપ ભેજાને એકલી દાદ નહીં, દાદ-ખાજ-ખુજલી આપવી જોઈએ હો?'

'પણ ગાદીનું કેવું છે, ખબર છે? એકવાર સત્તાની ગાદી ઉપર બેસે એને ઝટ ઊઠવાનું મન ન થાય. એટલે જ હું કાયમ કહું છું કે કાં બેસવા માટે નીચે ગાદી હોય અને કાં બાદી હોય ત્યારે ઝટ ઊઠે જ નહીં.'

'હા-હા-હા... લાભુ, બાદી એટલે કબજિયાત, બરાબરને? બાદીને અંગ્રેજીમાં શું કહે છે ખબર છે? કોન્સ્ટીપેશન.'

'શું વાત કરો છો? આપણાં કોન્સ્ટીટયુશને બધાને ગાદી મેળવવાનો અધિકાર આપ્યો છે અને કોન્સ્ટીપેશને બાદીથી બેઠાં રહેવાનો અધિકાર આપ્યો છે.'



'લાભુ, ગાદી મળે જ્યારે સત્તા આવે અને બાદી મળે એ સતાવે.'

'મને પેલું ગીત છેને -ગાડી બુલા રહી હૈ સીટી બજા રહી હૈ... એ ગીત જ્યારે સત્તા માટે દિલ્હીની દિશામાં દોડતા જોઉંને ત્યારે ફેરવીને ગાવાનું મન થાય છે: 'ગાદી' બુલા રહી હૈ સીટી બજા રહી હૈ...'

'લાભુ, ગાદી માટે વલખાં મારતા અને વનપ્રવેશ કર્યા પછી પણ યુવાનેતા તરીકે ધમપછાડા કરતા પનોતા પપ્પુજીને જોઈને ગાવું પડે કે ગાદી 'રૂલા' રહી હૈ, સીટી બજા રહી હૈ... હારના હી જિંદગી હૈ હારતી હી જા રહી હૈ...'

'આમાં એવું છે ને કે ગાદી અને ગાડી મળી જાય તો મજા અને ગાદી અને ગાડી છૂટી જાય તો સજા.'

'તમને ખબર છે, આપણાં કરોડરજ્જુના જે મણકા હોય છે એની વચ્ચે પણ ગાદી હોય છે?'

'લાભુ, મને ખબર છેને? એટલે જ હું કાયમ કહું છું કે ગાદી ખસે સત્તાની કે મણકાની, ત્યારે પીડા ખમવી પડે સણકાની.'

'ગાદીનો આ વળગાડ છે એ ભલભલા ભૂવા કાઢી નથી શક્તા. જેના પેટમાં સત્તાની ભૂખ સળગે ઈ બધાં ગાદીને વળગે.'

'લાભુ, એટલે જ મને તારૂં જ ચોટદુંક વાક્ય યાદ આવ્યું : ગાદી ઉપર ખાદીના કવર અને ખાદીના કવર ઉપર ગાદીના લવર.'

'હા-હા-હા... આઝાદી પછી કેટલાય નેતાએ ખાદીના નામે જ ગાદી મેળવી હતીને? બીજું તો ઠીક કેટલાંય એવાં નીકળ્યાં જેણે ગાંધીબાપુના ચરખાને વગોવ્યો.'

'લાભુ, ગાંધીબાપુના ચરખાને નઠારા નેતાઓએ કેવી રીતે વગોવ્યો એ જરા કહે તો ખરો?'

'જો ધ્યાનથી સાંભળો. સત્તા આવ્યા પછી કેટલાય નેતાઓ ઊભે ગળે પૈસાની ખાઈકી કરવામાં પડી ગયા. આ બધાંએ ચરખા શબ્દનો નવો જ અર્થ કર્યો કે ચરાય એટલું ચર અને ખવાય એટલું ખા આમને આમ ચર-ખા. '

'લાભુ, હું પણ કહું છું કે રેંટિયાનો ટેકો લઈ વિરાટ બની ગયા વહેંતીયા...'

'ખુરશીની જ આ બધી ખેંચતાણ છેને? ખુરશી શબ્દની વચ્ચેથી 'ર' કાઢી નાંખો તો શું થાય? ખુશી, બરાબર? એટલે જેને ખુરશી મળે એને ખુશી મળે.'

'લાભુ, એટલે જ એક હિંદીના હાસ્યકવિએ ડેમોક્રેસી શબ્દનું વિચ્છેન કરીને ક્યો શબ્દ બનાવ્યો હતો ખબર છે? દે-મોહે-કુર્સી!'

'વાહ, સ રસ શબ્દ છે હો? દે-મોહે-કુર્સી... લોકશાહીમાં ચાલ્યા જ કરે ખુરશીની ખેંચતાણ, જેને મળે ખુરશી એ કહેશે કે હવે ટેસથી સત્તા માણ...'

'લાભુ, ગાદી ઉપરથી મને મુંબઈના એક જૂના વિસ્તારનું નામ યાદ આવ્યું, એ વિસ્તારનું નામ છે વડગાદી.'

'વાહ ભાઈ વાહ મુંબઈમાં છે વડ-ગાદી અને રાજકારણમાં ગાદી ઉપર ચડનારાનો વિસ્તાર છે, ચડ-ગાદી.'

### ફન કી બાત

**લોકશાહીમાં નકરી ટોકશાહી છે**
**જોકરિયા કેટલાકની જોકશાહી છે**
**વચન ફોક કરનારાની ફોકશાહી છે**
**ઠોકી બેસાડાતા નેતાઓની ઠોકશાહી છે.**

***

**લોકશાહીના રસોડે વાળુ છે**
**પછી કોણ કોને કહેવાવાળું છે**
**ખબરદારી ખંખેરી કૈંક મંડે છે ખાવા**
**અહીં દરેકની દાળમાં કંઈક કાળું છે.**

***

**ફ્રાન્સના રાજા લૂઈ-ચૌદમાના સિંહાસનની ઝાંખી દિલ્હીના શૌચાલય સંગ્રહાલયમાં જોવા મળે છે. લૂઈ ચૌદમાને પેટની બીમારી હતી. એટલે ઓચિંતુ પ્રેશર આવે ત્યારે દરબારનું કામકાજ છોડી દોડી જવું ન પડે એટલે તેણે સિંહાસનમાં જ નીચે કમોડ બનાવડાવ્યું હતું. બન્ને કામ ચાલુ રહે. આ કમોડાસન જોઈને કૈંક નઠારા નેતાઓ ગાદીએ બેસી 'ડર્ટી પોલિટિક્સ' કરતા શીખ્યા હશે?**

***

**પુલિંગ અને સ્ત્રીલિંગ શબ્દના અર્થમાં કેવો અર્થ બદલાઈ જાય છે? આને શાબ્દિક કજોડા કહેવાય:**
**રસ-રસી**
**આરસ-આરસી**
**પારસ-પારસી**
**ચોરસ-ચોરસી**
**દૂધ-દૂધી**
**પાણો-પાણી**
**ચીમન-ચીમની**
**બરફ-બરફી**
**માળો-માળી**
**બળ-બળી**
**શરદ-શરદી.**

## વહેતું જીવન

**અનુસંધાન**

શેખરને સીધો કરવાનું કામ ચીમનચાકુને સોંપી દીધું. સાંજે શેખર ઘેર જતો હતો, ત્યાં ચીમનચાકુનાં ગુંડાઓએ તેને ઘેરીને હોકીથી ફ્રેકચર કરી દીધું. ચાર રસ્તા પર શેખર લંગડાતા પડ્યો હતો. એ ખબર સપના મેડમને મળતાં તરત જ તેના ડ્રાઈવર અને બોડીગાર્ડને બોલાવી જીપ કાઢી અને તત્કાલ દાખલ કરાવી દીધો. બધા જોતા રહી ગયા.

આખી રાત મેડમ તેની સાથે જ રહ્યા, ઓપરેશન પછી તેને વોર્ડમાં લાવતા મેડમ તેની બાજુમાં બેસી રહ્યા.

આખા પોલીસબેડામાં વાત ફેલાઈ ગઈ. બધા નવાઈ પામ્યા. એ.સી.પી. મેડમ એક પી.એસ.આઈ.ની સેવામાં કેમ લાગેલા છે, એ રહસ્ય કોઈને ના સમજાયું. સવારે શેખરે આંખ ખોલતા સામે સપનાને જોઈ શરમાઈ ગયો.

'શેખર, તારા બીબી બચ્ચા કેમ દેખાતા નથી?' સપનામેડમે પુછ્યું.

'સપના, હું તો તારા પ્યારમાં જ ડૂબેલો હતો, તેથી બીજા લગ્નનું વિચાર્યુ જ નથી.' શેખરે નીચી મૂંડીએ જવાબ આપ્યો.

'પણ તારા માબાપ પણ કેમ દેખાતા નથી?'

'તારી સાથે મારા માબાપે કરેલ ખરાબ વર્તાવને લીધે મેં મારા માબાપને છોડી દીધા છે. હવે હું એકલો જ રહું છું.' શેખરે રડમસ અવાજે કહ્યું. આ સાંભળીને સપનાની આંખો ભરાઈ ગઈ. 'શેખર, મેં પણ તારી યાદમાં હજુ લગ્ન કરેલ નથી, હું પણ એકલી જ રહું છું.'

બન્ને એકબીજા સામે જોતા જ રહ્યા. એકબીજાનો હાથ પકડીને અંતે પ્રેમમાં ડૂબી ગયા.

સપનાએ સામેથી શેખર સાથે ફરીથી રહેવા છૂટાછેડાની ફાઈલ પરત કરી દીધી. સપનાની કડકાઈને લીધે તેમના આખા સ્ટાફે લાંચ રૂશ્વતનો બહિષ્કાર કર્યો. આખા વિસ્તારમાં દારૂ, જુગાર અને લુખ્ખાગીરી બંધ થતાં મહિલાઓ અને બાળકોમાં આનંદ ફેલાઈ ગયો.

સપના અને શેખર આનંદથી જીવન પસાર કરી રહ્યા છે.

## એક જ દે ચિનગારી

**અનુસંધાન**

વિભિન્ન રૂપોમાં દુર્ગા ભારત અને નેપાળમાં ઘણાં મંદિરોમાં અને તીર્થ સ્થાનોમાં પૂજાય છે.

શક્તિવાદના સૌથી મહત્વપૂર્ણ ગ્રંથો, દેવી માહાત્મ્ય, અને દેવી ભાગવત પુરાણ, દેવીને બ્રહ્માંડના આદિમ સર્જક તરીકે પૂજે છે.

મા દુર્ગાના અનેક સ્વરૂપો અને શક્તિની વંદના કરવા નવરાત્રિમાં ગરબા ગાવા અને રમવામાં આવે છે. ગરબા ગાવા પાછળ ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કારણો જોડાયેલા છે. ગરબા એ માત્ર મનોરંજન નથી. પરંતુ આદ્યશક્તિ મા અંબાની આરાધના કરવાની એક પવિત્ર રીત છે.

ગરબામાં માતાજીના વિવિધ સ્વરૂપો અને શક્તિઓનું વર્ણન દ્વારા ભક્તો એક પ્રકારની ભક્તિ વ્યક્ત કરે છે. અને તેમના આશીર્વાદ મેળવે છે. ગરબા ગોળાકારમાં રમવામાં આવે છે. આ ગોળાકાર દર્શાવે છે કે દુનિયાનું સમયચક્ર જન્મ, જીવન અને મરણ ગોળ ફરે છે. પણ કેન્દ્રમાં આદ્યશક્તિ હંમેશા સ્થિર અને શાશ્વત છે.

ધીરે ધીરે ગરબામાં આધુનિકતા ભળતી ગઈ. અત્યારે સીનેમાના ગીતોના ઢાળવાળા ગરબા ગવાય છે. ગરબે ઘૂમનાર વ્યક્તિ પોતાનામાં મસ્ત હોય છે. ગોળાકારમાં ગરબા ગાવાનું તો શહેરોમાં તો લગભગ અદ્રશ્ય થઈ ગયું છે. સૌ પોતપોતાના ગ્રુપમાં ગરબા ગાય છે. તેમાં ક્યાંય માતા પ્રત્યેની ભક્તિ જણાતી નથી. માત્ર એકશન અને વિવિધ પોશાકોનું વરવું પ્રદર્શન જોવા મળે છે. ગરબા ગવડાવનારનું પણ એડવાન્સ બુકીંગ કરાવવું પડે છે. ગરબા ગવડાવનાર મોટી ફી લઈને પોતાની ઓરકેસ્ટ્રા સાથે સ્ટેજ પર આવે છે. ગરબા ગાનારા યુવક યુવતીઓને ગરબાના શબ્દો સાથે કોઈ લેવાદેવા હોતી નથી. પોતાને મનમાં આવે તેવી એકશન સાથે ગરબા ગવાય છે.

હે ભગવાન, આદ્યશક્તિના સ્વરૂપ અને શક્તિઓના વર્ણન કરતાં પ્રાચીન ગરબા હવે તો વિસરાઈ ગયા છે. અત્યારે તો કાનફોડ મ્યુઝીક અને લાઈટોની ઝાકઝમાળ તથા વિવિધ પ્રકારના ટ્રેડીશનલ પોશાકોની બોલબાલા છે.

નવરાત્રિમાં કઇ પાંચ વસ્તુઓ યાદ રાખવી જોઇએ?

૧. નવરાત્રિને વરવો ઉત્સવ નહીં પણ ગરવો ઉત્સવ બનાવો.

૨. પ્રદર્શનવૃત્તિને વશ થઇને પોતાને પોસાય નહીં તેવા વસ્ત્રો ખરીદવા કે ભાડે લાવવાનું ટાળો.

૩. તમારી વાણી, વર્તન, આચરણ વગેરેમાં દેવી અને દૈવી તત્વોનો પહેરો રાખો.

૪. ગરબા નિમિત્તે 'સસ્તા નાચ'ના મોહથી તમારી જાતને બચાવો.

## રજનીગંધા

**અનુસંધાન**

'કયો રઘલો? એ જ? જેણે એના મોટાભાઈના માથામાં ડાંગ મારીને મારી નાંખ્યા હતા? અને પછી પોતે રેલ્વેના પાટા પર જઈને આપઘાત કરી લીધો હતો?'

'આપઘાત?'રઘુ શેઠ ચોંક્યા. 'રઘલાએ આપઘાત કર્યો હતો?'

હવે શું કહું શેઠ? ગામનો સરપંચ બહુ કપટી હતો. એની નજર રઘલાની જમીન ઉપર હતી અને સરપંચના દીકરાની નજર રઘલાની બૈરી ઉપર હતી. જેવી એમને ખબર પડી કે રઘલા અને ભુવન વચ્ચે મારામારી થઈ છે અને ભુવન લોહી દદડતા માથા સાથે ગામમાં આવી રહ્યો છે ત્યારે -

'ત્યારે શું?'

'ત્યારે સરપંચના માણસોએ એને મારી નાંખ્યો હતો! પોલીસ થાણામાં એમણે ફરિયાદ નોંધાવી હતી કે ભુવનનો ખૂની રઘલો છે! જે ભાગી ગયો છે!'

'પછી રઘલો પકડાઈ ગયો?'

'ક્યાંથી પકડાય? કહે છે કે સરપંચે જ કોઈ દારૂડીયા જેવા મુફલિસને ટ્રેનના પાટા નીચે ધકેલી દીધો હતો!'

'શું વાત કરે છે?'

'હાસ્તો! આખું ગામ જાણે છે!'

સરપંચે પોલીસોને પૈસા ખવડાવીને ચોપડે એવું લખાવી દીધું કે રેલ્વેના પાટે આત્મહત્યા કરનારો રઘલો જ છે! પછી તો રસ્તો સાફ હતો ને?

'કેવો રસ્તો?'

'અરે, રઘલાની બૈરીને સરપંચના દીકરાએ પોતાની બીજી પત્ની બનાવી લીધી! એ બહાને રઘલાની જમીન પણ એની થઈ ગઈ!'

'અને રઘલાની બૈરી? એ તો જલસા કરતી હશે નહીં?'

'ધૂળ જલસા? જેવી જમીન પોતાના નામે થઈ કે તરત જ સરપંચની આખી ચાલ ફરી ગઈ! એને ઘરમાંથી કાઢી મૂકી! આજે બિચારી નોકરાણીની જેમ રઘલાના ખેતરમાં ઝુંપડી બાંધીને જેમતેમ જેમતેમ દહાડ કાઢે છે.'

રઘુશેઠને ધીમે ધીમે સમજાયું કે જે સ્ત્રીને માટે પોતે પોતાના ભાઈને માથે લાઠી ફટકારી દીધી હતી એવી જ એક લાઠી વિધાતાની પણ ફરી વળી હતી!

કહે છે ને, જ્યારે કિસ્મતની લાઠી વાગે છે ત્યારે એનો અવાજ કોઈને સંભાળાતો નથી.

## ઝાકળ બન્યું મોતી

**અનુસંધાન**

એવામાં શ્રીકૃષ્ણે કહ્યું 'અર્જુન તારી પ્રતિજ્ઞા હત્યા કરવાની છે. શિરચ્છેદ કરવાની નથી. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે કોઈની પણ સામે કોઈ સજ્જનની ટીકા કરવી એ પણ એની હત્યા છે. આ રીતે ધર્મરાજની ટીકા કરીને તમે તમારી પ્રતિજ્ઞાનું પાલન કરી શકો છો.'

નીતિશિરોમણિ શ્રીકૃષ્ણએ માર્ગ બતાવ્યો. સૌનાં મન પરની ઉદાસીનતા ઓછી થઈ, પરંતુ એવામાં ભીમે નવો તર્ક આપ્યો. ભીમે કહ્યું, 'જો આ રીતે નિંદા વચનો દ્વારા ધર્મરાજની હત્યા કરવામાં આવે તો અમને પણ જીવવાનો કોઈ અધિકાર નથી. આનું કારણ એ છે કે અમે પાંચે ભાઈઓએ પ્રતિજ્ઞા કરી છે કે અમારા પાંચમાંથી એક ભાઈ પણ મૃત્યુ પામે, તો બાકીના બધા આત્મહત્યા કરશે. હવે જો ધર્મરાજની આ રીતે હત્યા થઈ હોય તો અમારે સૌએ ચિતા પર ચડવું જોઇએ.'

ફરી પાછું વાતાવરણ ગંભીર બની ગયું. ફરી એ જ રીતે શ્રીકૃષ્ણએ કહ્યું, 'એક ક્ષત્રિય તરીકે તમારે પણ તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવી જોઇએ, પણ તમારી પ્રતિજ્ઞા જીવનનો અંત આણવાની નથી, બલ્કે આત્મહત્યા કરવાની છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે કોઈ પોતાની પ્રશંસા સ્વયં કરે તો તે આત્મઘાત સમાન છે. આથી તમે સ્વગુણોનું કથન કરીને પ્રતિજ્ઞાનું પાલન કરી શકો છો.'

શ્રીકૃષ્ણની આ ચતુરાઈ પર ખુશ થયેલા પાંડવોએ એમની પ્રશંસા કરી.

## તારી અને મારી વાત

**અનુસંધાન**

સંગીતપ્રેમી છો, શીખનાર છો, દાદા છો, જીવનસાથી છો, સમાજના સભ્ય છો, તો એક ભૂમિકા પૂરી થાય ત્યારે આખું જીવન ખાલી નહીં થાય. મારી દ્રષ્ટીએ 'હું હજુ પણ શીખી રહ્યો છું' એ કદાચ તમારી સૌથી સુંદર ઓળખ છે. ઉંમર ગમે તેટલી હોય, શીખનાર માણસ ક્યારેય સંપૂર્ણપણે નિવૃત્ત થતો નથી. ક્યારેક કોઈ યુવાનને તમારો અનુભવ આપી દો. ક્યારેક કોઈ એકલવાયા માણસને એક કપ ચા સાથે સાંભળો. ક્યારેક પત્ની સાથે લાંબી વૉક પર જાઓ, જ્યાં ચર્ચાનો વિષય બાળકો, લોનના હપ્તા કે રોગ-આરોગ્ય ન હોય! ક્યારેક કોઈ જૂનું પુસ્તક ફરી વાંચો, ક્યારેક માત્ર બારી પાસે બેસીને વરસાદ જુઓ, અને ક્યારેક કોઈ કામ વગર પોતાની જાત સાથે બેસો. શરૂઆતમાં કદાચ ખૂબ અજીબ લાગશે, કારણ કે આખી જિંદગી આપણે બીજાઓની જરૂરિયાતો પૂરી કરવામાં વ્યસ્ત રહ્યા છીએ. હવે પહેલી વાર પોતાની હાજરી પૂરતી છે કે નહીં, એ શીખવાનું છે. મને લાગે છે, જીવનનો આ તબક્કો 'કોઈને મારી જરૂર નથી'થી શરૂ થઈને 'હવે મને મારી જાત સાથે રહેવાની જરૂર છે' સુધી પહોંચી શકે છે. અને કદાચ એ જ પરિપક્વતાની સાચી શરૂઆત છે. એક દિવસ ફોન ઓછો વાગશે, બાળકો સલાહ લીધા વગર નિર્ણય લેશે, ઓફિસ આપણાં વગર આગળ વધશે, ઘરમાં પણ બધું આપણાં વગર ગોઠવાઈ જશે. તે દિવસે અરીસામાં પોતાને જોઈને એક ક્ષણ માટે એવું ન વિચારશો કે, ''હવે હું કોના કામનો?'' તેના બદલે પોતાને પૂછજો ''હવે, જ્યારે દુનિયાને મારી જરૂર ઓછી છે, ત્યારે શું હું પહેલી વાર મારી જાતને ઓળખવા માટે મુક્ત થયો છું?!''

### પૂર્ણવિરામઃ

**નિવૃત્તિ જીવનની વિદાય નથી, 'મારા વગર દુનિયા નહીં ચાલે' એવી માન્યતાની વિદાય છે. નિવૃત્તિ તો એ શાંત સમજણ છે કે 'દુનિયા મારા વગર પણ ચાલે છે... અને છતાં, હું અહીં હોવાનો અર્થ ધરાવું છું.'**

## સેલિબ્રેશન

**અનુસંધાન**

જનરલ એનેસ્થેસિયામાં દવાઓની મદદથી દર્દીને નિયંત્રિત રીતે બેભાન કરવામાં આવે છે, જેથી તે સર્જરી દરમિયાન સામાન્ય રીતે પીડા અનુભવે નહીં કે પ્રક્રિયાની યાદ ન રહે. પરંતુ કેટલીક સર્જરીમાં શરીરના ચોક્કસ ભાગને સુન્ન કરીને પણ પીડા નિયંત્રિત કરી શકાય છે. આ પદ્ધતિને રીજનલ એનેસ્થેસિયા કહેવામાં આવે છે. સ્પાઈનલ એનેસ્થેસિયાનો ઉપયોગ કેટલીક પ્રસૂતિઓ અને શરીરના નીચેના ભાગની શસ્ત્રક્રિયામાં થાય છે. એપિડ્યુરલ દ્વારા પ્રસૂતિ દરમિયાન થતી પીડા ઘટાડવામાં મદદ મળી શકે છે. જ્યારે લોકલ એનેસ્થેસિયામાં શરીરના નાના વિસ્તારની સંવેદના અટકાવવામાં આવે છે, જેમ કે દાંતની સારવાર દરમિયાન કરવામાં આવે છે.

કઈ પદ્ધતિ પસંદ કરવી તે દર્દીની ઉંમર, શારીરિક સ્થિતિ, કઈ સર્જરી કરવાની છે, અગાઉની બીમારીઓ, દવાઓની એલર્જી અને અન્ય જોખમી પરિબળોને આધારે નક્કી થાય છે. એટલે ઓપરેશન પહેલાં એનેસ્થેસિયોલોજિસ્ટ દ્વારા કરવામાં આવતું મૂલ્યાંકન માત્ર ઔપચારિકતા નથી. દર્દીને હૃદયરોગ, ડાયાબિટીસ કે ફેફસાંની તકલીફ છે કે નહીં, તે કઈ દવાઓ લે છે, અગાઉ એનેસ્થેસિયા દરમિયાન કોઈ મુશ્કેલી થઈ હતી કે નહીં, આવી વિગતો જાણવી અત્યંત જરૂરી છે. દર્દી અને પરિવારના મનમાં રહેલા સવાલોનું નિરાકરણ કરવું પણ આ પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

ઓપરેશન શરૂ થાય ત્યારથી એનેસ્થેસિયોલોજિસ્ટની જવાબદારી સતત વધી જાય છે. દર્દીના હૃદયના ધબકારા, બ્લડપ્રેશર, શ્વાસ અને લોહીમાં ઑક્સિજનનું પ્રમાણ પર નજર રાખવામાં આવે છે. જરૂર પડે ત્યારે શ્વાસની નળી મૂકીને વેન્ટિલેટરની મદદથી શ્વાસ જાળવવામાં આવે છે. જટિલ સર્જરીમાં લોહીની ખોટ, શરીરના તાપમાનમાં ફેરફાર અને પ્રવાહીના સંતુલન પર પણ ધ્યાન આપવું પડે છે. એનેસ્થેસિયાની દવાઓથી બ્લડપ્રેશરમાં ફેરફાર થઈ શકે છે અથવા શ્વાસની કામગીરીને અસર થઈ શકે છે. કોઈ અણધારી સ્થિતિ સર્જાય તો એનેસ્થેસિયોલોજિસ્ટે તાત્કાલિક નિર્ણય લઈને જરૂરી પગલાં લેવાં પડે છે. આથી ઓપરેશન થિયેટરમાં મશીનોની મદદ જેટલી મહત્ત્વપૂર્ણ છે, એટલી જ મહત્ત્વપૂર્ણ છે એનેસ્થેસિયાના નિષ્ણાતની સમજ, તાલીમ અને સતર્કતા.

સર્જરી પૂરી થઈ જાય એટલે એનેસ્થેસિયોલોજિસ્ટનું કામ પૂરું થઈ જતું નથી. દર્દી ધીમે ધીમે ભાનમાં આવે ત્યારે તેનો શ્વાસ, ચેતનાની સ્થિતિ, પીડા અને અન્ય સંભવિત તકલીફો પર નજર રાખવામાં આવે છે. એનેસ્થેસિયાની અસર ઓછી થતી વખતે ઊબકા, ઊલટી કે પીડા જેવી સમસ્યાઓ થઈ શકે છે, જેને નિયંત્રિત કરવા માટે યોગ્ય સારવાર આપવામાં આવે છે. દર્દીની સ્થિતિ પ્રમાણે તેને રિકવરી રૂમમાં રાખવામાં આવે છે અથવા વધુ સઘન દેખરેખની જરૂર હોય તો આઈસીયુમાં ખસેડવામાં આવે છે. એટલે દર્દી ઓપરેશન પહેલાંની તૈયારીથી લઈને સર્જરી પછીની પુનઃપ્રાપ્તિ સુધી એનેસ્થેસિયાની ટીમની દેખરેખ હેઠળ રહી શકે છે.

આજે એનેસ્થેસિયોલોજિસ્ટની ભૂમિકા ઓપરેશન થિયેટરથી પણ ઘણી આગળ વધી ગઈ છે. ગંભીર રીતે બીમાર દર્દીઓની સઘન સારવાર, અકસ્માતમાં ઘાયલ થયેલા દર્દીઓની તાત્કાલિક સંભાળ, પ્રસૂતિ દરમિયાન પીડાનું નિયંત્રણ અને લાંબા સમયથી પીડા સહન કરતા દર્દીઓની સારવારમાં પણ તેમની વિશેષ કુશળતા જરૂરી બને છે. ઘણી વખત દર્દીને જીવનરક્ષક સારવાર આપતી ટીમમાં એનેસ્થેસિયાના નિષ્ણાતો મહત્ત્વપૂર્ણ જવાબદારી સંભાળે છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં સર્જરી જેટલી જ મહત્ત્વપૂર્ણ બની છે દર્દીની સમગ્ર શારીરિક સ્થિતિને સ્થિર રાખવાની પ્રક્રિયા, અને આ ક્ષેત્રમાં એનેસ્થેસિયોલોજિસ્ટનું યોગદાન અનિવાર્ય છે.

આટલી વ્યાપક જવાબદારી હોવા છતાં એનેસ્થેસિયાના નિષ્ણાતોનું કામ ઘણી વાર પડદા પાછળ રહી જાય છે. દર્દી અને પરિવારજનોને સર્જનની કામગીરી દેખાય છે, પરંતુ દર્દીને સુરક્ષિત રીતે એનેસ્થેસિયા આપવાથી લઈને સર્જરી દરમિયાન તેની શારીરિક સ્થિતિ જાળવવા અને પછી તેને ભાનમાં લાવવા સુધીની પ્રક્રિયા ઘણી વખત તેમની નજરથી દૂર રહે છે. હકીકતમાં, સર્જનની કુશળતા અને એનેસ્થેસિયોલોજિસ્ટની સતત દેખરેખ વચ્ચેનું સંકલન જ જટિલ શસ્ત્રક્રિયાઓને સફળતાપૂર્વક પાર પાડવામાં મહત્ત્વપૂર્ણ બની શકે છે. કોઈ પણ એનેસ્થેસિયા સંપૂર્ણપણે જોખમમુક્ત નથી, પરંતુ દર્દીનું યોગ્ય મૂલ્યાંકન, તાલીમબદ્ધ નિષ્ણાતો, યોગ્ય સાધનો અને સતત દેખરેખ જોખમ ઘટાડવામાં મદદ કરે છે.

વિશ્વ એનેસ્થેસિયા દિવસ માત્ર એક ઐતિહાસિક શોધની ઉજવણી કરવાનો દિવસ નથી. તે એવા તબીબી નિષ્ણાતોના યોગદાનને યાદ કરવાનો પ્રસંગ છે, જેઓ દર્દીની પીડા ઘટાડવા અને તેની સુરક્ષા જાળવવા સતત કાર્યરત રહે છે. ઈથરની વરાળથી શરૂ થયેલી સફર આજે અદ્યતન દવાઓ, મોનિટરિંગ સાધનો અને ગંભીર દર્દીઓની સારવાર સુધી પહોંચી છે. આ પ્રગતિએ સર્જરીને વધુ વ્યવસ્થિત બનાવી છે અને અનેક જટિલ સારવારની શક્યતાઓ વિસ્તારી છે.

ઓપરેશન થિયેટરમાં દર્દી આંખો બંધ કરે છે, ત્યારે તેની સાથે પરિવારજનોની આશા અને પ્રાર્થના પણ જોડાયેલી હોય છે. સર્જન પોતાના કૌશલ્યથી શસ્ત્રક્રિયા કરે છે, જ્યારે એનેસ્થેસિયોલોજિસ્ટ દર્દીના શ્વાસથી લઈને હૃદયના ધબકારા સુધીની દરેક મહત્ત્વપૂર્ણ બાબત પર નજર રાખે છે. દર્દી ભાનમાં ન હોય, પરંતુ તેની સુરક્ષા માટે એક નિષ્ણાત સતત જાગૃત રહે છે. કદાચ એનેસ્થેસિયાના વિજ્ઞાનની સૌથી મોટી સિદ્ધિ આ જ છે- દર્દની પીડા ઘટાડવી, સર્જરીને શક્ય બનાવવી અને જીવનની સૌથી સંવેદનશીલ ક્ષણોમાં દર્દીની સુરક્ષાને પ્રાથમિકતા આપવી.

# ઈશ્વરનો સાક્ષાત્કાર

હું પ્રવાહીમાં રસ છું, સૂર્ય અને ચાંદમાં પ્રકાશ, વેદોમાં ૐ, આકાશમાં અવાજ છું, લોકોમાં હિંમત છું, જમીનમાં સુગંધ, આગમાં તેની ચમક, તપસ્વીઓનું તપ અને જીવધારીઓનું જીવન છું.

**- ભગવાન શ્રીકૃષ્ણ**

પ્રભુના સિંહાસન પાસે દયા બે રીતે મેળવી શકાય છેઃ પાપના ખુલ્લા એકરારથી અને કરેલાં ખોટાં કર્મોને સુધારી લેવાથી.

**- ગુરુ ગ્રંથસાહેબ**

હું ઈશ્વરથી ડરું છું અને ઈશ્વર પછી મુખ્યત્વે તેનાથી ડરું છું કે જે ઈશ્વરથી ડરતા નથી.

**- શેખ સાદી**

ઈશ્વરનું સરનામું હૃદય છે, મન નહીં.

**- પાસ્કલ**

એક સત્ય સ્વરૂપ પરમેશ્વરને વિજ્ઞાન અનેક નામે બોલાવે છે.

**- ઋગ્વેદ**

યોગી શિવને પોતાના આત્મામાં જુએ છે, પથ્થર માટીની મૂર્તિમાં નહીં. જેઓ તેને પોતાનામાં નથી જોતા તેઓ તેને તીર્થોમાં શોધે છે.

**- શિવપુરાણ**

પ્રથમ તું ઈશ્વરનો રાહ અને તેનું સત્ય શોધી કાઢ, પછી તને બધું મળી આવશે.

**- બાઈબલ**

આપણી જરૂરીયાતો જેટલી ઓછી એટલા માટે ઈશ્વરની નજીક હોઈએ છીએ.

**- સોક્રેટીસ**

ઈશ્વરનાં દર્શન આંખથી નથી થતાં, ઈશ્વરને શરીર નથી, તેથી તેનાં દર્શન શ્રદ્ધાથી થાય છે.

**- ગાંધીજી**

જ્યાં સત્ય અને પ્રેમ છે ત્યાં ઈશ્વર છે.

**- રેટી નોસ**

તમારે પ્રભુને જોવા હોય તો તમારે પ્રભુમય બનવું જોઈએ.

**- બર્નાડ શૉ**

આપણે ઈશ્વર પાસે માંગણી નહીં, પણ ભેટ લઈને જઈએ, ત્યારે આપણને તેનો સાક્ષાત્કાર થાય છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

પરમાત્મા હંમેશાં કૃપાળુ છે. જે શુદ્ધ અંતકરણથી તેની મદદ યાચે છે તેને તે અવશ્ય આપે છે.

**- સ્વામી વિવેકાનંદ**

જેવી રીતે પક્ષી દિવસ દરમિયાન ચારે તરફ ફરે છે, પરંતુ સાંજના સમયે તે પોતાના માળામાં આવીને સ્થિર થઈ જાય છે, તેવી રીતે જ જીવાત્મા જ્યારે સંસારના બધા પ્રકારનાં કામોમાં થાકીને ભટકી જાય છે ત્યારે વિશ્રામને માટે પરમેશ્વર પાસે પહોંચી જાય છે.

**- વિનોબા ભાવે**

હું કૈલાસમાં કે વૈકુંઠમાં નથી રહેતો, મારો વાસ ભક્તોના હૃદયમાં છે.

**- અજ્ઞાત**

જીભની ભાષા માણસો સારી રીતે સમજી શકે છે, હૃદયની ભાષાને ઈશ્વર ઉત્તમ રીતે સમજી શકે છે.

**-વૉરરિક**

માત્ર શાસ્ત્ર વાંચીને ઈશ્વરને જાણવો તે એવું છે કે જેમ નકશામાં બનારસ શહેરને જોઈને કોઈનેય એનું વિવરણ સંભળાવવું.

**- રામકૃષ્ણ પરમહંસ**

ઈશ્વર એક શાશ્વત બાળક છે, જે શાશ્વત બાગમાં શાશ્વત રમી રહ્યો છે.

**- શ્રી અરવિંદ**

ઈશ્વરના બે નિવાસસ્થાન છેઃ એક વૈકુંઠમાં અને બીજું નમ્ર અને કૃતજ્ઞ હૃદયમાં.

**- આઈ ઝેક વૉટ્સન**

હે ઈશ્વર! મારી દરેક જરૂરિયાત વખતે હું તારા તરફ આશાની મીટ માંડું છું અને મારી આશા કદી નકામી જતી નથી. હું તારો સ્પર્શ અને શાશ્વત પ્રેમ અનુભવું છું અને બધું ફરી રૂડું થઈ જાય છે.

**-લૉંગફેલો**

ઈશ્વર મનુષ્યને કહે છે કે હું તારે માટે મનુષ્ય બનું છું. માટે તુ મારે માટે ભગવાન નહીં બને તો મને અન્યાય કરીશ.

**- મિસ્ટર એકહાર્ડ**

જ્ઞાન, ઉપાસના અને કર્મ- આ ઈશ્વરપ્રાપ્તિના ત્રણ જુદા જુદા માર્ગ નથી,આ ત્રણેય મળીને એક જ માર્ગ છે.

**- લોકમાન્ય તિલક**

કોઈએ એક સંતને ખંજર માર્યું. સંતે કહ્યું :'તું પણ ભગવાન છે.'

**- રેનૉલ્ડ નીવર**

ઈશ્વરની કોઈ બૌદ્ધિક પરિભાષા આપી શકાય નહી. એની તો આત્માથી જ અનુભૂતિ થઈ શકે.

**- ડૉ. રાધાકૃષ્ણન્**

ઈશ્વર પોતાના બાળકોની આંખો કદી આંસુથી ધુએ છે, જેથી તેઓ તેની પ્રકૃતિ અને આદેશ બરાબર વાંચી શકે.

**- કાઈલર**

આ વિશ્વને જોઈને મને આશ્ચર્ય થાય છે. હું એ વિચારી પણ શક્તો નથી કે માણસ દેખાય છે, પણ એનો રચયિતા દેખાતો નથી.

**- વૉલ્ટેર**

ઈશ્વર સદા ભક્તના હૃદયમંદિરમાં રહે છે અને પોતાના પ્રિય ભક્ત સાથે હંમેશ વાર્તાલાપ કરે છે.

**- સ્વામી રામદાસ**

તમે પરમેશ્વરને ભલે જાણતા ન હો,પણ ઓછામાં ઓછું એનાં લક્ષણોને તો જાણો.

**- અલ-હલાજ**

પ્રેમનું મંદિર બનાવવામાં આવે એવી આશા ઈશ્વર રાખે છે,જ્યારે માણસો પથ્થરનું મંદિર બનાવે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

ઈશ્વર જેના પર પ્રસન્ન થાય છે તેને ત્રણ પ્રકારનો સ્વભાવ દે છેઃ નદી જેવી દાનશીલતા, સૂરજ જેવી ઉદારતા અને પૃથ્વી જેવી સહનશીલતા.

**- વાયજિદ બસ્તામી**

ઈશ્વરનો ટેલિફોન નંબર છે નિરહંકારતા.

**- કોકિલ સાઈ**

મનુષ્યથી ડરવું એ ઈશ્વર પ્રત્યેના વિશ્વાસના અભાવનું દ્યોતક છે.

**- ગાંધીજી**

ઈશ્વરને કોઈ માણસ વહાલો નથી કે કોઈ અળખામણો નથી.

**- પીટર**

ઈશ્વરનો દરવાજો ઊંચા દિલથી ખખડાવનારને માટે તે બંધ નથી. ભલે એના ભૂતકાળમાં ભૂલો અને પતન પડેલાં હોય.

**- શ્રી અરવિંદ**

જે વિધવાના આંસુ લૂછી ન શકે કે અનાથ બાળકોનાં મુખમાં રોટીનો ટુકડો ન મૂકી શકે, તેવા ધર્મ કે ઈશ્વરમાં મને શ્રદ્ધા નથી.

**- સ્વામી વિવેકાનંદ**

મોજશોખને નહિ, પ્રભુને ચાહો.

**- કાર્લાઈલ**

## વેદના-સંવેદના

**અનુસંધાન**

થોભવું પડે. ક્યારેક એકલા લડવાને બદલે મદદ લેવી પડે. ક્યારેક રસ્તો બદલવો પડે, પરંતુ ધ્યેય નહીં.

નિર્ણયમાં જ જીતની શરૂઆત છુપાયેલી છે. કારણ, જ્યારે માણસ સાચા અર્થમાં નક્કી કરે છે, 'પરિણામ જે આવે તે આવે, પણ મારાથી બનતો શ્રેષ્ઠ પ્રયાસ કર્યા વગર હું પાછો નહીં ફરું,' ત્યારે જીતની શરૂઆત થઈ ચૂકી હોય છે. બાકીનું પરિણામ તરત મળતું નથી. અને કદાચ એ સારું છે. દરેક સફળતા તૈયાર સ્વરૂપે મળી જાય તો ધીરજ ક્યાંથી શીખીએ? પ્રથમ પ્રયત્ને દરેક દરવાજો ખૂલી જાય તો ફરી દરવાજો બંધ થાય ત્યારે શું કરવું એ કેવી રીતે શીખીએ? મહેનતથી મળેલી સફળતા માત્ર આનંદ નથી આપતી. એ માણસની અંદર એક સ્મૃતિ ઊભી કરે છે- 'એક વખત હું મુશ્કેલીમાંથી બહાર આવ્યો છું; ફરી જરૂર પડશે તો આવી શકીશ.' આ આત્મવિશ્વાસ કોઈ પુસ્તકમાંથી મળતો નથી. એ અનુભવમાંથી મળે છે. સંઘર્ષ આપણને માત્ર મંજિલ સુધી પહોંચાડતો નથી; આગળની મુસાફરી માટે પણ તૈયાર કરે છે.

અહીં સૌથી મહત્ત્વનું સંતુલન જરૂરી છે. 'હાર ન માનવી'નો અર્થ દરેક બાબતમાં જીદ પકડીને બેસી રહેવું નથી. કેટલીક લડાઈ છોડવી એ જ જીત છે. જે સંબંધ માત્ર ઝેર આપી રહ્યો હોય ત્યાંથી દૂર થવું હાર નથી. જે ધ્યેય હવે તમારા જીવનના મૂલ્યો સાથે મેળ ખાતું ન હોય એને બદલવું નબળાઈ નથી. પોતાની ભૂલ સમજાય ત્યારે સ્વીકારી લેવી પરાજય નથી. માફી માગવી હાર નથી. માફ કરી દેવું પણ હાર નથી. અને જે બદલી શકાય એમ જ નથી તેને સ્વીકારીને આગળ વધવું એ તો ઘણી વાર સૌથી મોટી માનસિક શક્તિ છે.

એટલે જ પ્રશ્ન માત્ર એટલો નથી કે- 'હું કેટલી મજબૂતીથી લડી શકું?' એની સાથે બીજો પ્રશ્ન પણ જરૂરી છે- 'હું ક્યારે સમજદારીથી આ લડાઈ છોડીને આગળ વધી શકું?'

જીવનની લડાઈઓ ઉંમર પૂછતી નથી હોતી. સંઘર્ષ માટેની કોઈ ચોક્કસ ઉંમર નથી. ૧૬ વર્ષની ઉંમરે નિષ્ફળતા દુનિયાનો અંત લાગતી હોય શકે. ૨૫ વર્ષની ઉંમરે પ્રેમભંગ. ૩૫માં કારકિર્દીની અનિશ્ચિતતા. ૪૫માં સંબંધો અને જવાબદારીઓનો ભાર. ૫૫માં જીવનમાં પાછળ રહી ગયાનો અફસોસ. ૬૫માં નિવૃત્તિ પછી ઓળખનો પ્રશ્ન. ૭૫માં શરીરની મર્યાદા અને એકલતા.

પરંતુ દરેક ઉંમરે માણસ ફરી શરૂઆત કરી શકે છે. જીતનું સ્વરૂપ માત્ર બદલાય છે. યુવાનીમાં જીત કદાચ દુનિયાને કંઈક સાબિત કરવાની હોય છે. ઉંમર વધે ત્યારે જીત કદાચ પોતાની જાતને સ્વીકારવાની હોય છે. ક્યારેક જીત મેળવવામાં છે. ક્યારેક છોડવામાં છે. ક્યારેક બોલવામાં છે. ક્યારેક મૌનમાં છે. ક્યારેક દોડવામાં છે. અને ક્યારેક શાંતિથી ઊભા રહીને તોફાન પસાર થવાની રાહ જોવામાં છે.

કપરા સંજોગોમાં આપણે ઘણી વાર પૂછીએ છીએ, 'મારી સાથે જ આવું કેમ?' આ પ્રશ્ન માનવીય છે. પરંતુ એક બીજો પ્રશ્ન જીવનને નવી દિશા આપી શકે છે- 'આ પરિસ્થિતિમાંથી પસાર થયા પછી હું કેવો માણસ બનીને બહાર આવવા માગું છું?' કડવો? ડરેલો? બધા પ્રત્યે શંકાશીલ? કે પહેલાં કરતાં વધુ સમજદાર, મજબૂત અને સંવેદનશીલ? દરેક મુશ્કેલી આપણને મજબૂત બનાવે જ એવું નથી. કેટલીક મુશ્કેલી માણસને તોડી પણ શકે છે. તેથી સહાય લેવી, હાથ પકડવો અને જરૂર પડે ત્યારે નિષ્ણાત સુધી પહોંચવું પણ સંઘર્ષનો જ ભાગ છે. સાચી મક્કમતા એટલે 'હું બધું એકલો જ કરીશ' નહીં. સાચી મક્કમતા એટલે, 'જે મદદ જરૂરી હશે એ લઈશ, પરંતુ મારી જાતને છોડી નહીં દઉં.'

ઉંમર વધતાં કદાચ એક વાત વધારે સ્પષ્ટ થતી જાય છે. આપણી સૌથી મોટી લડાઈ હંમેશાં દુનિયા સામે નહોતી. ક્યારેક એ પોતાના ડર સામે હતી. ક્યારેક અહંકાર સામે. ક્યારેક નિરાશા સામે. ક્યારેક ભૂતકાળ સામે. ક્યારેક બીજાની મંજૂરી મેળવવાની આપણી જરૂરિયાત સામે. અને ક્યારેક પોતાની જાત વિશે ઊભી કરેલી મર્યાદાઓ સામે. એટલે જીવનમાં લડાઈઓ ઓછી પસંદ કરો-પણ સાચી પસંદ કરો. જે વાત જતી કરી શકાય એને જતી કરો. જેને માફ કરી શકાય એને માફ કરો. જ્યાં તમારી ભૂલ હોય ત્યાં સ્વીકારી લો. જ્યાં સમયની જરૂર હોય ત્યાં ધીરજ રાખો. જ્યાં મદદની જરૂર હોય ત્યાં હાથ લંબાવો.

પરંતુ જ્યાં પ્રશ્ન સત્યનો હોય, સ્વમાનનો હોય, તમારા મૂળ મૂલ્યોનો હોય અથવા ફરીથી જીવન તરફ પાછા ફરવાનો હોય, ત્યાં માત્ર થાક, ડર કે થોડા ઘાને કારણે પોતાની જાતને અધવચ્ચે છોડી ન દો.

કોઈ તમને ખૂબ ચાહે ત્યારે એ પ્રેમ તમને શક્તિ આપે છે. તમે કોઈને ખૂબ ચાહો ત્યારે એ પ્રેમ તમને હિંમત આપે છે. અને જ્યારે તમે જીવનને ચાહતા શીખો છો ત્યારે એક ત્રીજી સમજ જન્મે છે, કઈ લડાઈ લડવી, કઈ છોડી દેવી અને કઈ લડાઈમાં છેલ્લી ક્ષણ સુધી પોતાની જાતનો હાથ પકડી રાખવો.

### ન્યુરોગ્રાફ

**જીવનમાં દરેક લડાઈ જીતવી શક્ય નથી. પરંતુ અંતે એટલું તો કહી શકાય કે જ્યાં ઝૂકવું જરૂરી હતું ત્યાં હું નમ્યો, જ્યાં છોડવું જરૂરી હતું ત્યાં મેં છોડ્યું, અને જ્યાં ઊભા રહેવું જરૂરી હતું ત્યાં હું મારી જાતને છોડીને ભાગ્યો નહીં.**

## ટોપ્સીટર્વી

**અનુસંધાન**

ગ્રેગરીની સંસ્થા સાથે કોન્ટ્રેક્ટ કર્યો છે. મોજશોખમાં એ કોન્ટ્રેક્ટ પૂરો થવા આવેલો. એક દિવસ સવારે એણે ગ્રેગરીને ફોન કર્યો. મોબાઈલ ફોનમાં એવો સંદેશો આવ્યો કે આ નંબર હવે મોજુદ નથી. મેરી ડઘાઈ ગઈ. એણે મોબાઈલ ફોન કંપનીમાં ફોન કર્યો. કંપનીએ પણ એવો જવાબ આપ્યો કે હવે આ નંબર ગ્રેગરીનો નથી.

મેરીએ કાઉબૉય ફોર એન્જલ્સમાં ફોન કર્યો. ત્યાંથી એવી માહિતી મળી કે ગ્રેગરી અમેરિકા છોડી ગયો છે. એ દૂબઇમાં સ્થાયી થયો છે. ત્યાં એણે એક કુશાંદે ફ્લેટ લીધો છે અને હવે ત્યાં જ રહેવાનો છે. મેરી ઉશ્કેરાઇને ચીસો પાડવા લાગી. નોકરો ચોંક્યા. તેમણે મેરીના વકીલને ફોન કર્યો. વકીલ તરત દોડી આવ્યો. એણે મેરીને શાંત પાડી અને હાલહવાલ પૂછ્યા. મેરી હવે ભાનમાં આવી. એણે પોતાની બેંકને પૂછ્યું કે મારા ખાતાંમાં કેટલા પૈસા છે એની માહિતી તત્કાળ આપો. બેંકે આપેલી માહિતી મુજબ ગ્રેગરી પોતાના બે વર્ષના મહેનતાણા પેટે ૬૦ લાખ ડૉલર્સ લઇ ગયો હતો. મેરીએ તરત પોલીસને ફોન કર્યો. પોતાના વકીલને આદેશ આપ્યો કે કોર્ટમાં કેસ કરો કે આ માણસ મને છેતરીને માતબર રકમ લઈને નાસી ગયો છે. નીચલી કોર્ટથી શરૂ કરીને છેક મેનહટ્ટન સુપ્રીમ કોર્ટ સુધી કેસ ચાલ્યો. સુપ્રીમ કોર્ટ કાઉબૉય ફોર એન્જલ્સ સંસ્થાને નોટિસ મોકલીને ગ્રેગરીનું દૂબઇનું એડ્રેસ મેળવ્યું. ગ્રેગરીને નોટિસ મોકલી. ગ્રેગરીના વકીલોએ ગ્રેગરી વતી સુપ્રીમ કોર્ટમાં પુરવાર કરી આપ્યું કે ગ્રેગરી સાથે મેરીએ કરેલા બે વર્ષના કોન્ટ્રેક્ટની મુદત પૂરી થઇ હતી અને બંને વચ્ચે થયેલા કરાર મુજબ અમારા અસીલે પોતાનું મહેનતાણું વસૂલ કર્યું છે. આમાં છેતરપીંડી કે લૂંટફાટનો સવાલ નથી.

સુપ્રીમ કોર્ટે મેરીને કહ્યું કે તમારી સાથે છેતરપીંડી થઇ હોવાના પુરાવા રજૂ કરો. મેરી પાસે એવા કોઇ પુરાવા તો હતા નહીં. એ પેલા કસરતબાજ યુવાન પાછળ ગાંડી થઇ હતી. એણે બહુ ધમપછાડા કર્યા પરંતુ કોર્ટ તો પુરાવા વિના કશું ચલાવી લે નહીં. સુપ્રીમ કોર્ટે મેરીનો કેસ કાઢી નાખ્યો. શરીરસુખની ભૂખ મેરીને બહુ મોંઘી પડી ગઈ.

## ફૂડ પોઈઝનીંગ

**અનુસંધાન**

- વાસી ખોરાક ન ખાવો.
- ક્યારેય પણ ખોરાકના સ્વાદ, સુગંધ કે રંગમાં સામાન્ય કરતાં કોઈપણ ફેરફાર જણાય તો તરત એવો ખોરાક ત્યાગવો.
- શાક-ભાજી, ફળ-ફળાદિ ઉપયોગમાં લેતાં પૂર્વે સારી રીતે ધોવા.
- તૈયાર મળતાં ખાદ્ય-પદાર્થની એક્સપાયરી ડેટ (એટલે પ્રોડક્ટની ખાદ્યક્ષમતા સમાપ્ત થવાની તારીખ ચકાસીને જ ખરીદવા)
- વિશેષ કરીને
- સમૂહ ભોજન જેમાં મોટી સંખ્યામાં ખોરાક બનતો હોય ત્યાં સ્વચ્છતા માટે કાળજી લેવી.

W.H.O. (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) ના તારણ અનુસાર વિશ્વભરમાં અસુરક્ષિત ખોરાકને કારણે દર વર્ષે આશરે ૧૩ થી ૧૫ લાખ લોકોના મૃત્યુ થાય છે. તો, વાચકમિત્રો, જો આપણે રોજીંદા ક્રમમાં પ્રાથમિક સ્વચ્છતાને પ્રાધાન્ય આપી, શુદ્ધ તથા તાજો ખોરાક ખાવાની સભાનતા કેળવીએ તો કંઈક કેટલાય ફૂડ-પોઈઝનીંગના કિસ્સા ટાળી શકાય.

## આરોગ્ય સંપદા

**અનુસંધાન**

આવી સમસ્યાઓ જણાતા નીચે જણાવેલા તમામ કફવર્ધક પદાર્થો ત્યાગવા.

ખાંડ, ગોળ, મીઠાઈ, આઈસક્રીમ, કેક, પેસ્ટ્રી, ઠંડા પીણા જેવાં ગળ્યા પદાર્થો અને તેલ, ઘી, માખણ, મલાઇ જેવાં તમામ ચીકણા પદાર્થો કફ વધારનાર છે. ઘઉં, મકાઈ, અડદ અને ચોળાથી પણ કફ પ્રકોપ પામે છે. શાકભાજીમાં પાકી કાકડી, ગુવાર, ડુંગળી, તુરિયા, બટાકા, ભીંડા, કોળુ, રતાળુ અને દૂધી કફ વધારવામાં અગ્રેસર છે. કેળા, જમરૂખ, રાયણ, નાળિયેર (કોપરુ અને એનું તેલ), મોસંબી, સીતાફળ, બોર, શીંગોડા અને શેરડીથી કફ વધે છે. દૂધ (વિશેષ કરીને ભેંસનું દૂધ), દહીં અને દહીંની બનાવટો કફ વધારે છે. ઉપરાંત ખસ-ખસ, તલ, અંજીર, ચારોળી અને પિસ્તા જેવો સૂકો મેવો પણ કફવર્ધક હોઇ કફજન્ય સમસ્યામાં ત્યાગવા લાયક છે.

વાચક મિત્રો, ઉપર જણાવેલી સૂચિમાંથી જે આહાર પ્રતિકૂળ જણાય તે ત્યાગવાથી દોષજન્ય રોગાવસ્થામાં રાહત મળશે.

## અનાવૃત

**અનુસંધાન**

એવું ના થાય. હું મારી રીતે જે મનમાં આવે એ બોલું છું ને સિંગલ ટેકમાં સન્નાટો છવાઈ જાય એમ એ સીન પૂરો કરેલો!

એ ક્રાંતિવીર જોઈ દિલીપકુમારે કહેલું કે 'આ માણસ જીવશે ત્યાં સુધી આ રોલ માટે એને લોકો યાદ કરશે. આ ના હોય તો આ ફિલ્મ આવી રહે જ નહિ. એક એકટર વિના એક ફિલ્મની કલ્પના પણ ના કરી શકો એ સ્ટાર કહેવાય'. દિલીપકુમારના હાથે જ નાનાને ફિલ્મફેર મળ્યો. પછી દિલીપકુમારના પાળી હિલ ખાતેના બંગલે નાનાને જમવાનું આમંત્રણ મળ્યું. એ દિવસે ભારે વરસાદ. ભીંજાયેલા નાના પાટેકરને જોઈ દિલીપકુમાર પોતાનો ટુવાલ લઇ આવ્યા ને પોતાનો એક કોરો શર્ટ. અને ત્યારે સાયરા બાનુને નાનાએ કહ્યું 'હવે જીવનમાં બીજો કયો એવોર્ડ જોઈએ!'

તીખો હતો, પણ કટ્ટર નહિ. ક્રોધી હતો, પણ પાગલ નહિ એવો આ મસ્તમૌલા માણસ ૭૫ પછી પણ હજુ વધુ હોત તો દેશને જ ફાયદો હતો. પણ એક ભોળા માણસનો રોલ લાજવાબ ભજવેલો એવી ફિલ્મ 'યુગપુરુષ'માં નાના કહે છે એમ 'થાકેલો સુરજ અસ્ત નથી થતો, માની ગોદમાં જઈને આરામ કરે છે!' (વધુ આવતા અનાવૃતમાં)

### ઝિંગ થિંગ

**'સુખી થવું હોય તો ભૂતકાળની ઉપલબ્ધિઓ ભૂલતા શીખો. અરીસા સામે ઉભા રહો ને ખુદની આંખમાં આંખ મિલાવી શકો એવા સત્કર્મો કર્યા હોય એવું લાગે તો તમે સુખી!'**

(નાના પાટેકર)

# તાંત્રિક પરંપરાઓમાં સ્મશાનને શક્તિશાળી કેમ માનવામાં આવે છે?



મોટાભાગના લોકો માટે સ્મશાન એટલે દુઃખ, ભય અને વિદાયનું સ્થળ. પરંતુ હિન્દુ ધર્મની કેટલીક તાંત્રિક પરંપરાઓમાં સ્મશાનનું વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ છે. સામાન્ય માન્યતા મુજબ સ્મશાન માત્ર રહસ્યમય વિધિઓ કે તાંત્રિક ક્રિયાઓનું સ્થળ નથી. તે જીવનનાં કેટલાંક મૂળભૂત સત્યોનો અહેસાસ કરાવતું સ્થાન છે. અહીં માણસને સમજાય છે કે મૃત્યુ અનિવાર્ય છે, શરીર નાશવંત છે અને દુનિયામાં આપણે જે ઓળખ, પ્રતિષ્ઠા કે સંપત્તિ મેળવીએ છીએ, તે બધું એક દિવસ પાછળ રહી જવાનું છે.

## મૃત્યુના ભયનો સામનો

સ્મશાનમાં કરવામાં આવતી કેટલીક સાધનાઓનો મુખ્ય હેતુ મૃત્યુના ભયનો સામનો કરવાનો છે. માણસ આખી જિંદગી મૃત્યુ વિશે વિચારવાનું ટાળે છે. તે સંપત્તિ, પ્રતિષ્ઠા, સંબંધો અને પોતાના દેખાવ સાથે જોડાયેલો રહે છે. પરંતુ સ્મશાનમાં શરીરને અગ્નિમાં વિલીન થતું જોઈને તેને જીવનની ક્ષણભંગુરતાનો અહેસાસ થાય છે.

કેટલાક તાંત્રિક સાધકો માટે સ્મશાનમાં ધ્યાન ધરવું એ ભયથી ભાગવાને બદલે તેનો સામનો કરવાનો માર્ગ છે. આવી સાધનાનો હેતુ ભયજનક પરિસ્થિતિમાં પણ મનને સ્થિર રાખવાનો છે. મૃત્યુનું ચિંતન કરીને સાધક દુનિયાની વસ્તુઓ પ્રત્યેનો મોહ ઘટાડવાનો અને પોતાના અહંકાર પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરે છે.

**સ્મશાન માત્ર કોઈ ભૌતિક સ્થાન નથી. સ્મશાનને અહંકાર, અભિમાન, ભય અને મોહના અંતના પ્રતીક તરીકે પણ જોઈ શકાય છે. જેમ ચિતા શરીરને ભસ્મ કરી નાખે છે, તેમ આધ્યાત્મિક સાધનાનો હેતુ માણસને સત્ય સમજવામાં અવરોધરૂપ બનતા ભ્રમોને દૂર કરવાનો છે**

હિન્દુ સમાજમાં પરંપરાગત રીતે સ્મશાનને ધાર્મિક દૃષ્ટિએ અપવિત્ર માનવામાં આવ્યું છે અને તેને રોજિંદા જીવન તથા પૂજાનાં સ્થળોથી અલગ રાખવામાં આવ્યું છે. પરંતુ કેટલીક તાંત્રિક પરંપરાઓ આ માન્યતાને પડકારે છે.

તાંત્રિક માર્ગો અનેક પ્રકારના છે. તેમાંની કેટલીક પરંપરાઓ એવી માન્યતા ધરાવે છે કે ઈશ્વરીય તત્ત્વનો અનુભવ માત્ર મંદિરો કે પવિત્ર ગણાતાં સ્થળોએ જ નહીં, પરંતુ સમાજ જે સ્થળો કે અનુભવોને અશુભ માને છે ત્યાં પણ થઈ શકે છે. આ દૃષ્ટિએ મૃત્યુ, શરીરનો નાશ અને ભયજનક દૃશ્યો પણ આધ્યાત્મિક સમજ મેળવવાનું માધ્યમ બની શકે છે.

જોકે, દરેક તાંત્રિક સાધક સ્મશાનમાં સાધના કરતો નથી. આવી સાધનાઓ કેટલીક વિશિષ્ટ પરંપરાઓ અને ગુરુ-શિષ્ય પરંપરાઓ સુધી મર્યાદિત છે.

## શિવ, કાલી અને મૃત્યુનું પ્રતીકાત્મક મહત્ત્વ

સ્મશાનનું પ્રતીકાત્મક મહત્ત્વ ભગવાન શિવ અને દેવી કાલીનાં સ્વરૂપો સાથે ગાઢ રીતે જોડાયેલું છે. શિવને ઘણી વાર શરીર પર ભસ્મ લગાવેલા, સ્મશાનમાં નિવાસ કરતા અને મૃત્યુ સાથે સંકળાયેલા ગણો વચ્ચે બેઠેલા દર્શાવવામાં આવે છે. આ સ્વરૂપો દુનિયાની સામાન્ય માન્યતાઓથી પર જવાની અને વિનાશ તથા મોક્ષ સાથેના તેમના સંબંધની યાદ અપાવે છે.

દેવી કાલીને પણ ઘણી વાર સ્મશાનમાં નૃત્ય કરતાં, ગળામાં મુંડમાળા ધારણ કરેલાં અને શિવ પર ઊભેલાં દર્શાવવામાં આવે છે. તેમનું ભયાનક દેખાતું સ્વરૂપ માત્ર ડરાવવા માટે નથી. શક્ત પરંપરાની કેટલીક તાંત્રિક માન્યતાઓમાં કાલી સમયની પ્રચંડ શક્તિ, અજ્ઞાનના વિનાશ અને મર્યાદિત ઓળખના અંતનું પ્રતીક છે. મુંડમાળા મૃત્યુની યાદ અપાવે છે, જ્યારે તેમનું ઉગ્ર સ્વરૂપ માનવીની સામાન્ય સમજથી પર એવી શક્તિનું પ્રતીક છે. શિવનું ઉગ્ર સ્વરૂપ ભૈરવ પણ કેટલીક શૈવ તાંત્રિક પરંપરાઓમાં સ્મશાન સાથે જોડાયેલું છે.

શિવ સાથે જોડાયેલી અઘોરી સાધુપરંપરા મૃત્યુ અને સમાજ જેને અપવિત્ર માને છે તેવી બાબતો પ્રત્યેના તેના અસામાન્ય અભિગમ માટે જાણીતી છે. કેટલાક અઘોરી સાધકો સ્મશાનમાં સાધના કરે છે અને ભસ્મ તથા માનવ અવશેષો સાથે સંકળાયેલી વસ્તુઓનો ઉપયોગ પણ કરે છે. આવી પ્રથાઓને ઘણી વાર કાળા જાદુ સાથે જોડીને રજૂ કરવામાં આવે છે, પરંતુ તેમની પાછળની ધાર્મિક માન્યતાઓ વધુ જટિલ છે.

આ માર્ગના કેટલાક સાધકો માટે સમાજ જેનાથી ડરે છે અથવા જેને ધિક્કારે છે તેનો સામનો કરવો એ મોહ, અણગમો અને પોતાને અન્ય લોકોથી અલગ માનવાની વૃત્તિથી મુક્ત થવાનો માર્ગ છે. જોકે, અઘોરી પરંપરાઓમાં પણ વિવિધતા છે અને તેમની તમામ પ્રથાઓને સમગ્ર તંત્રવિદ્યાનું પ્રતિનિધિત્વ માનવું યોગ્ય નથી.

## આપણી ભીતરનું સ્મશાન

અંતે, સ્મશાનનું મહત્ત્વ તેના ભૌતિક સ્થાનથી આગળ વધે છે. તેને અહંકાર, અભિમાન, ભય અને મોહના અંતના પ્રતીક તરીકે પણ સમજી શકાય છે. જેમ ચિતા શરીરને ભસ્મ કરી નાખે છે, તેમ આધ્યાત્મિક સાધનાનો હેતુ માણસને સત્ય સમજવામાં અવરોધરૂપ બનતા ભ્રમોને દૂર કરવાનો છે. આમ, કેટલીક તાંત્રિક પરંપરાઓમાં સ્મશાનને શક્તિશાળી માનવાનું કારણ માત્ર તેનું રહસ્યમય કે ભયજનક વાતાવરણ નથી. તે માણસને જીવનનાં એવાં સત્યોની સામે ઊભો રાખે છે, જેને તે રોજિંદા જીવનમાં ઘણી વાર નજરઅંદાજ કરે છે. તેનો સૌથી મહત્ત્વનો સંદેશ સાદો છતાં ગહન છે - જેનો જન્મ થયો છે અને જેનું કોઈ સ્વરૂપ છે, તેમાં એક દિવસ પરિવર્તન આવશે અથવા તેનો અંત થશે. આ સત્યનો ભય વિના સ્વીકાર કરવો અને આપણે જે ઓળખ સાથે બંધાયેલા છીએ તેનાથી આગળ શું છે તેનો વિચાર કરવો, એ જ આ સાધનાનો આધ્યાત્મિક પડકાર છે.

# ભાગવું છે, પણ પગ જમીન પરથી ઊંચકી શકાતો નથી...

કલ્પના કરો કે કોઈ તમારી પાછળ પડ્યું છે. તમને ખબર છે કે તમારે બચવું જ પડશે અને તમે જીવ બચાવીને ભાગવાનો પૂરો પ્રયાસ કરો છો. પણ તમારા પગ અસહ્ય ભારે થઈ ગયા છે. પગ જમીન પરથી માંડ ઊંચકાઈ રહ્યા છે. તમે જાણે કાદવમાંથી દોડી રહ્યા હો અથવા તમારું શરીર એકદમ 'સ્લો મોશન'માં ફસાઈ ગયું હોય તેમ ચાલે છે. પીછો કરનાર વ્યક્તિ વધુ ને વધુ નજીક આવતી જાય છે,

**સ્વપ્નલોક**

છતાં તમે ઝડપથી દોડી શકતા નથી. આ સપનું ડરાવી મૂકે તેવું હોય છે, કારણ કે તમારું મન જાણે છે કે તમારે શું કરવું છે, પણ તમારું શરીર સાથ આપવાની ના પાડી દે છે.

## આનો અર્થ શું થાય?

એક સંભવિત મનોવૈજ્ઞાનિક અર્થઘટન એ છે કે આ સપનું વાસ્તવિક જીવનમાં અનુભવાતી લાચારી, હતાશા કે કોઈ બાબતમાં અટવાઈ જવાના ભાવને દર્શાવે છે. બની શકે કે તમે કંઈક સિદ્ધ કરવા માંગતા હો પણ સતત અવરોધોનો સામનો કરવો પડતો હોય. કદાચ તમે અપેક્ષિત પરિણામો મેળવ્યા વગર સખત મહેનત કરી રહ્યા હો. તમે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા, કોઈ મહત્વનો નિર્ણય લેવા કે તમારું જીવન બદલવા માંગતા હો, પણ કંઈક એવું છે જે તમને આગળ વધતા અટકાવી રહ્યું છે.

તમારો પીછો કરી રહેલી વ્યક્તિ કે જોખમ એ કદાચ એવી સમસ્યાનું પ્રતીક હોઈ શકે જેને તમે ટાળી રહ્યા છો - જેમ કે નજીક આવી રહેલી કોઈ ડેડલાઈન, કોઈ મોટી જવાબદારી અથવા કોઈ એવો ડર જેનો તમે હજી સુધી સામનો નથી કર્યો. જોકે, તેનો આવો કોઈ ચોક્કસ અર્થ જ હોવો જરૂરી નથી. આ સપનું મહત્વાકાંક્ષા અને થાક વચ્ચેના સંઘર્ષને પણ પ્રતિબિંબિત કરી શકે છે. તમે આગળ ધપવા માંગો છો, પણ તમને લાગે છે કે તમારી અંદરની ઉર્જા હવે સાવ ખૂટી ગઈ છે.

જોકે, અહીં એક મહત્વનો તફાવત સમજવો જરૂરી છે - સપનામાં હલનચલન ન કરી શકવું અને 'સ્લીપ પેરાલિસિસ' બંને એક સરખા નથી. સ્લીપ પેરાલિસિસમાં વ્યક્તિ જાગૃત અવસ્થામાં આવી જાય છે પરંતુ કામચલાઉ રીતે હલનચલન કરી શકતી નથી, જ્યારે ધીમી ગતિએ દોડવાનું સપનું એક સાવ અલગ અનુભવ છે, ભલે ક્યારેક આ બંને વચ્ચે ગૂંચવણ થઈ જતી હોય.



**આ સપનું આવે એટલે જાતને પૂછોઃ મને કઈ બાબત અટકાવી રહી છે? શું હું ખરેખર આગળ વધવામાં અસમર્થ છું, કે પછી આગળનું પગલું ભરતા મને ડર લાગે છે? શું મારે વધુ દ્રઢ નિશ્ચયની જરૂર છે, કે પછી મારે આરામ, મદદ અથવા એક નવા અભિગમની જરૂર છે?**

ઘણીવાર આ સપનું ત્યારે પૂરું થાય છે જ્યારે તમે આખરે બચી નીકળો છો, તો કેટલીકવાર જોખમ તમને પકડી જ લેવાનું હોય બરાબર એ જ ક્ષણે તમારી આંખ ખૂલી જાય છે.

## આપણે આમાંથી શું શીખી શકીએ?

કદાચ આમાંથી મળતો સૌથી ઉપયોગી સંદેશ આ છેઃ વધુ જોર લગાવવું અને આગળ વધવું - એ બંને હંમેશા એક જ વાત નથી હોતી.

જ્યારે આપણે જીવનમાં ક્યાંક અટવાયેલા અનુભવીએ છીએ, ત્યારે આપણો સહજ સ્વભાવ વધુ પડતું જોર લગાવવાનો હોય છે. આપણે વધુ કલાકો કામ કરીએ છીએ, વધુ ચિંતા કરીએ છીએ અને વધુ અધીરા બની જઈએ છીએ. છતાં, સમસ્યા કદાચ પ્રયત્નોના અભાવની ન પણ હોય. એ થાક, ડર, અવાસ્તવિક અપેક્ષાઓ અથવા એવી કોઈ દિશા હોઈ શકે જેના પર પુનર્વિચાર કરવાની જરૂર છે.

આ સપનું આપણને પોતાની જાતને પૂછવા પ્રેરિત કરી શકે છે- મને કઈ બાબત અટકાવી રહી છે? શું હું ખરેખર આગળ વધવામાં અસમર્થ છું, કે પછી આગળનું પગલું ભરતા મને ડર લાગે છે? શું મારે વધુ દ્રઢ નિશ્ચયની જરૂર છે, કે પછી મારે આરામ, મદદ અથવા એક નવા અભિગમની જરૂર છે?

આ સપનું આપણને એ પણ યાદ અપાવી શકે છે કે સમસ્યાથી મોં ફેરવી લેવાથી સમસ્યા ગાયબ થઈ જતી નથી. ક્યારેક સતત ભાગતા રહેવાને બદલે પાછળ વળીને જે બાબતનો ડર છે તેનો સામનો કરવાની જરૂર હોય છે.

આ સપનાને નિષ્ફળતાની ચેતવણી તરીકે જોવાની જરૂર નથી. તે આપણા પોતાના આંતરિક અવરોધો અને મર્યાદાઓને સમજવાનું એક નિમંત્રણ બની શકે છે.

કદાચ સાચો પાઠ એ નથી કે તમારે વધુ ઝડપથી દોડવું પડશે, પણ એ છે કે તમને આગળ વધતા કઈ બાબત રોકી રહી છે તે તમારે સમજવું પડશે.

**Health is Wealth**

# ફૂડ પોઈઝનીંગથી સાવધાન

સારા સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક ખોરાકનું ખૂબ મહત્વ છે. ખોરાક આપણને સ્વાદ, તૃપ્તિ, ઉર્જા, પોષકતત્વો અને રોગો સામે લડવાની શક્તિ આપે છે. રંગરૂપે સારો દેખાતો ખોરાક હંમેશા સ્વાસ્થ્યપ્રદ હોય એવું જરૂરી નથી. આવો ખોરાક પણ દૂષિત અને ચેપગ્રસ્ત હોઈ શકે. જો ખોરાક અસ્વચ્છ અને અયોગ્ય રીતે તૈયાર કે સંગ્રહિત કરવામાં આવે તો ફૂડ-

**માર્ગી**

પોઈઝનીંગનું કારણ બની શકે છે. આવા ખોરાકમાં નરી આંખે જોઈ ના શકાય એવા અત્યંત સૂક્ષ્મ જીવાણું-વિષાણું રહેલાં હોય છે જે ક્યારેક પોતે જ બિમારી પેદા કરે છે, તો ક્યારેક ખોરાકમાં ટૉક્સિન (ઝેરી પદાર્થો) ઉત્પન્ન કરી ફૂડ-પોઈઝનીંગ સ્થિતી સર્જે છે. આવા માઈક્રો ઓર્ગેનીઝમ ખોરાકમાં કુદરતી રીતે હાજર હોય એવું જરૂર નથી. કેટલાંક પર્યાવરણમાંથી ખોરાકમાં આવે છે, જ્યારે બેદરકારીને કારણે ખોરાકમાં ભળે છે.

ફૂડ પોઈઝનીંગ કરી શકે એવા ઈન્ફેક્ટેડ ખોરાકમાં કેવાં-કેવાં જીવાણું હોઈ શકે એની સૂચિ પર નજર નાખીએ. બેક્ટેરિઆ, વાયરસ, ફૂગ (ફંગસ), પરજીવી જેવાં કે સાલ્મોનેલા, ઈ.કોલાઈ, સ્ટેફીલોકોક્સ ઓરિઅસ, ક્લોસ્ટ્રીડીઅમ બોટુલીનમ, ક્લોસ્ટ્રીડીઅમ પરફ્રીજીન્સ, કેમ્પાઈલોબેક્ટર, બેસીલસ સીરીઅસ, નોટોવાયરસ, ફૂડ-પોઈઝનીંગ કરવા સક્ષમ હોય છે.

ફૂડ પોઈઝનીંગ થવા પાછળ માત્ર દૂષિત ખોરાક જ જવાબદાર છે એવું નથી. દૂષિત પાણી અને અન્ય પીણાં, યોગ્ય રીતે ન ધોવાયેલા ફળ-ફળાદિ, શાકભાજી, કેટલીક ઝેરી મશરૂમ, રાંધવામાં, સંગ્રહ કરવામાં અને પીરસવામાં આવતાં પાત્રોની અસ્વચ્છતા, અસ્વચ્છ હાથ, ને કારણે આવા વિષાણુઓ સરળતાથી ખોરાકમાં ભળે છે અને ફૂડ-પોઈઝનીંગ કરી શકે છે. આ ઉપરાંત અધકચરો રાંધેલો ખોરાક, લાંબા સમય સુધી ગરમ તાપમાનમાં મૂકી રખાયેલો ખોરાક જેવાં અનેક કારણો ખોરાકમાં જીવાણુઓના વિકાસ માટે જવાબદાર બને છે. માંસાહાર કરનાર વ્યક્તિઓએ વિશેષ કરીને સાવધ એટલા માટે રહેવું જોઈએ કે આ પ્રકારના ખોરાકમાં રોગગ્રસ્ત થવાની સંભાવના સવિશેષ રહેલી છે. કૃત્રિમ રંગ રસાયણ તથા જંતુનાશક દવાઓ પણ રોગગ્રસ્ત કરી શકે છે.

હવે એ જોઈએ કે સામાન્ય થી લઈ ઉગ્ર ફૂડ પોઈઝનીંગમાં કેવાં લક્ષણો જોવા મળે છે?

સામાન્ય ફૂડ-પોઈઝનીંગમાં ઝાડા, ઊલટી અને તાવ જોવા મળે છે પણ ઉગ્ર ફૂડ-પોઈઝનીંગમાં પેટમાં ચૂંક, ચીકણાં કાળાશ પડતાં, દુર્ગંધયુક્ત ઝાડા, ઝાડામાં લોહી કે પરૂ પડવું, દિવસમાં ૭ થી ૮ વખત પાણી જેવાં ઝાડા થવા, ગુદામાર્ગમાં દુઃખાવો, ઊલટી, માથાનો દુઃખાવો, તાવ જેવાં લક્ષણો જોવા મળે છે.

જો બોટુલીનમ જેવાં જીવાણુંથી ફૂડ-પોઈઝનીંગ થયું હોય તો ચેતાતંત્ર (નવર્સ સિસ્ટમ) પર પણ આડ અસર જોવા મળે છે. જેમાં જોવામાં ઝાંખપ, માથાનો અસહ્ય દુઃખાવો, નબળાઈ, ત્વચાનું સંવેદન ઓછું થવું, ચીડિયાપણું, કન્ફ્યુઝન અને પેરાલીસીસ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

**કેટલાંક કિસ્સાઓમાં ફૂડ-પોઈઝનીંગ મૃત્યુનું પણ કારણ બને છે. દૂષિત ખોરાક કે પીણાં લીધાના થોડા કલાકોથી લઈ થોડા દિવસ પછી પણ આ પ્રકારના લક્ષણો દેખાઈ શકે છે**



સૌથી વધારે મુશ્કેલી તો વધુ પડતાં ઝાડા-ઊલટીને કારણે થતા ડિહાઈડ્રેશનની થાય છે. જેમાં શરીરમાંથી પાણીનો જથ્થો ઘટી જવાને કારણે મોં સુકાવું, ચક્કર પેશાબ ઓછો થવો, પેશાબ ખૂબ ઘાટા રંગનો થવો, અશક્તિ, નબળાઈ જેવાં લક્ષણો દેખાય, ત્યારે ત્વરિત ડૉક્ટરની સલાહ લેવી આવશ્યક છે. કેટલાંક કિસ્સાઓમાં ફૂડ-પોઈઝનીંગ મૃત્યુનું પણ કારણ બને છે. દૂષિત ખોરાક કે પીણાં લીધાના થોડા કલાકોથી લઈ થોડા દિવસ પછી પણ આ પ્રકારના લક્ષણો દેખાઈ શકે છે.

**ફૂડ-પોઈઝનીંગથી બચવા સરળ નિયમો હંમેશા યાદ રાખવા.**

- ખોરાક રાંધતા પૂર્વે હાથ સારી રીતે ધોવા
- રસોડાની સ્વચ્છતા સાથે સાધનો અને પાત્રો સારી રીતે સાફ કરેલા જ ઉપયોગમાં લેવાનો આગ્રહ.
- કાચો તથા રાંધેલો ખોરાક જૂદો રાખવો
- રાંધવાની યોગ્ય પધ્ધતિ અપનાવી, ખોરાક કાચો ન રહે તેનું ધ્યાન રાખવું.
- બગડી શકે તેવા ખોરાકને સમયસર રેફ્રિજરેટરમાં રાખવો.

|| અનુસંધાન પાના નં.૦૮ પર

# પ્રકૃતિ અનુસાર ભોજન અને રોગમુક્તિ

આપણે જે ખોરાક ખાઈએ છીએ, તે તમામને પોતાના ગુણ અને દોષ હોય છે. જેથી કરીને આહાર લીધા પછી તેની સારી કે ખરાબ અસર શરીર પર વર્તાતી હોય છે. અન્નમાં રહેલા ભૌતિક ગુણ અને ઔષધીય કર્મના પ્રભાવથી જ સારા થતા હોય છે. તો ક્યારેક અયોગ્ય આહાર- (દેશ કાળ અને પ્રકૃતિ સમજ વગર લેવાયેલો આહાર) મોટાભાગના રોગોનું કારણ બને છે. કઈ પ્રકૃતિ અનુસાર શું ખાવું ?, કેટલું ખાવું ? અને ક્યારે ખાવું ?

**આરોગ્ય સંપદા**
**વિસ્મય ઠાકર**

એમ પસંદગીપૂર્વક કરેલા આહારથી સ્વાસ્થ્યનું શ્રેય રહેલું છે.

ખોરાકની પસંદગી કરવાની બાબતમાં વ્યકિતના શરીરની પ્રકૃતિ એને થતાં રોગો અનુસાર નીચે કેટલાક લક્ષણોની સૂચિ જણાવું છું તે અનુસાર ખોરાક ત્યાગવો. તેમ કરવાથી મહદઅંશે રોગો થવાની સંભાવના ઘટી જશે.

સૌ પ્રથમ, વાયુના વધવાથી થતી સમસ્યાઓ પર નજર નાખીએ. વાયુ પ્રકોપ પામે ત્યારે અપચો, પેટ ફૂલી જવું, પેટમાં ચૂંક, મૂંઝારો, ગભરામણ, હેડકી, છીંકો, ધ્રુજારી, શરીરના વિવિધ ભાગોનો દુઃખાવો, અંગ જકડાઈ જવું, બહેરાપણું હાથે-પગે ખાલી ચઢવી, અનિંદ્રા, શરીરનું દુબળાપણું, હાથે-પગે વાઢિયા, ચામડી ફાટવી, નાડીના ધબકારાની વધ-ઘટ, હિસ્ટીરીઆ (વાઈ) જેવી સમસ્યા તથા સાયટિકા, કબજિયાત અને મસા જેવા દરદો જોવા મળે છે.



ઉપર જણાવેલ વાયુ વધવાથી થતી સમસ્યાઓમાં નીચે જણાવેલ વાયુવર્ધક પદાર્થો આહારમાંથી ત્યાગવા જેમાં બાજરી, મકાઈ, નાચણી (રાગી), કોદરી જેવા ધાન્ય, ચણા, તુવેર, મઠ, વાલ, વટાણા અને ચોળા જેવા કઠોળ, કારેલા, કોબી, ગુવાર, તુરિયા, પાલખ, બટાકા અને ભીંડા જેવા શાક તથા જાંબુ, ફણસ, કાચી કેરી, પાકુ પપૈયુ, પાકા બીલી, સીતાફળ, કોકમ, મગફળીનું તેલ અને વિશેષ કરીને વધુ પડતાં તળેલા અને તીખા પદાર્થો મુખ્ય છે.

હવે, પિત્ત વધવાથી થતી અસરો મુજબ જો મોઢું ખાટુ કે કડવું રહે, પેટ કે છાતીમાં બળતરા થાય, મૂત્રમાર્ગે દાહ થાય, વધુ પડતો પીળો પેશાબ આવે, આંખે અંધારા, ચક્કર તથા સુસ્તી અને આળસ વધે એવા લક્ષણો દેખાય, વાળ અકાળે સફેદ થવા માંડે. જીભ અને ગલોફામાં વારંવાર ચાંદા પડે, એસીડીટી, ઊલટી વારંવાર થતી હોય, આંતરડામાં ચાંદા પડે. મસામાંથી લોહી પડે. વારંવાર નસકોરી ફૂટે તો તુરંત પિત્ત વધે એવો ખોરાક ત્યાગી દેવો.

પિત્ત વધારે એવા પદાર્થોની સૂચિમાં બ્રેડ, ઢોકળા, હાંડવો, ઈડલી જેવા તમામ આથાવાળા પદાર્થો અગ્રેસર છે. આ ઉપરાંત ટામેટા, રીંગણ, રતાળુ, મોગરી, સૂરણ, મૂળા, મેથીની ભાજી, ગાજર, પાઈનેપલ, કીવી તથા ધાન્યમાં બાજરી, મકાઈ અને નવા ચોખા અને કઠોળમાં અડદ, ચોળા અને વાલ શરીરમાં પિત્તનો પ્રકોપ કરે છે. વિશેષ કરીને અજમો, આદુ, તુલસી, મરી, તજ, જેવાં ગરમ મસાલા પણ પિત્તનો પ્રકોપ કરે છે. વિશેષ કરીને લાલ અને લીલુ મરચું, લસણ, રાઈ અને હિંગ જેવા ઉષ્ણ પદાર્થો પિત્ત વધવાના કેટલાક કારણોમાંનું એક મહત્ત્વનું કારણ છે. સરસિયાનું તેલ અને જૂનું મધ પણ પિત્તજન્ય સમસ્યાઓ કરતા હોઈ ત્યાગવા યોગ્ય છે.

કફ દોષ વધવાથી વધુ પડતી ઊંઘ, શરીર ભારે લાગવું, આળસ વધવી, અવાજ ખોખરો થવો, વારંવાર શરીર ઠંડુ પડી જવું અને ઝાડો તથા પેશાબ સફેદ રંગના આવે એવા લક્ષણો દેખાય છે. વળી, કફનું પ્રમાણ શરીરમાં વધતાં ત્વચા પરની ખંજવાળ, ગૂમડા, ફોડલી જેવી સમસ્યા થઈ આવે છે. આ ઉપરાંત શરદી, સાયનસ, હાઈ કોલેસ્ટેરોલ, મેદસ્વીતા અને ડાયાબીટીસ જેવી સમસ્યાઓને પણ કફના વધવા સાથે સંબંધ છે.

**ખસ-ખસ, તલ, અંજીર, ચારોળી અને પિસ્તા જેવો સૂકો મેવો પણ કફવર્ધક હોઇ કફજન્ય સમસ્યામાં ત્યાગવા લાયક છે**

|| અનુસંધાન પાના નં.૦૮ પર



### તમને ઈન્સ્ટામાં ગ્લાસિસના આઈકોનવાળા લાઈવ વીડિયો દેખાવા લાગ્યા?

# નવલી નવરાત્રિ, સ્માર્ટ ગ્લાસિસવાલી!

*સમય સાથે આપણા તહેવારો, ખાસ કરીને નવરાત્રિ જેવા યંગ જનરેશનના ફેવરિટ તહેવારોની ઉજવણીની સ્ટાઈલ બદલાય એ સ્વાભાવિક છે. અગાઉ શેરીઓમાં કે કોમન ગ્રાઉન્ડમાં થોડી ઘણી રોશનીના ઝાંખા અજવાળે ઉજવાતી નવરાત્રિમાં જબરી ઝાકઝમાળ ઉમેરાઈ છે. હવે ફરી પરંપરાગત ગરબાનો મહિમા પણ વધી રહ્યો છે, પણ આ વખતની નવરાત્રિ હજી આગલા જ વર્ષ કરતાં ઘણી અલગ છે.*

*આ વખતે ખેલૈયાઓએ રાસ-ગરબે રમતાં ફોટો-વીડિયો કેપ્ચર કરવા માટે દાંડિયા બાજુએ મૂકીને હાથમાં સ્માર્ટફોન લેવાની જરૂર રહી નથી. આંખે સ્માર્ટ ગ્લાસિસ હોય એ પૂરતું છે. મેટાના સ્માર્ટ ગ્લાસિસ ઓફિશિયલી ભારતમાં ગયા વર્ષે મે મહિનામાં લોન્ચ થઈ ગયા, પણ ડિલિવરી પ્રમાણમાં મોડી શરૂ થઈ. કિંમત હજી ખાસ્સી મોંઘી છે, પણ આ નવરાત્રિએ સોશિયલ મીડિયા પર સ્માર્ટ ગ્લાસિસના 'પોઈન્ટ ઓફ વ્યૂ(પીઓવી)' દેખાવા લાગ્યા છે, ત્યારે...*

**સાદાં કમ્પ્યૂટર અને સ્માર્ટફોન પછી હવે બધી મોટી ટેક કંપનીઓ પહેરી શકાય તેવાં સ્માર્ટ ડિવાઈસની હરીફાઈમાં ઉતરી છે.**

**એ બધી કંપનીમાં મેટાએ સાવ રોજિંદાં લાગે એવાં ચશ્મામાં અનેક સ્માર્ટ ફીચર ઉમેરીને રીતસર બાજી મારી લીધી છે.**

**પરંતુ તેને કારણે પ્રાઈવસીનો ગણગણાટ પણ શરૂ થયો છે - ઘણા દેશોમાં તેના પર કામચલાઉ પ્રતિબંધ મૂકાવા લાગ્યા છે.**

## સ્માર્ટ ગ્લાસિસ સામે વિરોધ કેમ વધી રહ્યો છે?

**ફક્ત પ્રોડક્ટની રીતે જોઈએ તો વેરેબલ ડિવાઈસના મામલે મેટાએ એપલ, ગૂગલ, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓને ક્યાંય પાછળ રાખી દીધી છે, તેમ છતાં...**

ભારતમાં આપણે લોકો પોતાની પ્રાઇવસીની ખાસ ચિંતા કરતા નથી. આપણો સામાન્ય રીતે એવો જ અભિગમ હોય છે કે "કોઈ આપણા વિશે કશું જાણી લે તો આપણું શું લૂંટાઈ જવાનું છે?" એટલે જ નવરાત્રિ જેવા તહેવારો દરમિયાન લોકો બિન્ધાસ્ત રીતે આજુબાજુના ખેલૈયાઓના ફોટો-



વીડિયો કેપ્ચર કરી રહ્યા હોય એ તરફ ખેલૈયાઓ પોતે ખાસ ધ્યાન આપતા નથી. ધ્યાન આપી શકાય એવું હોતું પણ નથી!

પરંતુ હવે નવરાત્રિ જેવા તહેવારો દરમિયાન ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરવા માટે હાથમાં કેમેરા પકડવાની જરૂર પણ રહી નથી. ખમતીધર જુવાનિયા આંખે કેમેરાવાળા સ્માર્ટ ગ્લાસિસ ચડાવીને નિરાંતે આજુબાજુ જે કંઈ દેખાઈ રહ્યું હોય તેના ફોટો કે વીડિયો કેપ્ચર કરી શકે છે. સ્માર્ટ ગ્લાસિસ બાબતે મેટાએ એપલ, ગૂગલ કે માઈક્રોસોફ્ટનાં વેરેબલ્સને ક્યાંય પાછળ રાખી દીધાં છે, કેમ કે મેટાના સ્માર્ટ ગ્લાસિસ દેખાવમાં રોજિંદા ગ્લાસિસ જેવા જ છે!

ભારતમાં અત્યારે રે-બાન ઇન્ડિયાના ઓફિશિયલ સ્ટોર્સ તથા અન્ય ઓથોરાઇઝ્ડ રીટેઇલર્સ તથા વિવિધ ઓનલાઇન ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ પરથી લેટેસ્ટ જેન ૩ સીરિઝના મેટા સ્માર્ટ ગ્લાસિસ ખરીદી શકાય છે. તેની કિંમત આશરે ૪૪ હજાર રૂપિયાથી શરૂ થાય છે! પછી મોડેલ અને સ્ટાઇલ કન્ફિગરેશન મુજબ કિંમત વધતી જાય! છતાં, ઓનલાઇન સ્ટોર્સમાં માંડ ચારેક હજારમાં પણ કેમેરાવાળાં ચશ્મા મળવા લાગ્યાં છે.

છતાં, ભારતમાં કેમેરાવાળા સ્માર્ટ ગ્લાસિસ બહુ પોપ્યુલર થયા નથી એટલે તથા પ્રાઇવસી તરફ આપણા ઠંડા અભિગમને કારણે તે ખાસ ચર્ચાનો મુદ્દો બન્યા નથી. પરંતુ વિદેશોમાં તેના વિશે ખાસ્સી ચિંતા જાગી રહી છે.

### મેટા સ્માર્ટ ગ્લાસિસની ખાસિયત

મોટા ભાગે આપણે સ્માર્ટ ગ્લાસિસની ઇમેજમાં તેમાં ગોગલ્સ જેવા ડાર્ક કલરના ગ્લાસ હોવાનું જોઇએ છીએ. વાસ્તવમાં, આપણાં સાદાં ચશ્માની જેમ જ સ્માર્ટ ગ્લાસિસમાં પણ નંબરવાળા પ્લેઇન ગ્લાસ પણ ફીટ કરી શકાય છે. આથી સ્માર્ટ ગ્લાસિસના ગ્લાસ સાદાં ચશ્માની જેમ જ બિલકુલ પ્લેઇન, ટ્રાન્સપરન્ટ અને ક્લિયર ગ્લાસ પણ હોઈ શકે છે. તેમાં ફ્રેમ ડિઝાઇનના પણ અઢળક ઓપ્શન મળે છે. આ જ વાત મેટાના સ્માર્ટ ગ્લાસિસની મુખ્ય ખાસિયત છે.

પરંતુ તેને કારણે, આપણી આસપાસ ચશ્મા પહેરીને



ફરતી વ્યક્તિઓમાં કોની આંખે સાદાં ચશ્મા છે અને કોની આંખે સ્માર્ટ ગ્લાસ એ પારખવું ઘણું મુશ્કેલ છે!

સાદાં ચશ્મા અને આવા સ્માર્ટ ગ્લાસિસમાં દેખીતો ફેર ફક્ત એટલો કે સ્માર્ટ ગ્લાસિસમાં ફ્રેમ પર ખૂણે કેમેરા અને સેન્સરનાં સર્કલ્સ જોવા મળે છે. તેના એક ખૂણે ૧૨ મેગા પિક્સેલનો અલ્ટ્રાવાઇડ કેમેરા લેન્સ હોય છે અને બીજા ખૂણે એલઇડી લાઇટ હોય છે.

### જુદા જુદા દેશોમાં વિરોધ વધી રહ્યો છે

હમણાં નોર્વેમાં સરકારે કેટલાંક જાહેર સ્થળોએ એઆઇ સ્માર્ટ ગ્લાસિસ પહેરવા પર કામચલાઉ પ્રતિબંધ મૂક્યો છે. ઓસ્ટ્રેલિયા, યુકે તથા યુએસમાં પણ આ રીતે સ્માર્ટ ગ્લાસિસ પર અંકુશ મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે. કેટલાક કિસ્સાઓમાં સરકારે આવાં પગલાં લીધાં છે, તો ક્યાંક અદાલતે આવાં પગલાં લેવાં પડ્યાં છે. ઓસ્ટ્રેલિયામાં ગર્વમેન્ટ ઓફિસિસમાં પ્રાઇવસી અને સિક્યોરિટીની ચિંતાઓને કારણે વર્ક પ્લેસમાં કેમેરાવાળા સ્માર્ટ ગ્લાસિસ પર પ્રતિબંધ તોળાઈ રહ્યો છે. યુએસએમાં ન્યૂયોર્કમાં કોર્ટ રૂમમાં કેમેરા, માઇક્રોફોન કે ઓડિયો કે વીડિયો કેપ્ચર કરી શકે તેવા કોઇ પણ પ્રકારના આઇવેર પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

યુરોપમાં ફ્રાન્સ અને નેધરલેન્ડમાં પણ સ્માર્ટ ગ્લાસિસમાં વિરોધ તેજ થઈ રહ્યો છે.

મેટા કંપની આ બધા પ્રતિબંધ કે વિરોધ સામે એક જ દલીલ કરી રહી છે - તેના સ્માર્ટ ગ્લાસમાં ઇમેજ/વીડિયો કેપ્ચર થઈ રહ્યાં છે, એવું દર્શાવતી એલઇડી લાઇટ છે, એ લોકોની પ્રાઇવસી જાળવવા માટે પૂરતી છે. જોકે સરકારોને લાગે છે કે આટલી જોગવાઈ પૂરતી નથી.

## આ છે સ્માર્ટ ગ્લાસિસની ખૂબીઓ કે જોખમો

**આંખ પરનાં ચશ્મામાં જ કેમેરા, સ્પીકર, ડિસ્પ્લે સ્ક્રીન, એઆઇ... મેટાના સ્માર્ટ ગ્લાસિસમાં એટલું બધું છે કે તે પહેર્યા હોય તો સ્માર્ટફોન હાથમાં લેવાની જરૂર રહેતી નથી.**

### ઈન્સ્ટન્ટ ફોટો-વીડિયો કેપ્ચર



આંખ પર મેટા સ્માર્ટ ગ્લાસિસ પહેરેલી વ્યક્તિ બહુ સહેલાઈથી તેને જે કંઈ દેખાઈ રહ્યું હોય તેના ફોટો કે વીડિયો કેપ્ચર કરી શકે છે. એ માટે બે રસ્તા છે :

**(૧) ફિઝિકલ બટનઃ** સ્માર્ટ ગ્લાસમાં જમણી તરફ એક નાનું બટન હોય છે, તેને પ્રેસ કરીને ફોટોગ્રાફ લઈ શકાય. જો આ બટન જરા લાંબો સમય પ્રેસ કરી રાખવામાં આવે તો એક હળવો 'બિપ' સાઉન્ડ આવે છે અને વીડિયો કેપ્ચર થવાનું શરૂ થાય છે. આ જ ફિઝિકલ બટન ફરી દબાવીને વીડિયો કેપ્ચરિંગ સ્ટોપ કરી શકાય છે.

**(૨) વોઇસ કમાન્ડઃ** સ્માર્ટ ગ્લાસમાં વોઇસ કમાન્ડથી પણ ફોટો કે વીડિયો કેપ્ચર કરી શકાય છે. સ્માર્ટ ગ્લાસિસ ધારકે હળવેથી ફક્ત એટલું જ બોલવાનું છે, "હેય મેટા, ટેક અ ફોટો".

વીડિયો કેપ્ચર કરવા બાબતે થોડા વધુ કંટ્રોલ મળે છે. જેમ કે "હેય મેટા, ટેક અ વીડિયો" અથવા "હેય મેટા, ટેક અ 'થ્રીકે વીડિયો', 'સ્લોમો' અથવા 'હાઇપરલેપ્સ'." આવા વોઇસ કમાન્ડથી સ્માર્ટ ગ્લાસ જે તે પ્રકારના વીડિયો લેવાનું શરૂ કરે છે. કેટલાક સ્માર્ટ ગ્લાસમાં વોઇસ કમાન્ડથી ઝૂમ કંટ્રોલ પણ મળે છે.

અલબત્ત, જ્યારે સ્માર્ટ ગ્લાસના કેમેરા એક્ટિવ હોય ત્યારે ફ્રેમમાં એક નાની એલઇડી લાઇટ ઓન થાય છે, જેથી આસપાસની વ્યક્તિ જાણી શકે છે કે સામે સીધાંસાદાં લાગતાં ચશ્મા પહેરેલી વ્યક્તિ પોતાના સ્માર્ટ ગ્લાસથી ફોટો-વીડિયો કેપ્ચર કરી રહી છે.

સ્માર્ટ ગ્લાસ સાથે કનેક્ટેડ મેટા એઆઇ મોબાઇલ એપમાં સ્માર્ટ ગ્લાસના કેમેરાનાં વિવિધ સેટિંગ કરી શકાય છે.

### ઈન્સ્ટન્ટ ક્લાઉડ સ્ટોરેજ




મેટા સ્માર્ટ ગ્લાસની ખાસિયત એ છે કે તેમાં ચશ્માની ફ્રેમમાં જ ગોઠવાયેલા કેમેરાથી બહુ સહેલાઈથી ફોટોગ્રાફ અને વીડિયો લઈ શકાય છે. આ બધું ત્રણ જગ્યાએ સ્ટોર થઈ શકે છે.

**(૧) ગ્લાસમાંઃ** બધા ફોટો-વીડિયો સ્માર્ટ ગ્લાસની ટેમ્પરરી સ્ટોરેજમાં સચવાઈ રહે છે (અમુક રે-બાન મેટા સ્માર્ટ ગ્લાસ મોડેલમાં ૩૨ જીબી સુધીની ઈન્ટરનલ સ્ટોરેજ મળી શકે છે).

**(૨) ફોનમાંઃ** સ્માર્ટ ગ્લાસ સાથે કનેક્ટેડ સ્માર્ટફોનમાંની ફોટો ગેલેરી એપમાં. ફોનમાંની ગેલેરી એપમાં મેટા એઆઇ એપ દ્વારા ફોટો-વીડિયો પહોંચે છે. સ્માર્ટ ગ્લાસ ધારક ઇચ્છે તો સ્માર્ટ ગ્લાસમાંથી મેન્યુઅલી ફોટો-વીડિયો ફોનમાં ટ્રાન્સફર કરી શકે છે અથવા તે બ્લુટૂથ કે વાઇ-ફાઇની મદદથી ઓટો ટ્રાન્સફર થતા રહે એવું સેટિંગ થઈ શકે છે. ફોટો-વીડિયો ફોનમાં પહોંચી ગયા પછી સ્માર્ટ ગ્લાસમાં સ્પેસ બચાવવા માટે ગ્લાસિસમાંથી તે આપોઆપ ડિલીટ થાય છે.

**(૩) ક્લાઉડમાંઃ** ફોટો-વીડિયો મેટા એપમાંથી આઇફોનમાં એપલ ફોટોઝ એપમાં, એન્ડ્રોઇડમાં ગેલેરી કે ગૂગલ ફોટોઝમાં અલગ 'મેટા' ફોલ્ડર નામથી સ્ટોર થાય છે. અહીંથી આપણા સેટિંગ મુજબ આ બધું આપણા એપલ કે ગૂગલ એકાઉન્ટમાં ક્લાઉડમાં આપોઆપ સ્ટોર થઈ શકે છે.

જો સ્માર્ટ ગ્લાસિસ ધારકે મેટા એઆઇ મોબાઇલ એપમાં ક્લાઉડ મીડિયા ઓપ્શન ઈનેબલ કર્યો હોય તો તે આપોઆપ મેટાના સર્વરમાં બેકઅપ થઈને ત્યાં સ્ટોર થઈ શકે છે.અલબત્ત અહીં તે ૩૦ દિવસ સુધી સચવાય છે.

મુદ્દો એ છે કે સ્માર્ટ ફોન કે અન્ય કેમેરાની જેમ જ મેટા સ્માર્ટ ગ્લાસિસથી કેપ્ચર થયેલા ફોટો કે વીડિયો ગણતરીની પળોમાં ક્લાઉડમાં પહોંચી શકે છે.

### ઈન્સ્ટન્ટ શેરિંગ




સ્માર્ટ ગ્લાસિસની ખૂબી ગણો તો ખૂબી અને જોખમ ગણો તો જોખમ એ છે કે તેમાં ફોટો-વીડિયોનું ઈન્સ્ટન્ટ શેરિંગ થઈ શકે છે - એ કેપ્ચર થાય એ જ ક્ષણે. સ્માર્ટફોનથી થતી ફોટોગ્રાફીથી આ બિલકુલ અલગ નથી.

**(૧) વીડિયો કોલમાં રિઅલ ટાઇમ શેરિંગઃ** સ્માર્ટ ગ્લાસ પહેરનારી વ્યક્તિ પોતાના સ્માર્ટ ગ્લાસમાં વીડિયો કેપ્ચર કરવાનું શરૂ કર્યા પછી સ્માર્ટ ગ્લાસની મદદથી તેને જે કંઈ દેખાઈ રહ્યું હોય તેની રિઅલ ટાઇમ 'પોઇન્ટ ઓફ વ્યૂ (પીઓવી) કેમેરા ફીડ વોટ્સએપ, મેસેન્જર કે ઈન્સ્ટાગ્રામ વીડિયો કોલ પર શેર કરી શકે છે. તમે કદાચ ઈન્સ્ટા પર આવા વીડિયો જોવા લાગ્યા હશો, તેમાં લાઇવ સ્ટેટસ સાથે ગ્લાસિસનો ટચૂકડો આઇકન પણ જોવા મળે છે.

**(૨) ઈન્સ્ટાગ્રામ પર લાઇવ સ્ટોરી સ્વરૂપે શેરિંગઃ** સ્માર્ટ ગ્લાસ પહેરનારી વ્યક્તિ ફોટો-વીડિયો કેપ્ચર કર્યા પછી "હેય મેટા, શેર માય લાસ્ટ વીડિયો ટુ માય ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ" એવો કમાન્ડ આપીને પોતાનો ફોન હાથમાં લીધા ડાયરેક્ટ સ્માર્ટ ગ્લાસમાંથી ઈન્સ્ટાગ્રામ પર કન્ટેન્ટ પોસ્ટ કરી શકે છે. શરત માત્ર એટલી કે તમારાં એકાઉન્ટ મેટા એઆઇ એપ સાથે કનેક્ટેડ હોવાં જોઇએ.

**(૩) વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામમાં ફટાફટ શેરિંગઃ** સ્માર્ટ ગ્લાસ પહેરનારી વ્યક્તિ "સેન્ડ એ પિક્ચર ટુ (કોન્ટેક્ટ નેમ)" જેવો કમાન્ડ આપીને વોટ્સએપ કે મેસેન્જર પર ઇમેજ કે વીડિયો મેસેજ તરીકે મોકલી શકે છે.

**(૪) ફોનમાંથી રાબેતા મુજબ ગમે ત્યાં શેરિંગઃ** સ્માર્ટ ગ્લાસથી કેપ્ચર કરેલ ફોટો કે વીડિયો ફોનમાં પહોંચે તે પછી, રાબેતા મુજબ તેને ક્યાંય પણ શેર કરી શકાય છે.

### ભારતમાં પણ કેટલાકને એફબી ઓપન કરતાં ફુલસ્ક્રીન વીડિયો દેખાવા લાગ્યા

# હવે ફેસબુકમાં પણ વીડિયો જ હીરો બનશે



અત્યારે આપણે પોતાના સ્માર્ટફોનમાં ફેસબુક એપ ઓપન કરીએ તો વર્ષોથી જે જોવા મળે છે એ જ જોવા મળે - ટેક્સ્ટ/ફોટોથી ખીચોખીચ ન્યૂઝ ફીડ. ફેસબુકે પોતાની આ ઓળખ વર્ષોથી જાળવી રાખી છે. હવે ભારતમાં કેટલાય યૂઝરને ફેસબુક ઓપન કરતાં નવું કંઈક જોવા મળી રહ્યું છે - ફુલસ્ક્રીન વીડિયો!

ફેસબુકે પોતાનું નામ બદલીને મેટા કર્યું નહોતું એ પહેલાં, ફેસબુક કંપની તરીકે એપ્રિલ ૨૦૧૨માં આશરે એક અબજ ડોલર ચૂકવીને ઈન્સ્ટાગ્રામ સર્વિસ ખરીદી હતી. ત્યારથી આજ સુધી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામનું ફોકસ અલગ અલગ રહ્યું છે. ફેસબુક પર વધુને વધુ પ્રમાણમાં લખાણ સાથે ચર્ચા થાય, લોકો તેમાં ફોટોઝ કે વીડિયો શેર કરે, પરંતુ વધુ મહિમા શબ્દોનો. જ્યારે ઈન્સ્ટાગ્રામમાં ઘણું ખરું ફોકસ ઇમેજ અને વીડિયો પર છે. ક્યારેક તો એટલું બધું કે આપણે ઇમેજ કે વીડિયો જોતા હોઇએ ત્યારે એ કોણે શેર કર્યું છે એ તરફ આપણું ખાસ ધ્યાન પણ ન જાય.

આ રીતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની અલગ અલગ ઓળખ જાળવી રાખ્યા પછી હવે ફેસબુક તેનું ફોકસ બદલી રહી છે. કારણ કદાચ છે સમગ્ર વિશ્વમાં વધતી ટિકટોકની લોકપ્રિયતા. ટિકટોક પર ઈન્સ્ટાગ્રામની જેમ શોર્ટ વીડિયોની ભરમાર છે અને તેનો સતત વધતો ઉપયોગ હવે ફેસબુકને નડી રહ્યો છે. એ જ કારણે લાંબા સમયથી ફેસબુકમાં ટિકટોક અને ઈન્સ્ટાગ્રામની જેમ રીલ્સ બતાવવાનું પ્રમાણ વધી રહ્યું હતું.

હવે ફેસબુક 'વીડિયો-ફર્સ્ટ પ્લેટફોર્મ' જેવાં જ રંગરૂપ ધારણ કરે એવી પૂરી શક્યતા છે. એ કારણે હવે આપણે ફેસબુક એપ ઓપન કરીશું ત્યારે હાલની જેમ ટેક્સ્ટ હેવી ન્યૂઝ ફીડની જગ્યાએ ફૂલ સ્ક્રીન વીડિયો જોવા મળે તેવી શક્યતા છે. અલબત્ત અત્યારે ફક્ત અમુક યૂઝર્સ સાથે આ નવા ઈન્ટરફેસની અજમાયશ કરવામાં આવી રહી છે. તેનાં પરિણામોને આધારે તે તમામ યૂઝર્સ માટે રોલઆઉટ થશે કે નહીં તે નક્કી થશે. હાલના પ્રયોગ દરમિયાન પણ યૂઝર્સને નવો વીડિયો-હેવી લેઆઉટ બદલીને જૂનો 'ફીડ-ફર્સ્ટ એક્સપિરિયન્સ' પસંદ કરવાનો ઓપ્શન આપવામાં આવી રહ્યો છે. પ્રયોગ દરમિયાન કેટલા યૂઝર નવા લેઆઉટને બદલે જૂનો લેઆઉટ ચાલુ રાખવાનું પસંદ કરે છે તેના આધારે પણ આ ફેરફાર બધા યૂઝર્સ માટે લાગુ કરવો કે નહીં તે નક્કી થશે. એવી પણ પૂરી શક્યતા છે કે નવો લેઆઉટ બધા યૂઝરને આપવામાં આવે તો પણ તેમને પણ જૂનો ટેક્સ્ટ-હેવી લેઆઉટ પસંદ કરવાની તક મળશે. એવી પણ શક્યતા છે કે ફેસબુક પર અપલોડ થતા બધા વીડિયોને તેમની લેન્થ કે ફોર્મેટને ધ્યાનમાં રાખ્યા વિના રીલ્સ તરીકે ટ્રીટ કરવામાં આવશે અને એ જ રીતે શેર કરવામાં આવશે.

ભારતમાં અત્યારે મેટાના ત્રણેય પ્લેટફોર્મ - ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ - પર વીડિયો ફોર્મેટ વધુમાં વધુ જોવાઈ રહ્યું છે એ ધ્યાનમાં રાખીને તથા ભારતમાં યુટ્યૂબ શોર્ટ્સ તરફથી મળતી હરીફાઈનો સામનો કરવા મેટા ફેસબુકમાં પણ વીડિયોને હીરો બનાવશે!

### એક ખાસ પહેલ, આપને માટે!

SHREYARTH UNIVERSITY શ્રેયસ્કરં જ્ઞાનમ્

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

**ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઈનામ મેળવો!**

**પ્રશ્ન-૧. રે-બાન મેટા સ્માર્ટ ગ્લાસિસનું લેટેસ્ટ વર્ઝન નીચેનામાંથી કયું છે?** (૧) જેન ૩ (૨) જેન ૫ (૩) જેન ૮

**પ્રશ્ન-૨. સ્માર્ટ ગ્લાસિસમાં ફોટો-વીડિયો કેપ્ચર થાય છે એવી સામેની વ્યક્તિને કઈ રીતે જાણ થાય?** (૧) ફ્રેમમાં બીપ સાઉન્ડથી (૨) ફ્રેમમાં એલઇડી લાઇટથી (૩) ગ્લાસિસમાં લાઇટ ફ્લેશથી

**પ્રશ્ન-૩. એમેઝોનનાં જૂનાં ટેબલેટની રેન્જનું નામ શું હતું?** (૧) વોટર (૨) ફાયર (૩) આઇસ

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

**તા. ૦૭-૧૦-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ**

રાઠોડ સેજલ કિરણકુમાર, ભરત કજરીયા, મેહુલકુમાર ભાલુ

**તા. ૦૭-૧૦-૨૦૨૬ ક્વિઝના જવાબો**

પ્રશ્ન-૧. ગૂગલ એપમાં 'ડિસ્કવર' ફીડમાં શું બતાવવામાં આવે છે?
- આપણને રસ પડી શકે તેવા વેબ આર્ટિકલ, ન્યૂઝ, વીડિયો

પ્રશ્ન-૨. કોઈ એપ માટે 'બેટરી ઓપ્ટિમાઇઝ્ડ' વિકલ્પ પસંદ કરવાથી શું થાય? - એ એપ બેટરીનો જરૂર પૂરતો જ ઉપયોગ કરી શકે

પ્રશ્ન-૩. નોકિયા કંપની મૂળ કયા દેશની છે? - ફિનલેન્ડ

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.



ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

**ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...**

## એમેઝોને ફરી ટેબલેટ લોન્ચ કર્યાં, આ વખતે ફોકસ એન્ડ્રોઇડ પર

એમેઝોન કંપનીને આપણે પહેલાં વિરાટ ઓનલાઇન બુકસ્ટોર અને ત્યાર પછી એથી પણ વિરાટ ઓનલાઇન શોપિંગ પ્લેટફોર્મ તરીકે વધુ ઓળખીએ છીએ. એ પછી કંપનીએ ક્લાઉડ સ્ટોરેજ મામલે પણ બહુ મોટું માર્કેટ ઊભું કર્યું છે. આ રીતે, સોફ્ટવેરની મદદથી આખી દુનિયામાં તહેલકો મચાવી દીધા પછી કંપનીએ 'કિન્ડલ રીડર' તથા 'એલેક્સા હોમ આસિસ્ટન્ટ' જેવી હાર્ડવેર પ્રોડક્ટથી પણ ખાસ્સી હલચલ મચાવી છે.

હવે કંપનીએ ટેબલેટના માર્કેટમાં પણ ઝંપલાવ્યું છે. અલબત્ત પહેલી વાર નહીં. અગાઉ કંપનીએ 'ફાયર ટેબલેટ' નામે બજેટ ટેબલેટ રજૂ કર્યાં હતાં. તેમાં એમેઝોનની પોતાની ફાયર નામની ઓપરેટિંગ સિસ્ટમ હતી. હવે તેને બાજુએ રાખીને નવા સમય મુજબ એઆઇ પર ફોકસ સાથે 'એમેઝોન એલેક્સા ટેબલેટ્સ'ની નવી રેન્જ લોન્ચ કરી છે.



એમેઝોનનાં ફાયર ટેબલેટની રેન્જ માંડ ૯-૧૦ હજાર રૂપિયામાં શરૂ થઈ જતી હતી, જ્યારે નવાં એલેક્સા ટેબલેટ સીધાં ૨૨ હજારથી શરૂ થઈને ૫૩ હજાર સુધી પહોંચે છે. કંપનીએ શરૂઆતમાં એલેક્સા ટેબલેટ ૧૨ પ્રો, એલેક્સા ટેબલેટ ૧૧ તથા એલેક્સા ટેબલેટ ૮ લોન્ચ કર્યાં છે. આ ટેબલેટ એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમ પર ચાલશે. તેમાં ગૂગલ પ્લે સ્ટોરનો પૂરો ઉપયોગ કરી શકાશે. એમેઝોનનાં જૂનાં ફાયર ટેબલેટમાં માત્ર એમેઝોનના એપ સ્ટોરનો સપોર્ટ હતો.

આ નવાં ટેબલેટને 'ડિસ્ટ્રેક્શન-ફ્રી' કિન્ડલ જેવા રીડિંગ ડિવાઇસમાં ફેરવી શકાય છે. આ ટેબલેટમાં 'પ્રો પેન' તથા પ્રો કીબોર્ડ' જેવા ઇનપૂટ ટૂલ્સનો પણ ઉપયોગ કરી શકાશે. મતલબ કે આ ટેબલેટનો લેપટોપ જેવો ઉપયોગ પણ શક્ય થશે. નામમાં જ એમેઝોન એલેક્સા છે એટલે તેમાં એમેઝોનના જનરેટિવ એઆઇ આસિસ્ટન્ટ એલેક્સા+ તથા એલેક્સા વોઇસ કમાન્ડનો ભરપૂર ઉપયોગ થશે. આ ટેબલેટની બેટરી, ફક્ત રીડિંગ કે સામાન્ય બ્રાઉઝિંગ કરવામાં આવે તો ૨૦ કલાક સુધી ચાલશે એવો દાવો કરવામાં આવે છે. અલબત્ત શરૂઆતમાં આ ટેબલેટ અમેરિકા તથા યુરોપ, એશિયાના અમુક દેશોમાં લોન્ચ થશે. ભારતમાં ક્યારે લોન્ચ થશે એ વિશે સ્પષ્ટતા નથી.

આ નવાં, પ્રોફેશનલ્સ માટેનાં ટેબલેટ્સ ઉપરાંત એમેઝોન કિડ્સ ટેબલેટ્સ પણ લોન્ચ કરવામાં આવ્યાં છે.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર : technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

# નાના પાટેકર : ભૂખ, અપમાન અને દર્દમાંથી પ્રગટેલા પ્રકોપનો પ્રભાવશાળી પ્રહાર!

**અનાવૃત**
**જય વસાવડા**

'૧૩ વર્ષની ઉંમરે, ૧૯૬૩માં મેં નોકરી કરવાનું શરૂ કર્યું. બપોરે શાળા છૂટ્યા પછી બે કિલોમીટર ચાલીને ઘરે પહોંચવાનું - ત્યાં જે પણ લુખ્ખુંસૂકું મળ્યું તે જમી લેવાનું. ફરીથી આઠેક કિલોમીટર ચાલીને કામ પર જવાનું. કામ પરથી પાછા ફરતા ક્યારેક રાતના બાર પણ વાગી જતા. સવારે ઊઠીને પાછું સ્કૂલે જવાનું. આ નોકરીના દર મહિને ૩૫ રૂપિયા અને એક સમયનું જમવાનું મળતું. આવતા-જતા રસ્તામાં સ્મશાન પાસેથી પસાર થવું પડતું. ભૂત તો ક્યારેય જોયું નહીં, પણ પેટની ભૂખ એ ભૂત કરતાંય વધુ ડરામણી હતી. આ સંજોગો મને એવા પાઠ ભણાવી રહ્યા હતા જે દુનિયાની કોઈ શાળામાં નહોતા મળતા.

મરવું તો હતું નહીં. આવનારી દરેક મુશ્કેલ પળોનો હું બિન્દાસ સામનો કરી રહ્યો હતો, મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો. રાત્રે પાછા ફરતી વખતે રસ્તો સૂમસામ અને ડરામણો રહેતો. રસ્તામાં કોઈ દારૂડિયો સામે ભટકાઈ જાય, તો હું ચાલતા ચાલતા તેની ગાળો ચૂપચાપ સાંભળી લેતો અને પછી થોડે દૂર જઈને પાછળ ફરીને તેને મા-બહેનની ગાળો આપતો. એ સમયે મારું વજન સાવ ઓછું હતું, એટલે હું સલામત અંતર રાખીને જ હિસાબ બરાબર કરતો. ક્યારેક તો રસ્તા પર પડેલા પથ્થરને પણ વગર વિચારે હું ફંગોળી દેતો. પરિણામની કોઈ બીક નહોતી. આવતીકાલનો કોઈ વિચાર જ નહોતો.

અજાણતા જ સામેવાળી વ્યક્તિનો સામનો કરવાની તાકાત મારી આંખોમાં આવી ગઈ હતી. અડધી રાત્રે ઘરે પાછા ફરતી વખતે, ફૂટપાથ પર મેકઅપ કરીને ઊભેલી સ્ત્રીઓને જોઈને મનમાં ગભરામણ અને એક અજીબ ધ્રુજારી બંને થતાં. નજર એ છોકરીઓના ચહેરા પરથી સરકીને નીચે જતી. પણ ખબર નહીં કેમ, પેટની ભૂખ સામે બીજું બધું વામણું લાગતું. બપોરના ધોમધખતા તાપમાં ચાલતી વખતે, ઉડુપી હોટલમાંથી આવતી ભોજનની સુગંધ મારા પગલાં ધીમા પાડી દેતી. એકવાર હું જરા વધુ સમય ઊભો રહી ગયો, તો અંદરથી એક છોકરાએ મારા હાથમાં બે ઈડલી મૂકી દીધી અને મેં ચીસ પાડી, 'હું ભિખારી નથી!'

ત્યાંથી નીકળ્યા પછી આગળનો રસ્તો સાવ ધૂંધળો થઈ ગયો હતો. રાત્રે ઊંઘમાં હું ખૂબ રડ્યો હતો, રજાના દિવસે પરિવાર સાથે જમવાનું થતું. બે રોટલી અને દાળ. સાથે લીલા મરચા ખાવાના. અને પછી ખૂબ બધું પાણી પીવાનું જેથી પેટ ભરાઈ જાય. તીખું ખાવાની એ ટેવ આજે પણ છૂટી નથી. દુનિયાના કોઈપણ ફૂલમાં એવી સુગંધ નથી હોતી, જેવી ગરમ રોટલીમાંથી આવે છે. તહેવારોના દિવસોમાં પડોશીના ઘરમાંથી આવતી મીઠાઈની સુગંધ મનને લલચાવતી. એ સમયે બરાબર જમવાના ટાઈમે 'કેમ છો?' કરવાના બહાને હું ઘણીવાર મારા મિત્રોના ઘરે જતો.

મારી સૌથી વહાલી મિત્ર એટલે મારી 'ભૂખ'. આ મિત્રએ મને શું નથી આપ્યું? એણે મને ડગલે ને પગલે કેટલું બધું શીખવ્યું! જીવનનું બધું જ જ્ઞાન આ ખાલી પેટે જ આપ્યું છે. મારી એકલતાની એ રાતોમાં આ એક જ મિત્ર હતી જે મારી પડખે સૂતી. ખરેખર તો હું થાકીને કંટાળીને સૂઈ જતો, પણ એ (ભૂખ) હંમેશા જાગતી રહેતી. મને ખાતરી છે કે નાસમજ ઉંમરે જેને આ (ભૂખરૂપી) પ્રેમિકા મળી ગઈ, તે પોતાના આવનારા જીવનમાં ખૂબ સુખી થશે. કોઈ બીજાને ખાતા જોઈને મેં કેટલીય વાર થૂંક ગળીને સંતોષ માન્યો છે. 'આપણે જમી રહ્યા છીએ' એવો વિચાર માત્ર એ વખતે બહુ સુખદ લાગતો. આખરે એક્ટિંગ એટલે શું? કલ્પના જ તો કરવાની ને! સંજોગો જ મને એક શ્રેષ્ઠ અભિનેતા બનાવી રહ્યા હતા.

જ્યારે ગળામાં દફ્તર ભરાવીને, ખાલી પેટે અને ઉઘાડા પગે હું ક્લાસમાં જતો, ત્યારે ગુરુજી હંમેશા 'અંગૂઠા પકડીને ઊભા રહેવાની' (કૂકડો બનવાની) સજા આપતા, એટલે મેં કાળા પાટિયા પર લખેલા સુવાક્યો ઊંધા રહીને જ વાંચ્યા છે. આ ઉંમરે પણ મને ક્યારેય કમરનો દુખાવો નથી થતો. હું એ શિક્ષકોનો આભારી છું જેમણે મને અંગૂઠા પકડતા શીખવ્યું. આંખની સૌથી નજીકનુંઅંગ કયું? જો આવો પ્રશ્ન પૂછવામાં આવે, તો લોકો સામાન્ય રીતે નાક, મોં કે કાન કહેશે. પરંતુ મારા શાળાકાળમાં મારી આંખની સૌથી નજીકનો અવયવ મારા પગના અંગૂઠા!

હું મારી ભૂખને લાડ નહોતો લડાવી શકતો. તે જાણે કંઈક ખાવાનું માંગતી રહેતી, પણ હું એને ઘાસ નાખતો નહીં. હું મારા ખાલી પેટને જુઠ્ઠું આશ્વાસન આપતો રહેતો. પછી તો એ (ભૂખ) એક અજાણી વ્યક્તિની જેમ મારી સામે જોયા કરતી અને ચૂપચાપ આંખો બંધ કરી લેતી. એનો ફાયદો એ થયો કે મારું શરીર એકદમ પાતળી સોટી જેવું થઈ ગયું. ગાલના હાડકા ઉપસી આવવાને કારણે હું બાળપણમાં અબ્રાહમ લિંકન જેવો



દેખાતો હતો. ગળા પાસેનું કંઠમણિ (એડમ્સ એપલ/હૈડિયો) કોઈ અણીદાર ટેકરીની જેમ બહાર ઉપસી આવ્યું હતું. ખાલી પેટે પાણી પીવાની એવી આદત પડી ગઈ કે કિડનીના બધા રોગો દૂર ભાગી ગયા. આંખો ઊંડી ઊતરી જવાને કારણે ચહેરા પર એક અલગ જ પ્રકારની ઉદાસી છવાઈ ગઈ હતી.

મારી આ 'ભૂખ'નો એક મિત્ર પણ હતો. એનું નામ 'અપમાન'. જ્યારે તે આવે, ત્યારે ઊંડી ગયેલી આંખોના બધા જાળા સાફ થઈ જાય. એટલે આંખો એકદમ સ્પષ્ટ થઈ ગઈ. દૂર સુધીનું લક્ષ્ય સ્પષ્ટ દેખાવા લાગ્યું. રોજના લાંબુ ચાલવાથી સ્વાસ્થ્ય પણ સુધર્યું. ઓછું ખાવાને લીધે પાચનતંત્રને પણ આરામ મળતો. આ બધાનું પરિણામ એ આવ્યું કે પડખા ઘસવા છતાં ઊંઘ સારી આવતી અને મગજ એકદમ સતર્ક રહેતું.

હું મારા આ મિત્રને જ્યાં પણ લઈ જઉં, ત્યાં મારું 'અપમાન' તો નક્કી જ હોય. શરૂઆતમાં એનાથી બહુ ડર લાગતો. પણ પછી વારંવાર મળવાથી તેની આદત પડી ગઈ. તેણે જ મને ચિંતન કરતા શીખવ્યું. ખરેખર, આ અપમાન તો સર્વવ્યાપી છે. તે કોઈપણ સ્થળે, કોઈપણ સમયે તમારી સાથે એક કરોડરજ્જુની જેમ ટટ્ટાર ઊભું જ હોય છે. દરેક જગ્યાએ બંને સમાન રીતે મારી સાથે જતાં. મેં તેમની સાથે ઘણો લાંબો સમય વિતાવ્યો છે. એકવાર તમે આ જોડી (ભૂખ અને અપમાન) સાથે તાલમેલ બેસાડી લો, પછી જાણે તમને યોગસિદ્ધિના સાક્ષાત્કાર થઈ જાય છે!

અપમાન તમને કોઈપણ પરિસ્થિતિને એક ત્રીજા દ્રષ્ટિકોણથી જોતા શીખવે છે. સવાર-સાંજ મળતા અપમાનના ઘૂંટડાને જો પાણી સાથે ગળી જવાય, તો ભૂખ પણ સંતોષાઈ જાય છે. એક બેહતરીન નશો ચઢે છે. અપમાન ગળતી વખતે શરૂઆતમાં થોડું દર્દ થાય છે, આંખોમાં આંસુ પણ આવી જાય છે. પરંતુ એકવાર તમને તેની આદત પડી જાય, પછી એક મીઠી શાંતિ અનુભવાય છે. એકવાર એ પચાવતા આવડી ગયું, પછી ચહેરા પર મીણ જેવી એક અજબ પ્રકારની ચમક ને ફ્લેક્સીબિલીટી આવી જાય છે.

દિવસો વીતતા ગયા. 'અપમાન અને ભૂખ' નામની આ યુનિવર્સિટીમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવીને હું બહાર આવ્યો. હવે દુનિયાની કોઈ પણ વસ્તુ મને હરાવી કે ડરાવી શકે તેમ નહોતી. મને ગમે તેટલી ઊંચાઈ પરથી ફેંકવામાં આવે, હું ચારેય પગ પર હેમખેમ પડતી બિલાડી જેવો બની ગયો હતો. મારા ચહેરા પર હંમેશા એક મસ્તીભર્યું, લુચ્ચું સ્મિત રમતું રહેતું. દરેકની અંદર ભૂખની આદત છુપાયેલી હોય છે,અપમાનની કોઈ જાતિ નથી હોતી. પોતાના પગ પર ઊભા રહેતા પહેલાં દરેકે કોઈ લાઈનમાં તો ઊભા રહેવું જ પડે છે, એ જ જીવનનુ તથ્ય છે.

ઉત્કૃષ્ટતા સુધી પહોંચવાના પ્રાથમિક પગથિયાં 'ભૂખ અને અપમાન' જ છે. હવે હું કિનારાની પેલે પાર પહોંચી ગયો છું. મારા આ ગુરુઓ પેલે કિનારે જ રહી ગયા છે. હવે તેઓ મારા રસ્તામાં નથી આવતા. જાણે કે મારી સાથે તેમની કોઈ ઓળખાણ જ ન હોય, એવું વર્તન કરે છે. પરંતુ, હું તેમને ક્યારેય ભૂલ્યો નથી.'

■ ■ ■

મરાઠી પ્રકાશન 'વિવેક'માં નાના ઉર્ફે વિશ્વનાથ પાટેકરે ૨૦૧૪માં લખેલા લેખનો આ ટૂંકાવીને ગુજરાતી અનુવાદ કર્યો છે. નાના પાટેકર અચ્છા સાહિત્યરસિક વાચક. સ્વાન્તઃ સુખાય લખતા પણ ખરા. કવિતાઓ પણ. છપાવવાને બદલે બધું છુપાવીને રાખતા. પણ એ માનતા જ કે ઘૂટન અને આક્રોશ જ માણસને સારો કલાકાર બનાવે. કારણ કે એની આસપાસની સ્થિતિ બાબતની કે જીવનના જખ્મો બાબતની વેદના અને ક્રોધ એ ક્યાંય થૂંકી ના શકે એટલે એ આર્ટમાં ટ્રાન્સફર કરે. અને પછી થાય એ વિસ્ફોટ હોય.

ક્રોધ. અમિતાભ કરતા કે સની દેઓલ અજય દેવગણ સલમાન વગેરે કરતા નાનાનો ક્રોધ અલગ લાગતો. એ ગુસ્સાએ જ એમને આગવી ઓળખ આપી. દરેક રોલમાં લોકો કઈ રીતે ને ક્યારે એનો જ્વાળામુખી ફાટશે એની રાહ જોતા. અંગાર હોય કે અંકુશ, વજૂદ હોય કે યશવંત, તિરંગા હોય કે ક્રાંતિવીર, પ્રહાર હોય કે અગ્નિસાક્ષી, ગુલામે મુસ્તફા હોય કે પરિન્દા, અબ તક છપ્પન હોય કે શક્તિ ધ પાવર, ટેક્સી નંબર નૌ દો ગ્યારાહ હોય કે કોહરામ... યાદી લંબાતી જશે. પણ એટેક ઓફ ૨૬/૧૧ ફિલ્મનો ક્લાઈમેક્સ યાદ કરો. જેહાદી ત્રાસવાદી અજમલ ક્સાબને મુંબઈના જોઈન્ટ સીપી તરીકે નાના જે રીતે ઘઘલાવી નાખે છે એમાં ગાળો પણ સ્વાભાવિક લાગે છે. અવાજ દરેક વખતે ઉંચો નથી થતો. પણ ઈસ્લામના નામે નિર્દોષોના જાન લેવાનું જહન્નુમ ધરતી પર થયું છે, એની વાત કરતા નાનામાં એકસાથે તમને દર્દ અને અધિકાર બેઉ દેખાશે.

નાના પાટેકરના અભિનયની સૌથી મોટી એસેટ જ આ હતી. સંજય ભણસાલીએ તાળીમાર ડાયલોગથી સ્ટાર બનેલા આ માણસને જ્યારે ખામોશી ભજવવા માટે આપી ત્યારે સંવાદો વગર પણ એ છવાઈ ગયેલો. પણ એ ધાણીફૂટ ડાયલોગ બોલે એવી ફિલ્મમાં પણ ઘણી વાર ખામોશ જ દેખાય. જાણે કોઈ યોગીની જેમ પોતાના શબ્દોની નિરર્થકતા સમજી લીધી હોય એમ. યુવાન વયે પણ અંકુશ કે સલામ બોમ્બે જુઓ તો એની આંખો યુવા ના લાગે, એકદમ અનુભવી લાગે જેણે જિંદગી ઘોળીને પી લીધી હોય! પ્રતિઘાત ફિલ્મમાં એટલે જ પાગલ પ્રૌઢનું પાત્ર પણ એ અંકુશ પછી તરત ભજવી નાખે.

કારણ કે નાનાનો ગુસ્સો કેવળ વિદ્રોહ નહોતો. કે આક્રમકતા નહોતી. એમાં ઉગ્રતા પાછળ પણ એક ઠંડું કલેજું દેખાતું. એ કાયમ પડદા પર એવો નાયક કે પ્રતિનાયક લાગે જે આસપાસના જગતને કોન્ફિડન્ટલી મુઠ્ઠીમાં રાખી નફકરાઈથી બેઠો હોય. જાણે બધું એક રીતે નકામું છે, એવો એક વૈરાગ એના આક્રોશની જોડાજોડ પેરેલલ ચાલતો હોય. એટલે એ બોલે એમાં આવેશ ઓછો ને ઓથોરિટી વધુ લાગતી! એક એવો અભિનેતા જે એના કિરદારને વજનદાર પોતાની હાજરીથી જ બનાવી દે. એ ક્રોધ કરે એમાં પણ જાણે મનોમન કેટલોય હિસાબ કરીને, પછી સ્પષ્ટ નિર્ણય લઈને પછી જ ગુસ્સો વહેતો મુક્યો હોય એવું લાગે. એક એવો માણસ જેણે અગાઉ બધું જોઈ જ લીધું છે, એટલે એને અંગત રીતે કોઈ ફરક નથી પડતો પણ છતાં એ માત્ર ભીતરનાં પુણ્યપ્રકોપને લીધે એક્શન મોડમાં છે. ને બિલકુલ ધીરગંભીર, સ્થિર અવિચળ રીતે. રાજ ઠાકરેએ નાના પાટેકરને અંજલિ આપતા એટલે જ લખ્યું કે 'નાના ભારતના મોર્ગન ફ્રીમેન હતા. એને જોઈને જ લાગે કે આ માણસે જીવનમાં ઘણું સહન કર્યું છે.'

પોતે ડિરેક્ટ કરેલી પ્રહાર ફિલ્મ બાબતે એટલે જ નાનાએ એક વાર કહેલું કે જો તમે મહાન મજબૂત હીરો બતાવો છો તો પછી એકના એક વિલન સામે એનું ઢીશૂમ ઢીશૂમ લાંબુ કેમ ચાલે. હીરોના એક કે બે ફટકામાં જ સામો ભોંયભેગો થઈ જાય એ તો હીરોગીરી છે. નાનાએ એક્શન ના કર્યું હોય ખાસ એવી ફિલ્મોમાં પણ આ 'રોલો'એનો દેખાય. હુતુતુ જુઓ,કૃષ્ણ જેવું પાત્ર ભજવેલું એ રાજનીતિ જુઓ,સ્ટ્રીટસ્માર્ટ ગાઈડ બનેલા ભોળા જીવના એવું રાજુ બન ગયા જેન્ટલમેન જુઓ,અમોલ પાલેકરનું સંગીતમય થોડા સા રૂમાની હો જાયે જુઓ...શાગીર્દ જુઓ. તિગ્માંશુ ધુલીયાએ ટ્રેનિંગ ડે પરથી બનાવેલી આ ફિલ્મમાં ડેન્ઝલ વોશિંગ્ટનવાળો રોલ નાનાને આપેલો. પણ એમાં એણે પર્સનલ ટચ જૂના હિન્દી ફિલ્મી ગીતોના શોખનો ઉમેરેલો.

> **સમય મુજબ તમારા સુખ દુખ બદલતા રહેવા જોઈએ. મતલબ, તમે જીવાતી જિંદગીના નજદીકી સંપર્કમાં રહો એ જરૂરી છે.**

નાના પાટેકરને વાંચવાનો શોખ આજીવન રહ્યો. એમની દ્રઢ માન્યતા કે સમય મુજબ તમારા સુખ દુખ બદલતા રહેવા જોઈએ. મતલબ, તમે જીવાતી જિંદગીના નજદીકી સંપર્કમાં રહો એ જરૂરી છે. મોટા સ્ટાર થયા પછી લોકો ઝાકઝમાળમાં રિયલ લાઈફથી કટ થઈ જાય છે એટલે એક્ટિંગમાં પણ જુનું જ રિપીટ કરે છે એવું નાના પાટેકરનું ઓબ્ઝેર્વેશન હતું. દોસ્ત સ્મિતા પાટીલ પુરુષ જેવું નાટક જોઈને પરાણે આજ કી આવાઝ ફિલ્મમાં અભિનય કરવા એને ખેંચીને લઈ ગઈ, ત્યારે એક બળાત્કારીનું પાત્ર જોઈને ગુસ્સામાં નાનાએ ના પાડી દીધી.

એની દલીલ હતી રોલ ભલે નાનો હોય પણ સરખી રીતે લખાયેલો તો હોવો જોઈએ ને. પછી જાતે જ એ પાત્ર ને સંવાદ લખ્યા. નેશનલ એવોર્ડ મળ્યો એ પરિંદામાં પહેલા અનિલના ભાઈનો રોલ નાના કરે ને ખલનાયક અન્ના નસીરુદ્દીન શાહ બને એમ નક્કી થયેલું. પણ અનિલે કહ્યું કે નાના મારો સગો ભાઈ કેવી રીતે લાગે? (જો કે નાનાએ રિશી કપૂરના સ્ટેપબ્રધરનો રોલ શફી ઈનામદારની 'હમ દોનો'માં કરેલો!) પછી એ રોલ જેકીએ ને અન્ના નાનાએ કર્યો એમાં આગથી ડરવાનું ને એવા લેયર્સ એમણે ઉમેરેલા જેથી ઈમ્તિયાઝ હુસેનના ધારદાર સંવાદો પડદા પર કાતિલ લાગતા વિલનની માથું કૂટવાની સાયકોગીરી એડ થતા! એમાં તો સાચુકલા બળી જતા મહિનાઓ હોસ્પિટલમાં રહેવું પડેલું.અનીસ બઝમીએ માં કસમ દઈને વેલકમમાં કોમેડી રોલ કરાવ્યો એમાં લોકોએ નાનાનો નવો અવતાર જોયો. પણ એ સફળ એટલે થયો કે નાનાએ ડોન કાર્ટૂન ના બનવા દીધો. ખોફ રાખ્યો. પણ ઈજ્જત હૈ કે કંટ્રોલ ઉદય જેવા ડાયલોગ પર કટાક્ષમય ભાર મુકવાની બારીકી સમજીને.

ક્રાંતિવીરનાં આઈકોનિક ક્લાઈમેક્સની કથા જાણીતી છે. મેહુલકુમારે ૩૫૦ જુનિયર આર્ટીસ્ટસને બોલાવી સેટ સજાવેલો પ્રતાપની ફાંસીનો. નાના હોસ્પિટલમાં. મેહુલકુમારે કહ્યું કે ચાલશે. કેન્સલ કરીશું. પણ નાનાને થયું કે આટલા જુનિયર આર્ટીસ્ટસ હાજર હોય ને હું નહિ જાઉં તો નુકસાનીમાં પ્રોડ્યુસર હોસ્પિટલભેગા થઈ જશે. ડોક્ટર સાથે પહોંચી ગયો જણ સેટ પર સીનના ડાયલોગ ત્યારે ભજવવાનું નક્કી નહોતું એટલે રેડી નહોતા તો નાનાએ કહ્યું કે ચાર કેમેરા રેડી કરો જેથી એક સીન ના આવે

|| અનુસંધાન પાના નં.૦૮ પર ▶

---

## 2026નું નોબેલ પારિતોષિક :

# ઓપ્ટોજેનેટિક્સ-પ્રકાશથી મગજને સમજવાની અને સારવારની નવી ક્રાંતિ

**ગોચર-અગોચર**
**દેવેશ મહેતા**

■ 'We discovered that a single protein could act as a light - activated switch to move ions across cell membranes, creating an electrical signal from pure light.

અમે શોધ્યું કે એક સિંગલ પ્રોટીન કોષના પટલમાં આયનોની અવરજવર કરાવવા માટે પ્રકાશથી સક્રિય થતી સ્વિચ તરીકે કામ કરી શકે છે, જે સામાન્ય પ્રકાશમાંથી વિદ્યુત સિગ્નલ ઉત્પન્ન કરે છે.'

■ 'For the first time, Optogenetics allowed us to control specific neurons with millisecond precision in freely moving animals, fundamentally changing how we study brain function.

ઓપ્ટોજેનેટિક્સે આપણને પ્રથમ વખત મુક્તપણે હરતા-ફરતા પ્રાણીઓમાં મિલિસેકન્ડની ચોકસાઈ સાથે ચોક્કસ ન્યુરોન્સને નિયંત્રિત કરવાની મંજૂરી આપી જે મગજના કાર્યોના આપણા અભ્યાસને મૂળભૂત રીતે બદલી નાંખે છે.'

■ Peter Hegemann, Georg Nagel and Karl Deisseroth (પીટર હેગેમાન, જ્યોર્જ નાગેલ એન કાર્લ ડિસેરોથ)

■ 'Optogenetics provides a steering wheel to the brain. We are no longer just passive observers of neural activity, We can now direct if with light.'

ઓપ્ટોજેનેટિક્સ મગજને એક સ્ટિયરીંગ વ્હીલ (નિયંત્રણ) પૂરું પાડે છે, હવે આપણે ન્યૂરલ પ્રવૃત્તિના માત્ર નિષ્ક્રિય અવલોકનકારો નથી રહ્યા હવે આપણે તેને પ્રકાશની મદદથી દોરી શકીએ છીએ.

■ 'To understand how the brain forms memories, feelings and behaviours has long been a dream for researchers.

મગજ કેવી રીતે યાદો, લાગણીઓ અને વર્તનને ઘડે છે તે સમજવું એ સંશોધકો માટે લાંબા સમયથી એક સ્વપ્ન રહ્યું છે.'




૫-૧૦-૨૦૨૬ના રોજ નોબલ પ્રાઇઝની ફિઝિયોલોજી ઓર મેડિસિન' માટેની નોબેલ એસેમ્બલીએ ૨૦૨૬નો નોબેલ પુરસ્કાર સંયુક્ત રીતે કાર્લ ડિસેરોથ (Karl Deisseroth), પીટર હેગેમાન (Peter Hegemann) અને જ્યોર્જ નાગેલ (Georg Nagel) ને આપવાની જાહેરાત કરી. આ ત્રણેય વિજ્ઞાનીઓએ મગજની રહસ્યમય દુનિયાને સમજવા માટે 'પ્રકાશથી નિયંત્રિત આયન ચેનલો અને ઓપ્ટોજેનેટિક્સ સંબંધિત શોધો (Light-Gated Ion Channels and Optogenetics) કરવા બદલ સન્માનિત કરાયા છે.'

આ ક્રાંતિકારી સંશોધનનું વિશેષ મહત્વ એ છે કે વિજ્ઞાનીઓએ પ્રકાશનો ઉપયોગ કરીને જીવંત મગજની ચોક્કસ નર્વ-કોષોની પ્રવૃત્તિ ચાલુ કે બંધ કરવાની રીત વિકસાવી છે જેના કારણે સ્મૃતિ, લાગણીઓ, વર્તન અને મગજની વિવિધ ન્યુરલ સર્કિટ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં એક નવા યુગની શરૂઆત થઈ છે. આ શોધને સમજવા માટે સૌ પ્રથમ એ સમજવું જરૂરી છે કે મગજ અબજો ન્યુરોન અથવા નર્વકોષોથી બનેલું અત્યંત જટિલ નેટવર્ક છે. ન્યુરોન (ચેતાકોષ) એકબીજા સાથે વિદ્યુત અને રાસાયણિક સંકેતો દ્વારા વાતચીત કરે છે. કોઈ ચોક્કસ ન્યુરોન સક્રિય થાય ત્યારે તેની ઝિલા (membrane) માં આયનોની હેરફેર થાય છે અને પરિણામે વિદ્યુત સંકેત ઉત્પન્ન થાય છે.આ સંકેતો જ આપણને જોવામાં વિચારવામાં, યાદ રાખવામાં, હલનચલન કરવામાં, ભાવનાઓ-લાગણીઓ અનુભવવામાં અને શરીરની વિવિધ ક્રિયાઓ નિયંત્રિત કરવામાં મદદ કરે છે. પરંતુ લાંબા સમય સુધી ન્યૂરોસાયન્સમાં એક મૂળભૂત સમસ્યા હતી - શરીર વિજ્ઞાનીઓ મગજના કયા ભાગમાં કઈ પ્રવૃત્તિ થાય છે તે જોઈ શક્તા હતા, પરંતુ કોઈ ચોક્કસ પ્રકારના ન્યુરોનને પોતાની પસંદગી મુજબ અત્યંત ચોક્કસ સમયે ચાલુ અથવા બંધ કરીને એને નિયંત્રિત કરી શક્તા નહોતા. ૨૦૨૬ના નોબેલ પુરસ્કારથી સન્માનિત ઓપ્ટોજેનેટિક્સે આ સમસ્યાનો ઉકેલ આપ્યો. તેનાથી તે એ સાબિત કરી શકવા સક્ષમ બન્યા કે તે ન્યુરોન ખરેખર ચોક્કસ વર્તનનું કારણ છે.

આ આખી વૈજ્ઞાનિક ક્રાંતિની શરૂઆત માનવ મગજથી નહીં પણ એક કોષી શેવાળથી થઈ. પીટર હેગેમાને Chlamydomonas reinhardtiii નામની એકકોષી શેવાળમાં રસ હતો. આ સૂક્ષ્મ જીવ પ્રકાશ તરફ તરી શકે છે. પ્રશ્ન હતો કે માત્ર એક કોષ ધરાવતી આ શેવાળ પ્રકાશની દિશા કેવી રીતે ઓળખે છે અને પ્રકાશ તરફ પોતાની ગતિ કેવી રીતે બદલે છે ? હેગેમાને આ પ્રક્રિયાની પાછળ રહેલા પ્રકાશસંવેદનશીલ અણુઓનો અભ્યાસ શરૂ કર્યો ત્યારબાદ જ્યોર્ગ નાગેલ અને અન્ય સહયોગીઓ સાથેના સંશોધનમાં એક અત્યંત મહત્વપૂર્ણ પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીનની ઓળખ થઈ જેને ચેનલરોડોપ્સિન (Channelrhodpsin) નામ આપવામાં આવ્યું. આ પ્રોટીન કોષની ઝીલામાં રહેલી એક પ્રકારની આયન ચેનલ છે.

ચેનલરોડોપ્સિનની વિશેષતા એ છે કે તેના પર ચોક્કસ તરંગ લંબાઈનો પ્રકાશ, ખાસ કરીને વાદળી રંગનો પ્રકાશ પડે ત્યારે તે ચેનલ ખૂલે છે. ચેનલ ખૂલતાં વિદ્યુત ભાર ધરાવતા આયનો કોષની અંદર પ્રવેશી શકે છે. આ આયનોની હેરફેરથી કોષની વિદ્યુત સ્થિતિ બદલાય છે અને વિદ્યુત સંકેત ઉત્પન્ન થઈ શકે છે. હેગેમાન અને નાગેલે દર્શાવ્યું કે આ પ્રોટીનને શેવાળ સિવાયના અન્ય કોષોમાં પણ મૂકવામાં આવે તો તે કોષને પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ બનાવી શકાય છે. એટલે કુદરતમાં પ્રકાશ અનુભવવા માટે શેવાળ જે અણુનો ઉપયોગ કરે છે તેને વૈજ્ઞાનિક સાધન તરીકે અન્ય કોષોમાં સ્થાનાંતરિત કરી શકાય છે.

આ જ વિચાર આગળ જઈને ઓપ્ટોજેનેટિક્સ (ઓપ્ટોજિનેટિક્સ)ની પાયાની ઈંટ બન્યો.

તે પછી કાર્લ હીસેરોથે ચેનલરોડોપ્સિન માટે જવાબદાર જનીનને નર્વ કોષોમાં દાખલ કરવાની રીતનો ઉપયોગ કર્યો. તેમણે દર્શાવ્યું કે આ પધ્ધતિથી ઉંદરના ન્યુરોનને પ્રકાશ દ્વારા ઝડપથી નિયંત્રિત કરી શકાય છે. તેમણે જીવંત ઉંદરના મગજમાં પણ આ પ્રકાશ-નિયંત્રિત ન્યુરોનલ સ્વિચ કાર્યરત કરી બતાવી. આ પદ્ધતિને જ આગળ જઈને ઓપ્ટોજેનેટિક્સ તરીકે ઓળખવામાં આવી. ઓપ્ટોજેનેટિક્સ પ્રકાશથી ચાલતી સ્વિચ તૈયાર કરે છે. હવે વિજ્ઞાનીઓ માત્ર લેઝર લાઈટ ફેંકીને મગજના ચોક્કસ ભાગને ચાલુ કે બંધ (Switch on/Off) કરી શકે છે.

આ ટેકનોલોજીના કારણે તબીબી ક્ષેત્રે અસાધ્ય ગણાતી બીમારીઓની સચોટ સારવાર શોધવાનો માર્ગ મોકળો થયો છે. તબીબી પરીક્ષણોમાં જોવા મળ્યું છે કે જે લોકો 'રેટિનાઈટિસ પિગ્મેન્ટોસા' જેવી બીમારીઓના કારણે સંપૂર્ણ અંધ થઈ ગયા હોય તેમની આંખના કોષોને આ પ્રોટીન દ્વારા પ્રકાશ-સંવેદનશીલ બનાવીને આંખોની રોશની પાછી લાવી શકાય છે. પાર્કિન્સન્સ ડિસિઝમાં દર્દીના હાથ-પગ ધ્રૂજવા લાગે છે. ઓપ્ટોજેનેટિક્સની મદદથી મગજના હલન-ચલન નિયંત્રિત કરતા ચોક્કસ ન્યુરોન્સને શોધી કાઢવામાં આવ્યા છે, જેથી ભવિષ્યમાં તેની સચોટ સારવાર થઈ શકશે. હતાશા (ડિપ્રેશન), ભારે ચિંતા (Anxiety) અને કોઈ આઘાતજનક ડરામણી યાદો (Post Traumatic Stress Disorder) પાછળ કયા ન્યુરોન્સ જવાબદાર છે તે જાણીને પ્રકાશની મદદથી તેમને શાંત કે સક્રિય કરી શકાય છે. ડ્રગ્સ કે આલ્કોહોલ જેવા વ્યસન (Addiction) ની લત માટે જવાબદાર મગજના રિવોર્ડ સર્કિટને આ પધ્ધતિ દ્વારા બ્લોક કરી શકાય છે. ભય, ચિંતા, પ્રેરણા, ખુશી આનંદ જેવી લાગણીઓ અને અન્ય વર્તન સાથે જોડાયેલી ન્યુરલ સર્કિટોનો અભ્યાસ કરી તેને નિયંત્રિત કરી શકાય છે.

> **ઓપ્ટોજેનેટિક્સની મદદથી મગજના હલન-ચલન નિયંત્રિત કરતા ચોક્કસ ન્યુરોન્સને શોધી કાઢવામાં આવ્યા છે, જેથી ભવિષ્યમાં તેની સચોટ સારવાર થઇ શકશે**

ઓપ્ટોજેનેટિક્સની શોધ મેડિકલ જગતમાં ક્રાંતિકારી પરિણામો લાવનારી સાબિત થાય એમ છે. તે ગેમ-ચેન્જર બનશે તે નક્કી છે. જ્યારે આપણે મગજ કે માનસિક રોગ માટે કોઈ દવા લઈએ છીએ ત્યારે તે દવા આખા મગજ અને શરીરના અન્ય ભાગોમાં પણ ફેલાય છે. તેનાથી આડ અસરો (Side effects) થાય છે. પરંતુ ઓપ્ટોજેનેટિક્સ પધ્ધતિ એટલી સચોટ છે કે તે સેકન્ડના હજારમા ભાગ (Millisecond) માં આખા મગજને નુકશાન પહોંચાડ્યા વગર માત્ર એક ચોક્કસ કોષ પર જ અસર કરે છે. આ જાણે આખા શહેરની વીજળી કાપવાન બદલે માત્ર એક જ રૂમનો લેમ્પ બંધ કરવા જેવું સચોટ છે. મેડિકલ સાયન્સના ક્ષેત્રે ઓપ્ટોજેનેટિક્સ વરદાન રૂપ બનશે તે નક્કી છે. સાઈકિઆટ્રિસ્ટ અને ન્યુરોસાયન્ટિસ, નોબેલ પ્રાઈઝ વિજેતા કાર્લ ડિસેરોથે એમના પુસ્તક પ્રોજેકશન્સઃ એ સ્ટોરી ઑફ હ્યુમન ઈમોશન્સ (Projections : A story of Human Emotions) માંઓપ્ટોજેનેટિક્સ અને માનવ મસ્તિષ્ક વિશે વિસ્તૃત માહિતી આપી છે.